# પરિવર્તન પામતાં ગુજરાતના આદિવાસી ગામો
## ભાતખાઈ (તા. માંડવી જિ. સુરત)


અહેવાલ લેખન

શ્રી ચંદ્રકાન્ત ઉપાધ્યાય

શ્રી ચંદ્રકાન્ત પટેલ



સંપાદન

ઠા. ભા. નાયક



આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૩૮૦૦૧૪.

287

૧૯૯૦

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| પ્રકરણ - ૧ | પ્રાસ્તાવિક, અભ્યાસ પદ્ધતિ અને વિસ્તાર પરિચય | ૧ |
| પ્રકરણ - ૨ | ચૌધરી જાતિ : ઐતિહાસિક માહિતી | ૧૪ |
| પ્રકરણ - ૩ | ભાનખાઇ - ૧૯૮૯ | ૧૭ |
| પ્રકરણ - ૪ | સર્વેક્ષિત કુટુંબોનું આર્થિક જીવન (૧૯૮૯) | ૨૯ |
| પ્રકરણ - ૫ | ચૌધરીઓના સામાજિક રીતરિવાજો, તેઓનું જાતિપંચ અને ધાર્મિક જીવન | ૫૨ |
| પ્રકરણ - ૬ | ૧૯૮૯માં ભાનખાઇના આદિવાસીઓમાં દેખાતાં પરિવર્તનો | ૬૨ |
| પ્રકરણ - ૭ | અભ્યાસ આધારિત પ્રશ્નો, તારણો અને સૂચનો | ૭૭ |


...

## પ્રસ્તાવિક અભ્યાસ પદ્ધતિ અને વિસ્તાર પરિચય

૧૯૬૯-૭૦માં આદિવાસી કેન્દ્ર તરફથી એવું નક્કી કરવામાં આવ્યું કે રાજ્યની મુખ્ય મુખ્ય આદિવાસી જાતિઓનો સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક અભ્યાસ કરવો જોઇએ અને તેમાં જે વિસ્તારમાં જે આદિવાસીની વસ્તી વધુ હોય તેને લેવી. એ મુજબ સઘન આદિવાસી વસ્તી ધરાવતા વલસાડ, સુરત, ભરૂચ, સાબરકાંઠા, બનાસકાંઠા, પંચમહાલ અને ડાંગ જિલ્લામાંથી જે તાલુકામાં એક લાખ કરતાં વધુ વસ્તીવાળી જાતિઓ હોય તે તાલુકા પસંદ કર્યા. એ રીતે ઉપરોકત સાત જિલ્લામાંથી ૫ તાલુકા પસંદ કરી ૧૧ ગામો લીધાં અને તેમાં વસતા આદિવાસી કુટુંબોની વિગતો મેળવી અભ્યાસ કર્યો હતો.

એ રીતે સુરત જિલ્લાના માંડવી તાલુકાનું 'ભાઇખાઇ' ગામ પસંદ કર્યું હતું. આદિવાસી
માત્ર આદિજાતિઓ જે ૧૯૬૯-૭૦માં
જાતિમાં મુખ્યત્વે આ ગામમાં જે અભ્યાસ હાથ ધર્યો હતો તેની વિગતો માત્ર ફાઇલ સ્વરૂપે રહી હતી તેને અહેવાલ રૂપે બહાર પાડવામાં આવ્યો ન હતો. પરંતુ આ જે વિગતો (અગિયાર ગામોની) આવી હતી તે ઘણી જ રસપ્રદ અને ઉપયોગી અને ભવિષ્ય માટે જરૂરી હતી.

૧૯૭૯-૮૦માં કેન્દ્રના નિયામક ડૉ. ઠાકોરભાઇ નાયકે એક પ્રસ્તાવ મૂકયો – એક સૂચન કર્યું કે ૧૯૬૯-૭૦માં આપણે જે જે ગામો અને તેમાં વસતાં કુટુંબોનો અભ્યાસ કર્યો હતો તેનાં તે જ કુટુંબોનો આ વર્ષે (૧૯૭૯-૮૦) અભ્યાસ કરવામાં આવે તો છેલ્લાં દસ વર્ષના સમયગાળામાં આ ગામોમાં અને તેમાં વસતા કુટુંબોમાં કેવું અને કયા કયા પાસામાં પરિવર્તન આવ્યું છે તે જાણી શકાય. આ સૂચનને આધારે ૧૯૭૯-૮૦ના વર્ષમાં આગળ દર્શાવેલ જિલ્લાના પસંદ થયેલાં ગામોમાં વસતાં કુટુંબો કે જેનો અભ્યાસ ૧૯૬૯-૭૦માં થયો હતો તેનો અભ્યાસ કરી અહેવાલો (સાયક્લો રૂપે) તૈયાર કરવામાં આવ્યા હતા.

૧૯૮૯-૯૦ના વર્ષમાં આદિવાસી જાતિઓ વિષે અને અન્ય પ્રકારના કયા અભ્યાસો કરવા જોઇએ તે અંગેની વાર્ષિક બેઠકમાં કેન્દ્રના નિયામક ડૉ. ઠાકોરભાઇ નાયકે જણાવ્યું કે આજથી ૨૦ વર્ષ પહેલાં જે ગામોનો અભ્યાસ કર્યો હતો અને તેની પુનઃતપાસ ૧૯૭૯-૮૦ના વર્ષમાં કરી હતી તેના પરથી આદિવાસીઓના સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક જીવનમાં આવેલ પરિવર્તનો જાણવા મળ્યાં હતાં.

પરંતુ હવે તો પ્રથમ અભ્યાસ અને અત્યારના સમયને (૧૯૮૯-૯૦) ખાસ્સાં ૨૦ વર્ષ વીતી ગયાં છે. આ ગાળા દરમિયાન સઘન આદિવાસી વિસ્તારમાં આદિવાસીઓ માટે 'સંકલિત આદિવાસી વિસ્તાર પેટા યોજના' અને તેવી જ રીતે સઘન આદિવાસી વિસ્તાર સિવાય અન્ય સ્થળોએ આદિવાસી લોકોનો વસવાટ છે ત્યાં બધે જ આદિવાસી ઉત્કર્ષ અને વિકાસ માટે ઘણી બધી યોજનાઓનું અમલીકરણ થઇ રહ્યું છે. આ ઉપરાંત રાજ્યમાં સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા પણ આદિવાસી વિકાસ માટે વિધવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે. આ બધાની અસર આદિવાસીઓના જીવન પર, સામાજિક જીવન પર અને સંસ્કૃતિ પર કેવી થઇ છે અને તેઓના જીવનમાં કયાં કયાં નોંધપાત્ર ફેરફારો થયા છે તે ફરી તપાસવાનો આ સમય છે. આ વાતને બધાએ સહર્ષ સ્વીકારી અને તેના ભાગરૂપ 'ભાતખાઇ' ('તા. માંડવી) ગામમાં વસતી ચૌધરી જાતિના કુટુંબોનો અભ્યાસ કરી ભાતખાઇ ગામમાં પાયાની જરૂરિયાતો અને તેમાં વસતાં કુટુંબોમાં છેલ્લા બે દાયકામાં કેવું પરિવર્તન આવ્યું છે તે બતાવવાનો પ્રયાસ આ અહેવાલમાં કર્યો છે.

તપાસનો ઉદ્દેશ:

અગાઉ જણાવ્યું તેમ ૧૯૬૯-૭૦ અને ૧૯૭૯-૮૦માં ભાતખાઇ ગામની તપાસ અને પુનઃતપાસ કરી હતી. ત્યારબાદ ૧૯૮૯-૯૦મા અભ્યાસ કરવાનું એ માટે વિચાર્યું કે રાજ્યમાં શહેરીકરણ, ઔદ્યોગિકરણ, વાહનવ્યવહાર અને સરકારી યોજનાઓ અંગેની સગવડ પ્રતિદિન વધતી જાય છે. સાથે જ વ્યક્તિ કે સમાજના વિકાસમાં અતિ મહત્વનો ભાગ શિક્ષણ ભજવે છે અને આદિવાસીઓમાં શૈક્ષણિક સ્તર સુધરે, ઊંચુ આવે તે માટે સરકારશ્રી તરફથી અનેક યોજનાઓ હાથ ધરવામાં આવે છે. તો આ બધાને લઇને (૧) ગામની પાયાની સુવિધાઓમાં થયેલ ફેરફારો (૨) આદિવાસીઓની આર્થિક, સામાજિક અને શૈક્ષણિક સ્થિતિમાં કેવા ફેરફારો થયા છે (૩) લોકોનું જીવનધોરણ ઊંચું આવ્યું છે કે નહીં અને (૪) સરકારશ્રીની યોજનાઓ નો લાભ લેવાય છે કે કેમ અને લેવાતો હોય તો કયો વગેરે જાણવાના મુખ્ય ઉદ્દેશ હતા.

તપાસ પદ્ધતિ :

ગામની તપાસ સર્વે પદ્ધતિથી હાથ ધરવામાં આવી હતી. કુટુંબ તપાસમાં ૧૯૬૯-૭૦માં ભાતખાઇ ગામમાં કુલ આદિવાસી કુટુંબોમાંથી નિયમિત અંકન પદ્ધતિથી ૫૪ કુટુંબો પસંદ થયાં હતાં. આજ કુટુંબો નો અભ્યાસ ૧૯૭૯-૮૦માં હાથ ધરવામાં આવ્યો હતો.

અહીં એક બાબતની સ્પષ્ટતા કરવાની કે આ અભ્યાસનો મુખ્ય ઉદ્દેશ જે તે કુટુંબોમાં આવેલ પરિવર્તન તપાસવાનો હતો. તેથી ૧૯૬૯-૭૦માં જે કુટુંબો લીધાં હતાં તેમાંના કેટલાંક કુટુંબોના વડાઓ ધંધાર્થે બહાર ગામ ગયા હતા તો કેટલાંક કુટુંબોમાં વડાના મૃત્યુ થયાં હતાં. આથી ૧૯૭૯-૮૦માં ૫૪ કુટુંબોમાંથી ૪૭ કુટુંબોનો સંપર્ક સાધી શકાયો હતો.

જ્યારે આ અભ્યાસ (૧૯૮૯) દરમિયાન અગાઉના સર્વેક્ષિત ૪૭ ચૌધરી આદિવાસી કુટુંબોમાંથી ૧૨ કુટુંબના વડાનાં મૃત્યુ થવાથી ૩૫ કુટુંબના વડાનો સંપર્ક સાધી શકાયો હતો. છેલ્લા બે દાયકા દરમિયાનના અભ્યાસોમાં કેટલાં કુટુંબો પસંદ થયાં હતાં તેની વિગતો નીચે છે.

૧૯૬૯, ૧૯૭૯ અને ૧૯૮૯માં સર્વેક્ષણમાં આવરી લીધેલ કુટુંબોની માહિતી

| વર્ષ | સર્વેક્ષિત કુટુંબ સંખ્યા |
|---|---|
| ૧૯૬૯ | ૫૪ |
| ૧૯૭૯ | ૪૭ |
| ૧૯૮૯ | ૩૫ |

ઉપરોક્ત ચિત્રની સ્પષ્ટતા નીચે મુજબ છે :

(૧) ૧૯૬૯માં ૫૪ કુટુંબોનો અભ્યાસ થયો હતો.

(૨) ૧૯૭૯માં ૪૭ કુટુંબોનો અભ્યાસ થયો હતો. અગાઉનાં ૫૪ કુટુંબોમાંથી ૧૯૭૯ની તપાસ વેળા ૨ કુટુંબના વડા ધંધા માટે બહારગામ ગયા હતા અને પાંચ કુટુંબના વડા મૃત્યુ પામ્યા હતા.

(૩) ૧૯૮૯માં અગાઉ સર્વેક્ષિત ૪૭ કુટુંબોમાંથી ૧૨ કુટુંબના વડાના મૃત્યુ થયાં હતાં જેટલે ૩૫ કુટુંબો નો સંપર્ક થઇ શકયો હતો.

ઉપરોક્ત પસંદ થયેલ કુટુંબોની વિગત નીચેની પ્રવિધિઓથી મેળવી હતી.

૧. અનુસૂચિ

અનુસૂચિ દ્વારા કુટુંબના સભ્યોની સામાન્ય માહિતી, જેમાં ગામ, મકાન, જાતિ વગેરેની વિગતો હતી. તેઓનું શિક્ષણ, જમીન, ઘરવખરી, આવક, ખર્ચ, દેવું, તેઓના આરોગ્યની સ્થિતિ, સરકાર તરફથી મળેલ સહાય, તેમના કુટુંબના વિકાસ માટે શી શી જરૂરિયાત છે વગેરે મુખ્ય મુખ્ય મુદ્દાને કેન્દ્રમાં રાખી માહિતી મેળવી હતી. આ બધી જ માહિતી કુટુંબના વડાનો કે કુટુંબની અન્ય કોઈ જવાબદાર સભ્યનો સંપર્ક કરી લીધી હતી.

૨. મુલાકાત :

અભ્યાસ સંબંધિ અન્ય કેટલીક જરૂરી માહિતી મુલાકાતો ગોઠવી લીધી હતી. આ મુલાકાત પ્રશાસનમાં કામ કરનાર અધિકારી, ગામના આગેવાનો તેમાં રાજકીય અને સામાજિક ક્ષેત્રે કામ કરનાર સામાજિક કાર્યકરો, સ્કૂલના શિક્ષકો વગેરેને મળી ભાતખાઈ ગામમાં મળતી પ્રાથમિક સુવિધા, ગામની પ્રાથમિક સુવિધા વધારવા માટે સરકારશ્રી કે સ્વૈચ્છિક સંસ્થાઓ તરફથી મળેલ સહાય, ગામના પ્રશ્નો, કુટુંબની આર્થિક સ્થિતિ કઈ રીતે સુધારી શકાય તે માટે આગેવાનોનાં સૂચનો વગેરે માહિતી મુલાકાતથી લીધી હતી.

૩. નિરીક્ષણ :

કુટુંબના સભ્યોમાં કોણ શું કામ કરે છે, ખેતી કામ, તેઓના રિવાજો વગેરે જાણવા માટે સહભાગી અને અસહભાગી નિરીક્ષણ કર્યું હતું.

આ ઉપરાંત ભાતખાઈ ગામ, તેનો તાલુકો માંડવી અને તેનો જિલ્લો સુરત વગેરેની કેટલીક ભૂભૌગોલિક માહિતી માટે ગ્રંથાલયનો ઉપયોગ કર્યો હતો.

વિસ્તાર પરિચય :

ક્યારેક એવું લાગે કે આ સામાજિક આર્થિક અભ્યાસ અને વિસ્તાર પરિચયની માહિતીને વળી વિસ્તાર સાથે કયો સંબંધ ? પરંતુ જ્યાં કુટુંબોનો વસવાટ છે તે વિસ્તારના વિકાસ માટે ત્યાંની ભૂગોળ અતિ મહત્વનો ભાગ ભજવે છે. જે જરીતે જ કુટુંબો વસે છે તેની આજુબાજુ ખેતી ઉદ્યોગ કે અન્ય ક્ષેત્રે વિકાસ સાધી શકાય તેમ છે કે નહીં તે પણ ભૂભૌગોલિક ચિત્ર જાણ્યા પછી જ નક્કી થઈ શકે. આમ આ કુટુંબોના વિકાસ માટે જે જ રીતે આ કુટુંબોમાં જે પરિવર્તન આવ્યું છે તેમાં ત્યાંની અને આજુબાજુની સ્થિતિએ અતિ મહત્વનો ભાગ ભજવ્યો છે. અને હજુ ભવિષ્યના આયોજન કે વિકાસ માટે આ ભૂગોળ મહત્વની માર્ગદર્શિકા બનશે તેમાં

જે મત નથી. અને તેથી ટૂંકમાં અને મહત્વની બાબતોને સાંકળી લેતી જિલ્લાની, તાલુકાની અને ભાતખાઈ ગામની કેટલીક પરિચયાત્મક માહિતી અહીં મૂકી છે.

સુરત જિલ્લો :

૧૯૪૭ સુધી સુરત જિલ્લો મુંબઈ ઇલાકાનો ભાગ હતો. અને ૧૯૬૪માં ગુજરાત સરકારે સુરત જિલ્લો ઓલપાડ, ચોર્યાસી, માંગરોલ, કામરેજ, માંડવી, બારડોલી, સોનગઢ, વ્યારા, મહુવા, પલસાણા, વાલોડ, ઉચ્છલ અને નિઝર એમ ૧૩ તાલુકાનો બનાવ્યો છે. આ ૧૩ તાલુકામાંથી સઘન આદિવાસી વસ્તીવાળા નવ તાલુકા છે. આ સિવાય અન્ય તાલુકાઓમાં પણ આદિવાસીની વસ્તી તો છે જ.

સુરત જિલ્લો દક્ષિણ ગુજરાતમાં આગવું સ્થાન ધરાવે છે. તે ગુજરાત રાજ્યની દક્ષિણે ૨૧થી ૨૩ ઉત્તર અક્ષાંસ પર અને ૭૨.૩૮થી ૭૪.૨૩ રેખાંશ પર આવેલ છે. સીમાની રીતે જોતાં ઉત્તરે ભરૂચ જિલ્લો, પશ્ચિમે અરબી સમુદ્ર, દક્ષિણે વલસાડ જિલ્લો અને પૂર્વમાં મહારાષ્ટ્ર રાજ્યના ખાનદેશ અને નાશિક જિલ્લા તથા ગુજરાતનો ડાંગ જિલ્લો આવેલ છે. એનું ક્ષેત્રફળ ૭૭૪૫ ચો.કિ.મી. છે. જે રાજ્યના કુલ વિસ્તારના ૪% થાય છે.

જિલ્લો બે વિભાગમાં વહેંચાયેલો છે. (૧) પૂર્વ તરફનો ટેકરીવાળો પ્રદેશ કે જેની દક્ષિણે સહ્યાદ્રી અને ઉત્તરે સાતપુડાની હારમાળા અને (૨) તાપી નદીના ફળદ્રુપ સપાટ મેદાન છે. જિલ્લાનું ભૂતલ પૂર્વમાં પશ્ચિમ ઘાટની પશ્ચિમ બાજુ અરબી સમુદ્ર તરફ ઢળતું મેદાન છે. તે ઉત્તરમાં તાપીની ખીણના પ્રદેશને આવરી લે છે. જિલ્લાને ઉત્તર દક્ષિણ સમાંતર એવા ત્રણ પટ્ટામાં વહેંચી શકાય (૧) કિનારની ખાર અને ખાજલી જમીન (૨)ક્યારીની જમીનનો બનેલો વચલો પટ્ટો અને (૩) પૂર્વની કાળી જમીન.

પહેલા વિભાગમાં ઓલપાડ અને ચોર્યાસી તાલુકા આવેલા છે. ત્યાં જુવાર અને ડાંગર વધુ થાય છે. આ સિવાય મોટા ભાગના તાલુકામાં કાળી જમીન કે જે ત્રીજા વિભાગમાં છે, તેમાં આવે છે. જ્યાં કપાસ, ડાંગર, કેળા અને કેરી જેવા રોકડિયા પાકો થાય છે.

જિલ્લાની તાપી અને કીમ એ બે મોટી નદીઓ છે. એ ઉપરાંત પૂર્ણા, અંબિકા અને મીંઢોળા નાની નદીઓ પણ છે.

જિલ્લાના બારડોલી, કામરેજ, ઓલપાડ અને પલસાણા તાલુકા સિવાય બાકીના બધા જ તાલુકામાં ઓછા વત્તા પ્રમાણમાં જંગલ છે. જંગલમાં મુખ્યત્વે સાગ અને વાંસ થાય છે. ઇમારતી લાકડાં, બળતણ અને કોલસા એ જંગલની મુખ્ય પેદાશ છે. જ્યારે વાંસ, આસીત્રાની બીડી માટેનાં પાન, ગુંદર, મહુડાના ફુલ અને ફળો જંગલની ગૌણ પેદાશ છે.

ઉપરોક્ત સુરત જિલ્લાની ભૌગોલિક માહિતી જોયા બાદ હવે આપણે જે વિસ્તારને ધ્યાનમાં રાખી પ્રસ્તુત અભ્યાસ કર્યો છે તે માંડવી તાલુકા વિષે જોઇશું.

## માંડવી તાલુકો :

સુરત જિલ્લાની ઉત્તરે માંડવી તાલુકો આવેલો છે. તેની પૂર્વમાં સોનગઢ તાલુકો, પશ્ચિમે કામરેજ, ઉત્તરે માંગરોળ અને દક્ષિણે બારડોલી અને વ્યારા તાલુકા આવેલા છે. તાલુકાનું મુખ્ય મથક માંડવી છે. તાલુકાની પૂર્વ પશ્ચિમ લંબાઇ ૫૦ કિ.મી. અને ઉત્તર દક્ષિણ લંબાઇ ૨૫ કિ.મી. છે. આમ લગભગ ૨૭૬ ચો.માઇલનો વિસ્તાર ધરાવતા આ તાલુકામાં ૧૪૯ ગામો છે અને ૧૯૮૧ પ્રમાણે તાલુકાની વસ્તી ૧,૩૭,૨૭ની છે.

તાલુકાના મુખ્ય મથક માંડવી પાસેથી જ તાપી નદી પસાર થાય છે. આ તાપી તાલુકાના દક્ષિણ ભાગમાં થઇ વહે છે. આ નદી પર બે મોટા બંધ છે. જેમાંનો એક માંડવી નજી કાકરાપાર પાસે અને બીજો બંધ ઉકાઇ પર છે. જેનાથી સુરત જિલ્લામાં સિંચાઇ થઇ શકે છે. આ સિવાય કાકરાપાર, ગોડધા અને લખીગામ યોજનાને લઇને તાલુકાની ખેતી ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ થઇ શકી છે.

માંડવી પાસે કાકરાપારની નહેરથી થયેલ રતનિયું તળાવ જોવા લાયક છે. તાલુકામાં સરકારી નહેર ૩૫ કિ.મી. અને પંચાયતની ૫ કિ.મી. છે. સિંચાઇ માટેના ખાનગી પાકા કૂવા ૯૯ અને કાચા ૧૮૩ કૂવા છે. ઘરવપરાશ ઉપયોગ માટેના ૧૪૩૫ કૂવા છે. તાલુકામાં ઓઇલ એન્જીન ૪૦૨ અને ઇલેક્ટ્રીક મોટર ૧૭૫ છે.

આ પ્રદેશની જમીન પથ્થારવાળી હોવાથી કઠોળ સિવાય બીજા પાકો ખાસ થતા નથી. ડાંગર, જુવાર, કોદરા વગેરે સાધારણ પ્રમાણમાં થાય છે. હવે શેરડી અને મગફળી ઉગાડવાનું ચાલુ થયું છે.

તાલુકાની પૂર્વમાં જંગલ છે. જંગલ વિસ્તાર કુલ વિસ્તારના ૨૫.૧% છે. પૂર્વના જંગલ વિસ્તારને હલકા વન કહે છે, અને સરસી વન કહે છે. જંગલમાંથી ઈમારતી લાકડું, કોલસા અને ઘાસ ખૂબ પ્રમાણમાં મળે છે. તે સિવાય તારાપોર, કરસિંડા અને ખાડાઆલા ડુંગરો આવેલા છે. તારાપોરનો ડુંગર જ મોટો છે એની ઉંચાઇ લગભગ ૩૦૦ ફુટ છે.

તાલુકામા શિક્ષણ માટેની ૧૩૧ ગામોમા ૧૯૭ પ્રાથમિક શાળાઓ, ૧૧ માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓ, ૭ ઉત્તર બુનિયાદી વિદ્યાલયો, ૭૦ લાયબ્રેરી, ૮૩ બાલવાડીઓ, ૫ આશ્રમશાળાઓ અને ૧૭ છાત્રાલયો આવેલાં છે. આમ તાલુકામાં શિક્ષણની સુવિધા સારી છે તેમ કહી શકાય.

આરોગ્ય વિષયક સેવાઓ માટે ૫ સરકારી દવાખાનાં અને ૮, ખાનગી, ૩૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને ૩ કુટુંબ નિયોજન કેન્દ્રો અને ૫ પ્રસૂતિગૃહો આવેલાં છે. એ ઉપરાંત દઢવાડા ગામે સરકારી આયુર્વેદિક તબીબી કેન્દ્ર છે.

તાલુકામા વાહનવ્યવહારની સગવડ સારી છે. તાલુકાનાં થોડા ગામોને રેલવેનો પણ લાભ મળે છે. જયારે બસ સુવિધાથી મોટા ભાગના ગામોને આવરી લીધાં છે. તાલુકા મથક રેલવે નથી. પરંતુ મુખ્ય મથકથી નજીકના બારડોલી તાલુકાનું મઢી (૧૧ માઇલ) માંગરોલ તાલુકાનું ઝંખવાવ (૧૪ માઇલ) અને ઓલપાડ તાલુકાનું કીમ (૨૮ માઇલ) એ ત્રણ મુખ્ય રેલવે સ્ટેશનો છે.

માંડવી તાલુકામાં સહકારી ક્ષેત્રે સારી એવી પ્રગતિ થઇ છે. તાલુકામાં વિવિધ પ્રકારની ૧૧૮ મંડળીઓ આવેલી છે. પ્રકારવાર મંડળીઓની સંખ્યા નીચે મુજબ હતી.

| ક્રમ | મંડળીનો પ્રકાર | સંખ્યા |
|---|---|---|
| ૧. | લેમ્પસ (વિવિધલક્ષી કાર્યકારી મંડળીઓ) | ૧૧ |
| ૨. | સેવા સહકારી મંડળીઓ | ૧૦ |
| ૩. | ખેતી વિષયક સહકારી મંડળીઓ | ૫ |
| ૪. | દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ | ૫૬ |
| ૫. | મત્સ્ય ઉદ્યોગ સહકારી મંડળીઓ | ૬ |
| ૬. | મરઘાં ઉછેર સહકારી મંડળીઓ | ૩ |

૭. સિંચાઈ સહકારી મંડળીઓ ૧

૮. જંગલ કામદાર સહકારી મંડળીઓ ૬

૯. ખેતમજૂર સહકારી મંડળીઓ ૬

૧૦. જીનીંગ પ્રોસેસીંગ સહકારી મંડળીઓ ૧

૧૧. અન્ય સહકારી મંડળીઓ ૧

કુલ ૧૧૮

તાલુકાની મોટા ભાગની વસ્તી ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલ છે અને ખેતીનો સીધો સબંધ વરસાદ અને આબોહવા સાથે રહેલો છે. વરસાદની ઋતુ જૂનથી ઓકટોબર છે. જો કે પ્રતિવર્ષ વરસાદના દિવસો એક સરખા નથી. તાલુકામાં વરસાદનું પ્રમાણ એકંદર સારું છે. નીચે છેલ્લા ૧૦ વર્ષના વરસાદના આંકડા આપ્યા છે તેનાથી વરસાદની અનિયમિતતાનો ખ્યાલ આવશે.

| ક્રમ | વર્ષ | વાર્ષિક વરસાદ |
|---|---|---|
| ૧. | ૧૯૭૯ | ૧૫૬૧ |
| ૨. | ૧૯૮૦ | ૧૦૦૯ |
| ૩. | ૧૯૮૧ | ૧૫૦૨ |
| ૪. | ૧૯૮૨ | ૯૫૯ |
| ૫. | ૧૯૮૩ | ૧૯૨૨ |
| ૬. | ૧૯૮૪ | ૧૧૮૬ |
| ૭. | ૧૯૮૫ | ૭૧૮ |
| ૮. | ૧૯૮૬ | ૯૦૭ |
| ૯. | ૧૯૮૭ | ૫૦૫ |
| ૧૦. | ૧૯૮૮ | માહિતી મળી નથી |
| ૧૧. | ૧૯૮૯ | ૬૬૧ |

**ભાતખાઇ ગામ :**

ગામનું નામ કઇ રીતે પડયું હશે તેની કોઇ લેખિત માહિતી નથી. એવું કહેવાય છે કે આ ગામની આસપાસ પહેલાં ગાઢ જંગલ હતું અને જંગલમાં વાઘ વગેરે પ્રાણીઓનો ઘણો જ ત્રાસ હતો. જંગલમાં જવું ઘણું જ મુશ્કેલ હતું. આથી ગામના વડવાઓ એવું કહેતા કે 'જો કોઇ દહાડે જંગલમાં જાય તો ભાત ખાય અને રાત્રે જાય તો વાઘ ખાય' આમ ભાત ખાય અને વાઘ ખાય પરથી 'ભાતખાઇ' એવું ગામનું નામ પડયું હોય. જો કે આ અંગે કોઇ ચોક્કસ આધાર કે પુરાવા નથી, માત્ર માન્યતા છે.

ભાતખાઇ ગામ તાલુકા મથક માંડવીથી ઉત્તર પશ્ચિમે પાંચ માઇલ દૂર આવેલું છે. ગામ પર જવા માટે માંડવીથી બટવાડા અને પીપલવાડાની બસો દિવસમાં ત્રણથી ચાર સમય મળે છે. આ ઉપરાંત ખાનગી વાહનો અવારનવાર મળ્યા જ કરે છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી ઉકાઇ જવાનો ડામર રસ્તો બન્યો હોવાથી વાહન વ્યવહારની સુવિધા ઘણી બધી વધી છે. જો કે ભાતખાઇ ગામની અંદર બસ જતી નથી. પરંતુ સામલી ફળિયા કે ભાતખાઇના પાટીયા પર ઉતરી જઇએ તો એકાદ કિ.મી.ના અંદરના ભાગોળે ગામ છે. આ બસ વ્યવહાર બારેમાસ ચાલે છે.

ગામનો કુલ વિસ્તાર ૨.૬૨ ચો.કિ.મી. (એક ચો.માઇલ) છે. પહેલાં ગામની આજુબાજુ ગીચ જંગલ હતું, છેલ્લાં થોડા વર્ષોથી જંગલ તો સાફ થઇ ગયું છે. ગામમાં કોઇ તળાવ કે નદી નથી પરંતુ ગામથી દક્ષિણ દિશામાં આશરે ત્રણેક માઇલ પર તાપી નદી આવેલી છે. જ્યાં આગળ કાકરાપાર બંધ બાંધવામાં આવ્યો છે. આનો લાભ ભાતખાઇને નથી મળતો પરંતુ લખીગામ યોજનાનો લાભ ગામની ખેતીની જમીનને મળે છે. ભાતખાઇ ગામની વચ્ચે થઇને એક ખાડી પસાર થાય છે. જેમાં માત્ર ચોમાસામાં થોડું પાણી હોય છે.

ગામની સરહદે પૂર્વમાં જોડવા, પશ્ચિમે બાડતલ, ઉત્તરે સરકુઇ અને દક્ષિણે વરેઠ ગામો આવેલાં છે. આ બધા ગામો ભાતખાઇ કરતાં મોટાં છે.

ભાતખાઇ ગામમાં જુદા જુદા છ ફળિયાં છે. જેમાં (૧) નિશાળ ફળિયું (૨) બાવડી ફળિયું (૩) ગજ્જર ફળિયું (૪) હોળી ફળિયું (૫) મોટા ફળિયા અને (૬) ગોચર ફળિયું.

ગામમા ઉપલબ્ધ સગવડો :

(૧) ગામમાં એકથી ચાર ધોરણની શાળા છે. તેનાથી આગળ અભ્યાસ માટે રૂપણ, ઘંટોલી કે માંડવી જાય છે. શાળાને પોતાનું મકાન છે. હાલમાં એક ઓરડો અને ઓસરી છે અને બાજુમાં છાપરું બનાવ્યું છે. એવું જાણવા મળ્યું છે કે બીજા ઓરડાની મંજૂરી મળી ગઇ છે. શિક્ષકો બે છે એક ભાઇ અને એક બહેન.

(૨) ગામમાં તાર કે ટપાલની સગવડ નથી. ટપાલ બાજુના ગામ સરકોઇથી આવે છે.

(૩) ગામમાં કોઇ મોટી દુકાન નથી. માત્ર એક દુકાન છે. જેમાં ચા, ખાંડ, તેલ અને બીડી મળે છે. એ પણ ઓછા જથ્થામાં. લોકો આજુબાજુના ગામો વરેઠ, દઢવાડામાંથી જરૂરી વસ્તુઓ ખરીદે છે. મોટા ભાગે માંડવીથી જ જીવન જરૂરિયાતની ચીજો ખરીદે છે.

(૪) ગામમાં પીવાના પાણી માટે સારી કહી શકાય તેવી સગવડ નથી. ગામમાં કાચાં અને પાકાં એમ બંને પ્રકારના કુવા છે. પરંતુ ઉનાળામાં પાણીની ખેંચ વર્તાય છે.

(૫) ગામમા મોટા ભાગના વિસ્તારમાં વીજળીના થાંભલા નખાઇ ગયા છે. જયાં બાકી છે ત્યાં થાંભલા નાખવાનું ચાલુ હતું. અને મોટાભાગના કુટુંબોએ પોતાને ઘેર વીજળી જોડાણ લઇ લીધું છે.

(૬) તાલુકામાં સહકારી ક્ષેત્રે સારી પ્રગતિ થઇ હોવા છતાં ગામમાં સેવા સહકારી મંડળી નથી, માત્ર દૂધ મંડળી છે.

(૭) ગામમાં પંચાયત કચેરી નથી. ગામ વરેઠ ગ્રુપ ગ્રામ પંચાયત નીચે છે. અને પંચાયતમાં સરપંચ પણ ત્યાંના જ છે. પંચાયતમાં ભાતખાઇમાંથી બે ત્રણ સભ્યો છે.

(૮) ગામમાં દળવાની ઘંટી નથી. સસ્તા અનાજની દુકાન નથી. સસ્તા અનાજ માટે તેઓને કાકરાપાર જવું પડે છે.

ગામની રચના :

ગામ જુદાં જુદાં ૬૦ ફળિયામાં વિભાજીત છે. અને તેઓનાં ઘરો પણ છૂટાં છવાયાં છે. ગામમાં વસ્તી માત્ર ચૌધરી લોકોની જ છે. આશરે ૭૫થી ૮૦ કુટુંબોનો વસવાટ છે. તેઓનાં ઘરો સામાન્ય પ્રકારનાં કહી શકાય તેવાં હતાં. કેટલાક મકાન સારાં બનાવ્યાં છે. વળી ગામમાં અમુક કુટુંબોને સરકારી સહાયથી મકાન પર મેંગ્લોરી નળિયાં નાખી આપવામાં આવ્યાં હતાં. એ રીતે રહેઠાણની સ્થિતિ કંઇક ઠીક છે.

રાજ્યમાં, સુરત જિલ્લામાં, માંડવી તાલુકામાં અને ભાતખાઇ ગામની કેટલીક આંકડાકીય માહિતી આપી છે. જેથી વધુ તુલનાત્મક સ્થિતિ જાણી શકાય.

૧. વસ્તીની માહિતી :

રાજ્ય, જિલ્લો, તાલુકો અને ગામની વસ્તી

| ક્રમ | વિગત | રાજ્ય | સુરત જિલ્લો | માંડવી તાલુકો | ભાતખાઇ |
|---|---|---|---|---|---|
| ૧. | કુલ | ૩૪૦૮૫૭૯૯ | ૨૨૯૩૨૧૧ | ૧૩૭૭૨૭ | ૪૦૨ |
| ૨. | પુરુષ | ૧૭૫૫૨૬૪૦ | ૧૨૯૫૭૦૮ | ૬૯૨૩૪ | ૨૦૯ |
| ૩. | સ્ત્રી | ૧૬૫૩૩૧૫૯ | ૧૧૯૭૫૦૩ | ૬૮૪૯૩ | ૧૯૩ |

૨. વસ્તી વધારો :

| ક્રમ | રાજ્યમાં | જિલ્લામાં | તાલુકામાં | ગામમાં |
|---|---|---|---|---|
| ૧ | ૨૭.૬૭ | ૩૯.૫૩ | ૧૫.૫૭ | ૧૪.૫૩ |

વિસ્તાર (ચો. કિ. મી. માં

| ક્રમ | વિગત | વિસ્તાર (ચો. કિ. મી.) |
|---|---|---|
| ૧. | રાજ્ય | ૧૯૬૦૨૪.૦૦ |
| ૨. | સુરત | ૭૬૫૭.૦૦ |
| ૩. | માંડવી | ૭૩૧.૧ |
| ૪. | ભાતખાઇ | ૨.૬૨ |

૪. સેક્સ રેશિયો (દર હજાર પુરુષોએ સ્ત્રીઓની સંખ્યા)

| ક્રમ | વિગત | હજાર પુરુષોએ સ્ત્રીઓ |
|---|---|---|
| ૧. | રાજ્ય | ૯૪૨ |
| ૨. | સુરત | ૯૨૪ |
| ૩. | માંડવી | ૯૮૯ |
| ૪. | ભાતખાઈ | ૯૨૩ |

૫. શિક્ષણ (ટકામાં)

| ક્રમ | વિગત | પુરુષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|---|
| ૧. | રાજ્ય | ૫૪.૪૪ | ૩૨.૩૦ | ૪૩.૭૦ |
| ૨. | સુરત | ૫૪.૯૯ | ૩૭.૭૯ | ૪૬.૭૩ |
| ૩. | માંડવી | ૪૨.૬૫ | ૨૪.૬૫ | ૩૩.૭૦ |
| ૪. | ભાતખાઈ | ૧૫.૭૯ | ૪.૬૬ | ૧૦.૪૫ |

૬. અનુસૂચિત જનજાતિની વસ્તી (ટકામાં)

| ક્રમ | વિગત | વસ્તી કુલ | પુ. | સ્ત્રી |
|---|---|---|---|---|
| ૧. | રાજ્ય | ૧૪.૨૨ | ૧૩.૯૮ | ૧૪.૪૯ |
| ૨. | સુરત | ૪૧.૬૪ | ૪૦.૩૯ | ૪૩.૦૩ |
| ૩. | માંડવી | ૭૭.૨૨ | ૭૬.૭૫ | ૭૭.૭૦ |
| ૪. | ભાતખાઈ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

કામ કરનાર અને કામ નહીં કરનારની માહિતી (૧૯૮૧ પ્રમાણે ટકામા)

| ક્રમ | વિગત | મુખ્ય કામ કરનાર | | | સિમાંત કામ કરનાર | | | કામ નહીં કરનાર | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી |
| ૧. | રાજ્ય | ૩૨.૨૩ | ૫૨.૧૯ | ૧૧.૦૩ | ૫.૦૪ | ૦.૭૨ | ૯.૬૩ | ૬૨.૭૩ | ૪૭.૦૯ | ૭૯.૩૪ |
| ૨. | સુરત | ૩૯.૬૬ | ૫૭.૬૪ | ૨૦.૧૯ | ૨.૮૯ | ૦.૩૧ | ૫.૬૮ | ૫૭.૫૪ | ૪૨.૦૫ | ૭૪.૧૩ |
| ૩. | માંડવી | ૪૧.૮૭ | ૫૯.૬૩ | ૨૩.૯૩ | ૯.૬૧ | ૦.૩૩ | ૧૮.૯૭ | ૪૮.૫૨ | ૪૦.૦૪ | ૫૭.૧૦ |
| ૪. | ભાનખાઈ | ૩૫.૩૨ | ૬૬.૯૯ | ૧.૦૪ | - | - | - | ૬૪.૬૮ | ૩૩.૦૧ | ૯૮.૯૬ |

પ્રકરણ - ૨

## ચૌધરી જાતિ : ઐતિહાસિક માહિતી

### ચૌધરી જાતિનો ઇતિહાસ :

ભારતની અનેકવિધ અનુસૂચિત જનજાતિઓમાંથી આગળ પડતી જાતિઓમાં ચૌધરીઓની ગણના થાય છે. ચૌધરી શબ્દાર્થ એક મત પ્રમાણે ચૌ એટલે ચાર અને ધરી એટલે પૃથ્વી. ચાર પૃથ્વીનો પતિ તે ચૌધરી. એવો એનો અર્થ થાય. કહેવાય છે કે તેના કબજામાં ચાર ચાર પૃથ્વીઓ હતો અને તેનું સામ્રાજય દેશ દેશાંતર વ્યાપેલું હતું.

તેઓ મૂળ કયા વંશના છે એ અંગે ભિન્ન ભિન્ન મતો પ્રવર્તે છે. તેઓના વંશ અંગે ચોક્કસ મત બાંધી શકાતો નથી. શ્રી ગુહાનુ મંતવ્ય કંઇક અંશે સત્ય લાગે છે કે આદિવાસીઓના રહેઠાણને ધ્યાનમાં રાખીને તેના ત્રણ ભાગ પાડી શકાય.

૧. ઉત્તર પૂર્વના

૨. મધ્યના

૩. દક્ષિણના

ભારતના આદિવાસીઓ મુખ્યત્વે ત્રણ જાતિના વંશજો છે. (૧) મંગોલોઇડ (૨) ઓસ્ટ્રોલોઇડ (૩) નીગ્રોઇડ. આ ત્રણે વંશના તત્વો ગુજરાતના આદિવાસીઓમાં જોવા મળે છે. પરંતુ અનેક સૈકાઓથી કાળના વહેણ દરમિયાન તેઓ વિધ વિધ જાતિઓનાં ટોળામાં વહેંચાઇ ગયા છે. પરિણામે આજે તેઓ એક બીજાથી ખાસ ભિન્ન નથી. તેથી તેઓ મૂળ કયા વંશના છે તે શોધવું અતિ મુશ્કેલ છે.

ભારત અતિ પ્રાચીન દેશ છે. તેનો ઇતિહાસ ઘણો પુરાણો છે. વેદમાં પણ આદિવાસીઓનો ઉલ્લેખ મળી આવે છે. ત્યાર પછી આર્યો સાથેના યુધ્ધમાં પણ આજ લોકો હતા એમ મનાય છે. તેઓએ પોતાની રાજય સત્તા જંગલો અને પહાડોમાં વિસ્તારી હતી. વળી ઋગવેદમાં જણાવવામાં આવ્યું છે કે આદિવાસીઓ આ દેશના મૂળ વતની છે. જયારે આર્યો હિંદમાં આવ્યા ત્યારે તેઓ અહીંના વતનીઓને અનાર્યો તરીકે કહેતા. વેદકાળમાં આર્યો પંજાબના બ્રહ્માવર્ત પ્રદેશમાં વસતા હતા અને ત્યાંથી તેઓ આગળ વધી ગંગા જમનાના પ્રદેશમાં આવ્યા હતા. તે પછી કાશી અને મગધ સુધી તેનો ફેલાવો થયો તે વખતે આર્યો પોતાના કબજાના પ્રદેશને 'આર્યાવર્ત' એવું નામ આપ્યું. એ 'આર્યાવર્ત'ની પશ્ચિમ

આપણો ગુર્જર દેશ આવેલો છે. અહીં વસ્તી આદિવાસી પ્રજા માટે 'તૈતરાય બ્રાહ્મણ' જેવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આર્યોના ત્રાસથી અનાર્યો જંગલ અને ડુંગરાઓના પ્રદેશમાં ભાગી ગયા. તેથી તેમની સંસ્કૃતિમાં વિકાસ ઓછો થયો. બંગાળમાં સંથાલ, સંયુકત પ્રાંતમાં ભાટ, પંજાબમાં ગકખર, મધ્યભારતમાં ગોંડ, દક્ષિણ ભારતમાં ટોડા અને ગુજરાત રાજસ્થાનમાં વસ્તી ભીલ જાતિ વગેરે અલ્પ પછાત જાતિઓ અનાર્યોના વંશમાંથી ઉતરી આવી છે. મધ્યકાલીન યુગમાં ઘણા રાજપૂત રાજાઓએ આ લોકોની સહાય લીધાના ઉલ્લેખો ઇતિહાસમાં જાણવા મળે છે. જેમ જેમ આર્યો ગુજરાતમાં પ્રવેશ મેળવતા ગયા તેમ તેમ અહીંના અનાર્યો ડુંગરાળ પહાડનો આશરો લેવા માંડયા. તેમ તેમ દક્ષિણ ગુજરાતમાં રાજપીપળા, ડાંગ, વાંસદા ધરમપુર વગેરે પ્રદેશોમાં ડુંગરો અને જંગલો હોવાથી તેમનાં રહેઠાણો આવી જગ્યાઓમાં થવા લાગ્યાં. આ આદિવાસીઓમાં ભીલ, ઢોડિયા, ગામીત, વારલી, કથોડિયા, નાયકા, વસાવા, કુંકણા, ચૌધરી વગેરેનો સમાવેશ થાય છે.

ચૌધરીઓ કયાંથી આવ્યા તેનો બીજો ઉલ્લેખ પણ આપણને જાણવા મળે છે. ઇ.સ. ૧૪૫૯થી ૧૫૧૩ દરમિયાન મહમદ બેગડાએ ગુજરાત પર રાજય કર્યું. તેણે જૂનાગઢમાં રાજય કરતા રાજા માંડલિકને હરાવ્યો અને જૂનાગઢ લીધું. ત્યાર પછી પાવાગઢના રાજા પતાઇ રાવલને મહાત કર્યો અને પાવાગઢ લઇ ચાંપાનેર બાંધ્યું. રાજા પતાઇ હાર્યો અને ભાગી ગયો અને તેની પ્રજા પણ ત્યાંથી ભાગી છૂટી કેમ કે મહમદ બેગડો મુસલમાન હતો. ઇસ્લામનો પ્રચાર કરતો અને લોકોને મુસલમાન બનાવતો. આ નાસી છૂટેલી પ્રજામાં ચૌધરી જાતિ હતી એમ કહેવાય છે. જયારે ભાગી છૂટયા ત્યારે આજના ચૌધરીઓ કોણ હતા એ અંગે કોઇ આધારભૂત માહિતી કે ઉલ્લેખ મળ્યા નથી. ત્યારે એ લોકો પાલખી ઉંચકવાનું કામ કરતા હતા.

પાવાગઢ પર મહમદે વિજય મેળવ્યો ત્યારે પતાઇ રાવળના પૂર્વજો ચૌધરીઓ પાવાગઢ છોડીને બીજા પ્રદેશમાં જઇ વસ્યા. તેઓ જયાં ગયા ત્યાં પણ એમના જેવી જાતિ વસ્તી હોવાનું જણાય છે. સૌ પ્રથમ આ લોકો નળધરા ગામે આવીને મુકામ કર્યો. નવસારી પ્રાંતના મહુવા તાલુકામાં નરધરા ગામ આવ્યું છે. નળધરાના ચૌધરી જૂના વખતમાં જાગીરદાર હતા. આ ઉપરથી એમ લાગે છે કે નાસી છૂટેલી આ જાતિ પ્રથમ નળધરા

ગામે આવી હશે. આજે પણ આ જાતિના કેટલાક ભાઈ બહેનો અટકમાં પાવાગઢી લખાવે છે. નવસારીથી આગળ કઈ રીતે ફેલાવો થયો તેની માહિતી મળતી નથી. બારડોલી, વાલોડ, વ્યારા અને માંડવી તાલુકામાં આ સમાજની વસ્તી વિશેષતઃ જોવા મળે છે.

ચૌધરી, નાના ચૌધરી (ચોખ્ખા) મોટા ચૌધરી (છાંટલા) વસવાઈ ચૌધરી, કરબડીયા ચૌધરી વગેરે હોય છે. જેમાં નાના અને મોટાની વસ્તી ઘટક પ્રમાણમાં જોવા મળે છે. આ બે અટક કેવી રીતે અલગ પડી તે વાત પણ જાણવા જેવી કહેવાય છે કે આ બંને લોકો પહેલાં એક હતા. બંને ભાઈઓ હતા. તેમના ઘરે કોઈ પશુ મરી ગયું. એને બંને ભાઈઓ ઢસડી ગયા, પછી ઘેર આવ્યા. બંનેએ શુદ્ધ થવા માટે એક ભાઈએ માથા ઉપર પાણીનો છંટકાવ કરી લીધો. જે છાંટલો બન્યો. જ્યારે બીજા ભાઈએ સ્નાન કર્યું. જેથી તે ચોખ્ખો ગણાયો. આ રીતે બંને ભાઈઓ વચ્ચે આડી ભીંત આવી. બંનેનાં કુટુંબો અલગ બની પોતપોતાની અટક નાના ચૌધરી (ચોખ્ખા) અલગ બની મોટા ચૌધરી (છાંટલા) રાખી. બંને અટકવાળા રોટી વ્યવહાર કરે છે, બેટી વ્યવહાર કરતા નથી. પાવાગઢિયા પોતાને સૌથી ઉચ્ચ-પોતાના સમાજના બીજાઓથી તથા બીજી આદિવાસી જાતિઓથી પણ માને છે. વસવાઈ ચૌધરીની વધુ પડતી વસ્તી જોવા મળતી નથી. વળી કહલડીઆ, વસવાઈ ચૌધરાની જ એક અટક છે. પણ એ કેવી રીતે અલગ થઈ ગઈ એ સ્પષ્ટ જાણવા મળ્યું નથી. પાવાગઢિયાની સાથે ટાડારિયા જેમ અટકો પણ જોવા મળે છે.

## પ્રકરણ - ૩

### ભાતખાઇ - ૧૯૮૯

ભાતખાઇ ગામનો કુલ ભૌગોલિક વિસ્તાર ૬૫૫.૦૯ એકર ગુંઠા છે. જેમાથી ૩૪૭.૦૫ એકર જંગલનો વિસ્તાર છે. આમ ગામના કુલ ભૌગોલિક વિસ્તાર પરનો ૫૨ ટકા વિસ્તાર જંગલ વિસ્તાર છે. આમ જંગલ વિસ્તારનું પ્રમાણ અર્ધા કરતાં વધુ વિસ્તારનુ છે. ચૌધરી જાતિનો મુખ્ય વ્યવસાય ખેતી છે. અને તેઓએ પશુપાલન, નોકરી અને છૂટક મજૂરીના વ્યવસાયો પણઅપનાવ્યા છે. અને તેઓ શિક્ષણ લઇને નોકરીઓ કરતા થયા છે.

૧૯૮૧ની વસ્તી ગણતરી પ્રમાણે ગામમા કુલ ૫૬ કુટુંબો હતાં અને ગામની વસ્તી ૪૦૨ની હતી. જેમાંથી પુરુષોની સંખ્યા ૨૦૯ની હતી અને સ્ત્રીઓની સંખ્યા ૧૯૩ની હતી. આમ સ્ત્રીઓ કરતાં પુરુષોની સંખ્યા વધારે હતી. જયારે ૧૯૭૧ની વસ્તી ગણતરી પ્રમાણે ગામમાં કુલ ૫૪ કુટુંબોની સંખ્યા હતી અને ગામની વસ્તી ૩૬૦ની હતી. આમ દાયકાની આ ગણના મુજબ ગામની કુટુંબ સંખ્યામાં ૧૧.૬૭%નો વધારો થયો હતો. એટલે કુટુંબ સંખ્યામાં ઝાઝો વધારો નોંધાયો નથી. આ દાયકાના સમય દરમિયાન ગામની વસ્તી ૩૬૦થી વધીને ૪૦૨ થઇ છે. આમ દાયકા દરમિયાન વસ્તીમાં ૪૨નો વધારો થયો હતો. એટલે કે ૧૧.૬૭%નો વધારો થયો હતો. ~~આમાં વસ્તી વધારાનો દર ઘણો ઊંચો હતો.~~ છેલ્લાં દસ વર્ષમાં ગામમાં ૩૭ જન્મ અને ૧૭ મરણ નોંધાયેલ હતાં. આગળની તપાસ સમયે કુટુંબ કદ ૬.૬નુ હતુ જે વધીને ૧૯૮૧ની વસ્તી ગણતરી મુજબ ૭.૭નું થયુ હતું એટલે ૧.૧નો વધારો નોંધાયો હતો.

ભાતખાઇ ગામમાં ચૌધરી જાતિની જ વસ્તી છે. એટલે બધા કુટુંબો ચૌધરીનાં છે. ચૌધરી છૂટાછવાયા ઘરો બાંધીને વસતા નથી. તેઓ ૧૦થી ૧૫ કુટુંબોના જૂથમાં એક સાથે વસતા જોવા મળે છે. એ રીતે ભાતખાઇ ગામમાં કુલ છ ફળિયાં છે. એક ફળિયુ વચ્ચે કોતરને લીધે જુદું પડી જવા પામ્યું છે. બીજાં સામે બાજુ પાંચ ફળિયાં છે. નિશાળ ફળિયા, હોળી ફળિયા, બાવટા ફળિયા, ગોચર ફળિયા અને મોટા ફળિયા તરીકે આ ફળિયાં ઓળખાય છે.

### ઘર :

આખા ગામમાં બધાં જ મકાન કાચાં જોવા મળે છે. એકપણ પાકું મકાન નથી. ગામમાં મોટા ભાગનાં ચૌધરી કુટુંબોનાં ઘરો વાંસ, સાગની વળીઓ અને મોભનાં બનાવેલ છે. હવે જંગલ આજુબાજુ રહ્યું નથી એટલે મોટા ભાગે ઘરો માટેનું લાકડું વેચાતું લઈ આવે છે. વાંસની કામળીની ભીંતો છાણ માટીથી લીંપે છે. ઘર ઉપરનું છાજ વિલાયતી નળિયાંનું હોય છે. કેટલાંક ઘરો પર દેશી નળિયાં જોવા મળે છે. ઘરના બાંધકામ વખતે એકબીજાના કુટુંબીજનો અરસપરસ મદદ કરે છે.

આ ઘરોને મહદંશે એક બારણું અને કોઈક જગ્યાએ નાના બાકોરા હવા ઉજાસ માટે રાખે છે. ગામના થોડાં ઘરોને બે બારણાં પણ જોવા મળ્યાં હતાં હવે કેટલાંક ઘરોમાં પાણિયારું (લાકડાનું) બનાવે છે. આર્થિક સ્થિતિ સારી ન હોય એવા ઘરોમાં ઢોર માટે ઘરમાં સગવડ કરેલી જોવા મળે છે. કેટલાક સારી આર્થિક સ્થિતિવાળા ઢોર માટે અલગ કોઢની વ્યવસ્થા કરે છે. એક ખંડમાં સુવાનું, એક ખૂણે ચૂલો રાંધવાનું રાખે છે. કેટલાક ઘરે અનાજની કોઠીઓથી અલગ ખંડ જેવું બનાવેલું જોવા મળે છે. કોઈ કોઈ ઘરે નાનાં માળિયાં જોવા મળ્યાં હતાં.

નમૂનાનાં કુટુંબોમાંથી ઘરોનું ક્ષેત્રફળ અને ઓરડાની સંખ્યા જાણવા મળી હતી. જેમાં ૨ ઓરડાવાળાં ૧૨, ૩ ઓરડાવાળાં ૧૨, ચાર ઓરડાવાળાં ૬ અને એક ઓરડાવાળાં ૫ ઘરો હતાં. આ નમૂનાનાં કુટુંબોમાં ૩૦ X ૩૦ના ક્ષેત્રફળવાળાં સૌથી વધુ ૧૧ ઘરો અને ૩૫ X ૩૫ના ક્ષેત્રફળવાળાં સૌથી ઓછાં ૩ ઘરો જોવા મળ્યાં હતાં બાકીનાં ૨૦ X ૨૦ના ક્ષેત્રફળવાળાં ૯, ૨૫ X ૨૫ના ક્ષેત્રફળવાળાં ૬ અને ૪૦ X ૪૦ના ક્ષેત્રફળવાળાં ૫ ઘરો જોવા મળ્યાં હતાં.

### ઘરવખરીનાં સાધનો :

ચૌધરીઓની ઘરવખરી ઓછી હોય છે. તેમ છતાં છેલ્લાં ઘણાં વર્ષોથી નવીન ફેરફારો થયેલા જાણવા મળ્યા હતા. તેમની આર્થિક સ્થિતિ સુધરવાને કારણે ઘરવખરીની ઘણી ચીજવસ્તુઓ તેઓના ઘરોમાં આવેલી જાણવા મળી હતી. જેમ કે ઘરવખરીનાં વાસણોમાં માટી એલ્યુમિનિયમ કે પિત્તળનાં વાસણોનો ઉપયોગ થતો હતો હવે તેમને ત્યાં સ્ટીલ અને કાચનાં વાસણો વપરાતાં જાણવા મળ્યું હતું. તેઓ દીવાબત્તીમાં ચીમની-ફાનસ રાખે છે પરંતુ હવે લાઈટનો ઉપયોગ તેમનાં ઘરોમાં વધ્યો છે. તેઓ હવે લોખંડની ખુરશી, સાયકલ અને ઘડિયાળ, રેડિયો જેવાં શોખનાં સાધનો પણ વસાવતા જાણવા મળ્યા હતા.

પહેલાં તેમના ઘરોમાં ઘરવખરીનાં સાધનો ખૂબ ઓછાં રાખતા હતા એવું જાણવા મળ્યું હતું. હવે આર્થિક સ્થિતિ સુધરવાને કારણે બહાર સંપર્ક અને શિક્ષણ વધવાને કારણે પણ કેટલાંક ઘરોમાં આ ઘરખરીનાં સાધનોમાં નવીન સાધનોનો વધારો થયેલો છે. જે કોઠા નં. ૨.૩માં જોતાં ખ્યાલ આવશે.

કોઠો નં. ૩.૧

મકાનના ક્ષેત્રફળ પ્રમાણે ઓરડાની સંખ્યા દર્શાવતો કોઠો

| ક્રમ | મકાનનું ક્ષેત્રફળ | ૪ ઓરડા | ૩ ઓરડા | ૨ ઓરડા | ૧ ઓરડો | કુલ | ટકા |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૨૦X૨૦ | - | ૨ | ૫ | ૨ | ૯ | ૨૫.૭ |
| ૨. | ૨૫X૨૫ | - | ૩ | ૨ | ૨ | ૬ | ૨૦.૦ |
| ૩. | ૩૦X૩૦ | ૩ | ૫ | ૩ | - | ૧૧ | ૩૧.૫ |
| ૪. | ૩૫X૩૫ | - | ૨ | ૧ | - | ૩ | ૮.૬ |
| ૫. | ૪૦X૪૦ | ૩ | - | ૧ | ૧ | ૫ | ૧૪.૨ |
| | કુલ | ૬ | ૧૨ | ૧૨ | ૫ | ૩૫ | ૧૦૦.૦૦ |
| | ટકા | ૧૭.૧ | ૩૪.૩ | ૩૪.૩ | ૧૪.૩ | ૧૦૦.૦૦ | |

નમૂનાના કુટુંબોમાં ઘરવખરીનાં સાધનોની સંખ્યા કોઠા નં. ૩.૨માં બતાવ્યા પ્રમાણે જાણવા મળી હતી.

કોઠો- ૩.૨

ઘરવખરીનાં સાધનો

| ક્રમ | વિગત | સંખ્યા | ક્રમ | વિગત | સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧. | તાંબા | ૪૨ | ૨. | એલ્યુમિનિયમ | ૩૧૮ |
| ૩. | પિત્તળ | ૧૭૯ | ૪. | સ્ટીલ | ૪૯૯ |
| ૫. | માટી | ૧૪૪ | ૬. | કાચ | ૧૧૬ |
| ૭. | ખાટલા | ૯૩ | ૮. | ખુરશી | ૨૫ |
| ૯. | સાયકલ | ૨૨ | ૧૦. | ઘડિયાળ | ૨૧ |
| ૧૧. | રેડિયો | ૯ | ૧૨. | માછલા જાળ | ૨ |
| ૧૩. | ચીમની | ૪૪ | ૧૪. | ટોપલા-ટોપલી | ૧૪૨ |
| ૧૫. | ઘંટી | ૧૮ | ૧૬. | પેટી | ૩૧ |

દેખાવ :

ચૌધરી સ્ત્રી-પુરુષની ઊંચાઈ સાડાચારથી સાડાપાંચ ફૂટ સુધીની છે. ચામડીએ ઘઉંવર્ણા છતાં કંઈક શ્યામ, નીચા છતાં મજબૂત કાઠીના, ગાલનાં હાડકાં ઉપસેલાં, નાક અણિયાળાં નહીં તેમજ બુઠ્ઠાં પણ નહીં એવા મધ્યમ. આંખના ગોખલા સહેજ ઊંડા, કીકી ભૂરી, કાળી, વાળ કાળા, હોઠ મધ્યમ કદના, સ્વભાવે શાંત પ્રકૃતિના છે.

પહેરવેશ :

પુરુષો પોશાકમાં બાંડિયું કે ખમીશ પહેરે છે. માથે ફાળિયું બાંધે છે અને ટુંકી પોતડી પહેરે છે. યુવાનો લાંબુ પેન્ટ, ખમીશ, બુસર્ટ પહેરે છે. ઉત્સવ કે લગ્ન જેવા પ્રસંગોએ ધોતિયું, ખમીશ, માથા પર ટોપી કે ફેંટો પહેરે છે. નાના છોકરાઓ ચડી ખમીશ પહેરે છે.

સ્ત્રીઓ છોગુ વાળીને કાછડો મારે છે. આને સાલ્લો કહે છે. માથા પર કાળી ઓઢણી કે રંગીન નાખે છે. શરીર ઉપર બ્લાઉઝ પહેરે છે. છોકરીઓ હવે સ્કર્ટ, ફ્રોકને બદલે નવીન પંજાબી ડ્રેસ પહેરતી થઈ છે. યુવાન સ્ત્રીઓમાં સાડીનું ચલણ વધ્યું છે.

ખોરાક-પીણાં :

ચૌધરીઓનો ખોરાક સાદો છે. સવારે ભાત-દાળ કે રોટલા ખાય છે. સાંજે જુવારનો રોટલો, કઢોળ અને બપોરે આપેલા બાટ ડુંમાંથી બનાવેલી કાંજી લે છે. અત્યારે કેટલાક સારી સ્થિતિવાળા ભાત-દાળ, શાક ખાય છે. શાકમાં ડુંગરી, બટાટા, રીંગણ, પાપડી, ભીંડા હોય છે. કેટલાંક કુટુંબો વાડામાં શાક પણ ઉગાડીને ખાય છે.

તેઓ શાકાહારી ખોરાક ખાય છે. સાથે સાથે માંસાહારી ખોરાકમાં ~~કસરું~~ બકરાં મરઘાનું માંસ ખાય છે. એ સિવાય ઈંડાં, માછલી ખાય છે. કેટલાક સૂકી માછલી પણ બનાવીને ખાય છે. માછલીનો ઉપયોગ વધુ કરે છે. વારતહેવારે કે મહેમાનગતિમાં તેઓ માંસ, મચ્છી, ઈંડાનો ઉપયોગ કરે છે.

આ ચૌધરીઓ દૂધનો ઉપયોગ ઘણો ઓછો કરે છે. પરંતુ છેલ્લાં વર્ષોમાં ભેંસ ઉછેરને કારણે દૂધ, ચાનું પ્રમાણ તેમનામાં વધ્યું છે. કોફી ભાગ્યે જ કોઈ પીએ છે. ઘી બનાવીને તેઓ વેચે છે, ખાવામાં ભાગ્યે જ ઉપયોગ કરે છે. આ સિવાય દારૂ તેઓ પીએ છે. જે ભગત કે સંપ્રદાયવાળા થયા છે તેઓ દારૂ પીતા બંધ થયા છે. તેમનામાં બીડી લગભગ બધા જ પીએ છે. કેટલાક તમાકુ, છીંકણીનો ઉપયોગ પણ કરે છે.

## ઘરેણાં :

ચૌધરીઓમાં પુરુષો કરતાં સ્ત્રીઓ ઘરેણાંની ભારે શોખીન છે. પુરુષો માત્ર કાને કડી પહેરતા હોય છે. આજે તો એ પણ ઓછું જોવા મળે છે. સ્ત્રીઓ પગે કલ્લાં કે સાંકળાં (આમડા) નામનું ઘરેણું પહેરે છે. હાથમાં કાપલી કે બંગડી, કાનમાં એરીંગ અને નાકમાં જડ પહેરે છે. માથે ચોટલા અને અંબોડા ગૂંથવા તેમનામાં પ્રચલિત છે. તેમાં પીનો નાંખે છે. અંબોડા મોટે ભાગે પ્રૌઢ સ્ત્રીઓ જ વાળે છે. આ ઘરેણાં તેઓ ચાંદીનાં જ પહેરે છે. સ્ત્રીઓ બંગડીઓ અને પુરુષો ઘડિયાળ પહેરતા થયા છે.

## ભાષા કે બોલી :

ચૌધરીઓની કોઇ જુદી ભાષા નથી. તેમની ભાષા એ ચૌધરી બોલી છે. આ બોલીમાં ગુજરાતી, અંગ્રેજી, મરાઠી⁄ક હિંદી વગેરે કેટલીક ભાષાના અપ્રભંશ શબ્દો જોવા મળે છે. તેમ છતાં ગુજરાતી ભાષાની અસરને કારણે તેની છાપ વિશેષ જોવા મળે છે. તેમની બોલીમાં કોઇ આગવું સાહિત્ય લખાયું નથી. કારણ કે તે બોલી લિપિબધ્ધ નથી. ચૌધરીઓના ઉચ્ચારો લાંબા, પહોળા અને અનુભવે જ બોલી કે ઉચ્ચારી શકાય. ચૌધરીઓ પોતાનો અંદરોઅંદરનો વ્યવહાર ચૌધરી બોલી દ્વારા કરે છે.

ચૌધરીઓ અનેકવિધ કારણોસર નાના નાના જૂથોની સાથે સંપર્કમાં આવ્યા છે. જેમ કે વાણિયા, પારસીઓ, અનાવિલો, પટેલો, અંગ્રેજો, મરાઠાઓ. આ બધાને કારણે તેમની બોલીમાં બીજા અનેક શબ્દો વણાયેલા છે. જે ચૌધરીઓ પોતાની આગવી ભાષામાં બોલે છે. આમ ચૌધરીઓ પોતે બોલચાલની લિપિરહિત જે ભાષા બોલે છે, જે પોતાના રોજબરોજના વાતો-વ્યવહાર માટે વાપરે છે. એ રીતે ચૌધરી જાતિ કેટલાક શબ્દો પોતાની આગવી ભાષામાં બોલે છે.

| ગુજરાતી શબ્દ | ચૌધરી શબ્દ |
|---|---|
| **શરીર માટે વપરાતા શબ્દો** | |
| પગ | પાગ |
| આંગળી | આગલે |
| પેટ | બોકો |
| વાળ | લીંબાલે |
| આંખ | ડોલા |
| ગાલ | ગડાક |
| કલેજું | કાળજા |

| | | |
|---|---|---|
| | શરીર | સરીલ |
| | માથુ | રન્ચ |
| | હોઠ | ઘોબડ઼ે |
| અનાજ માટે | ભાત | દાણા |
| | વાલ | વાજી |
| | ચોળા | ચમતી |
| | નાગલી | નાગની |
| | અડદ | ઉડજી |
| | મગફળી | મડાહેંગડ઼ે |
| | આદુ | આદો |
| ખોરાક | શાક | માવરચી |
| | ભડકુ | રાબડઅ |
| | હળદર | હલ્દ |
| | મરચુ | મીરચો |
| | આંબા હળદર | આમ્બાહલાદ |
| ઘરવખરી | ઘર | ખર |
| | સાવરણી | લુચારી |
| | હાલ્લુ | હાંડ |
| | સાજિતુ | મુહલઅ |
| | તવેથો | ચીપલ |
| | ચુલો | ચુનો |
| | ઓશીકુ | ઉહય |
| | લાકડાનું ખાડણિયું | ઉખલો |
| | વાંસની નાની ટોપલી | ફરકીની |
| | અનાજ ભરવાની કોઠી | આથાર |
| | પશુઓ ઢોર | ડોબે |
| | ભેંસ | ફેહડઅ |
| | બળદ | બાજ |

| | | |
|---|---|---|
| | શિયાળ | કોન |
| | ચકલી | હાકરા |
| | કાગડો | કૈંડાડો |
| | આખલો | આળાસ |
| સગાઇના શબ્દ | બા | આત્યા |
| | બાપા | આતા |
| | ભાઈ | બાબો |
| | બહેન | બાય |
| | ભાભી | ફાળીહી |
| | જેઠ | જેઠુઙ |
| | દાદી | પોટી |
| | દાદા | પોટા |
| | સસરો | હુવરોહો |
| બીજા કેટલાક શબ્દો | કબજો-પહેરણ | અડંગીરખા |
| | અળગુ | આણાઠો |
| | સલાહ | અહાન |
| | ઉપવાસ કરવો | પાલવા |
| | અચિકો | આદાત |
| | આદત,ટેવ | આદાત |
| | હમણા | આમી |
| | ઉપજ | ઉપાજ |
| | ઉત્સવ | ઉજામણી |
| | ઉજ્જડ | ઉજાડ |
| | એકતુ | એખના |
| | ઘાસની પૂળી | કવાલો |

કુટુંબ :

નમૂનાના કુટુંબોનું કુટુંબકદ જોઇએ તો સૌથી વધુ ૭થી ૧૦ની સભ્યસંખ્યાવાળા ૪૫.૭% કુટુંબો હતા. જયારે સૌથી ઓછી સભ્યસંખ્યાવાળા માત્ર ૨.૯% એટલે કે માત્ર એક જ કુટુંબ જાણવા મળ્યું હતું. આમ કુટુંબકદ કોઠા ૩.૩મા દર્શાવ્યા પ્રમાણે જાણવા મળ્યું હતું.

આમ નમૂનાના કુટુંબોનું કુટુંબકદ જોયા પછી કુટુંબનો પ્રકાર જોઇએ તો સૌથી વધુ ૮૮.૬% કુટુંબો સંયુકત હતા. આ સંયુકત કુટુંબો વધુ હોવાનું એક કારણ ગણાવી શકાય કે આ જાતિમાં વડીલ વિના જમીન પોતાને નામે જ રાખી છોકરાઓ પાસે ખેડાવી બહુ સંયુકત ચલાવે છે. આમ કુટુંબનો પ્રકાર કોઠા નં. ૩.૪માં જોયા પછી નમૂનાના કુટુંબોમાંથી સભ્યોનું વયજૂથ પ્રમાણે વર્ગીકરણ કોઠા નં. ૩.૫માં દર્શાવ્યા પ્રમાણે છે.

કોઠા ૩.૫ પરથી જોઇ શકાય છે કે નમૂનાનાં કુટુંબોની કુલ સભ્ય સંખ્યા ૨૫૧ની હતી. જેમાંથી ૧૬.૭% સભ્યો ૬ વર્ષ સુધીના હતા જયારે ૧૬થી ૨૫ વર્ષ સુધીની સભ્ય સંખ્યા સૌથી વધારે હતી. જેની કુલ સભ્ય સંખ્યા ૫૬ની હતી. જયારે ૭થી ૧૫ અને ૨૬થી ૩૫ અને ૩૫થી ૫૦ વર્ષની ઉંમરના સભ્યો પ્રમાણે અનુક્રમે ૧૩.૯% ૧૨.૮% અને ૧૫.૧%નું હતું. જયારે ૫૦થી ઉપરની ઉંમરના સભ્યોનું પ્રમાણ બીજા ક્રમે છે. જેનું ૧૯.૧%નું પ્રમાણ હતું.

આમ આગળના કોઠામાં વયજૂથ પ્રમાણે વર્ગીકરણ જોયા પછી નમૂનાનાં કુટુંબોનું વૈવાહિક દરજ્જાનું પ્રમાણ જોઇએ તો ૫૪.૬% પુરુષ સંખ્યા અને ૪૫.૪% સ્ત્રીઓ હતી. કુલ સભ્યસંખ્યામાંથી ૬૨.૧% પરિણીત, ૩૬.૩% અપરિણીત અને ૧.૬% વિધુર-વિધવાનું પ્રમાણ હતું.

શિક્ષણ :

માંડવી તાલુકામાં શિક્ષણ ક્ષેત્રે સારી પ્રગતિ થવા પામી છે. તપાસ ~~મસલે~~ સમયે તાલુકામાં બધા ગામો શાળાવાળા હતા. કેટલાંક ગામોમાં એક કરતા વધુ શાળા હતી. તાલુકામાં બધાં ગામોમાં કુલ ૧૯૭ જેટલી પ્રાથમિક શાળાઓ, ૧૧ જેટલી માધ્યમિક શાળાઓ, ૧૦૦ જેટલાં ગામોમાં બાલવાડી અને ૭૦ ગામોમાં લાયબ્રેરીની સગવડ હતી. ૭ ઉત્તર બુનિયાદી અને ૧ ઉચ્ચતર માધ્યમિક શાળા અને ૪ સાર્વજનિક શાળાઓ ચાલતી હતી. તાલુકાના ૧૪૮માંથી ૧૫ ગામો ઉજજડ છે આને લીધે તાલુકામાં મોટા પ્રમાણમાં વસ્તી ચૌધરી આદિવાસી જાતિએ સારું શિક્ષણ મેળવ્યું છે.

કોઠા નં. ૩.૩

કુટુંબનું કદ દર્શાવતો કોઠો

| ક્રમ | સભ્ય સંખ્યા | કુટુંબ | ટકા |
|---|---|---|---|
| ૧. | ૧થી ૩ | ૧ | ૨.૯ |
| ૨. | ૪થી ૬ | ૧૩ | ૩૭.૧ |
| ૩. | ૭થી ૧૦ | ૧૬ | ૪૫.૭ |
| ૪. | ૧૦થી ઉપર | ૫ | ૧૪.૩ |
| | કુલ | ૩૫ | ૧૦૦.૦૦ |

કોઠો ૩.૪

કુટુંબ પ્રકાર

| | કેન્દ્રીય | સંયુક્ત | કુલ |
|---|---|---|---|
| સંખ્યા | ૪ | ૩૧ | ૩૫ |
| ટકા | ૧૧.૪ | ૮૮.૬ | ૧૦૦.૦૦ |

કોઠો ૩.૫

કુટુંબના સભ્યોનું વયજૂથ પ્રમાણે વર્ગીકરણ

| ક્રમ | ઉંમર | પુરુષ | સ્ત્રી | કુલ | ટકા |
|---|---|---|---|---|---|
| ૧. | ૬ વર્ષ સુધીના | ૨૮ | ૧૪ | ૪૨ | ૧૬.૭ |
| ૨. | ૭થી ૧૫ વર્ષ | ૧૭ | ૧૮ | ૩૫ | ૧૩.૯ |
| ૩. | ૧૬થી ૧૫ વર્ષ | ૩૨ | ૨૪ | ૫૬ | ૨૨.૪ |
| ૪. | ૨૬થી ૩૫ વર્ષ | ૧૫ | ૧૬ | ૩૨ | ૧૨.૮ |
| ૫. | ૩૫થી ૫૦ વર્ષ | ૧૭ | ૨૨ | ૩૮ | ૧૫.૧ |
| ૬. | ૫૦થી ઉપર | ૨૭ | ૨૧ | ૪૮ | ૧૯.૧ |
| | કુલ | ૧૩૭ | ૧૧૪ | ૨૫૧ | ૧૦૦.૦૦ |

કોઠો ૩.૬

વૈવાહિક દરજ્જા પ્રમાણે વર્ગીકરણ

| ક્રમ | અપરિણીત | પરિણીત | વિધુર/વિધવા | કુલ | ટકા |
|---|---|---|---|---|---|
| પુરુષ | ૫૬ | ૭૮ | ૩ | ૧૩૭ | ૫૪.૬ |
| સ્ત્રી | ૩૫ | ૭૮ | ૧ | ૧૧૪ | ૪૫.૪ |
| કુલ | ૯૧ | ૧૫૬ | ૪ | ૨૫૧ | ૧૦૦.૦૦ |
| ટકા | ૩૬.૩ | ૬૨.૧ | ૧.૬ | ૧૦૦.૦૦ | |

ભાતખાઈ ગામમાં ૧ થી ૪ ધોરણની પ્રાથમિક શાળા છે. ગામ તાલુકા મથકથી નજીક અને ગામની આજુબાજુ સારી શિક્ષણની સગવડ હોવા છતાં જોઈએ તેટલું શિક્ષણ ગામમાં નથી.

૧૯૮૧ની વસ્તી મુજબ ભાતખાઈ ગામમાં કુલ ૪૦૨ની વસ્તીમાંથી ૪૦ વ્યકિતઓ ભણેલી હતી. જેમાં ૩૩ પુરુષો અને ૭ સ્ત્રી શિક્ષિત હતી.

ગામમાં ધોરણ ૧થી ૪ સુધીની પ્રાથમિક શાળા ચાલે છે. પહેલાં એક શિક્ષકથી ચાલતી હતી. અત્યારે બે શિક્ષકથી શાળામાં કામ ચાલે છે. જેમાં એક ભાઈ અને એક બહેન છે. શાળાના ધોરણ ૧થી ૪ સુધીના છોકરા-છોકરીઓના આંકડા તપાસ સમયના જાણવા મળ્યા હતા જે નીચે મુજબ છે.

કોઠો ૩.૭

શાળામાં ધોરણવાર અભ્યાસ કરતાં બાળકો

| ધોરણ | છોકરા | છોકરી | કુલ |
|---|---|---|---|
| ૧ | ૨૦ | ૧૦ | ૩૦ |
| ૨ | ૬ | ૬ | ૧૨ |
| ૩ | ૪ | ૪ | ૮ |
| ૪ | ૧ | ૬ | ૭ |
| કુલ | ૩૧ | ૨૬ | ૫૭ |

ઉપરનાકોઠાના આંકડા જોઈએ તો ગામમાં શિક્ષણનું પ્રમાણ ઓછું હશે એમ ચોકકસ કહી શકાય. ગામમાં કુલ ૬૭ કુટુંબો હોવા છતાં કુટુંબદીઠ એક બાળક નિશાળે જતું નથી. ૧૯૮૯માં કુલ ૫૭ વિદ્યાર્થીઓ હતા. જેમાં ૫૫ % છોકરાઓ અને ૪૫ % છોકરીઓ ભણતી હતી. આ બધામાંથી માત્ર ૭ વિદ્યાર્થીઓ જ ધોરણ ૪ સુધીનું શિક્ષણ લે છે. જે કોઠા પરથી જોઈ શકાય છે.

આ આદિવાસી બાળકોમાં શિક્ષણ ઓછું હોવાના અનેક કારણો જોવા મળે છે. તેમને ઘેરથી મા બાપ નિશાળે મોકલતા નથી. કટલાક ઢોર ચારવા XXX કે બાળકોને સાચવવા, નાની વસ્તુઓ દુકાનેથી લેવા પણ મોકલે છે. તેમનામાં વધુ બાળકો હોય તો મજૂરી કરશે એવી તેમનામાં સમજ છે અને આર્થિક સ્થિતિ પણ બાળકને નિશાળે ન મોકલવા પાછળનું એક કારણ જોવા મળે છે.

નમૂનાનાં કુટુંબોમાંથી કુટુંબના વડાની શૈક્ષણિક સ્થિતિ જાણવા મળી હતી જે નીચેના કોઠામાં છે.

કોઠો ૩.૮

સર્વેક્ષિત કુટુંબના વડાઓનું શિક્ષણ

| ઉંમર | અભણ | ૧થી ૩ ધોરણ | ૪થી ૮ ધોરણ | કુલ | ટકા |
|---|---|---|---|---|---|
| ૪૦થી ૫૦ | ૩ | - | ૧ | ૪ | ૧૧.૪૩ |
| ૫૧થી ઉપર | ૨૬ | ૩ | ૨ | ૩૧ | ૮૮.૫૭ |
| કુલ | ૨૯ | ૩ | ૩ | ૩૫ | ૧૦૦.૦૦ |
| ટકા | ૮૨.૮૬ | ૮.૫૭ | ૮.૫૭ | ૧૦૦.૦૦ | |

તપાસેલ કુલ કુટુંબોમાંથી ૧થી ૩ ધોરણ અને ૪થી ૮ ધોરણ સુધીમાં અનુક્રમે ૮.૫૭% અને ૮.૫૭% કુટુંબના વડાઓ ભણેલા જાણવા મળ્યા હતા. જયારે ૮૨.૮૬% કુટુંબના વડાઓ અભણ હતા. જેની વિગતે માહિતી કોઠા ૩.૯માં દર્શાવી છે. કુટુંબના દરેક સભ્યનું શૈક્ષણિક સ્તર કોઠા ૩.૯માં બતાવ્યા પ્રમાણે હતું.

કોઠો ૩.૯

નમૂનાનાં કુટુંબોમાં સભ્યોનુ શૈક્ષણિક સ્તર

| ક્રમ | શૈક્ષણિક સ્તર | પુરુષ | સ્ત્રી | કુલ | ટકા |
|---|---|---|---|---|---|
| ૧. | સહી કરે તેવા | ૩ | ૧ | ૪ | ૧.૫ |
| ૨. | પ્રાથમિક | ૩૦ | ૧૫ | ૪૫ | ૧૭.૯ |
| ૩. | માધ્યમિક | ૧૨ | ૯ | ૨૧ | ૮.૪ |
| ૪. | ઉચ્ચ | ૬ | ૩ | ૯ | ૩.૬ |
| ૫. | અભણ | ૮૬ | ૮૬ | ૧૭૨ | ૬૮.૫ |
| | કુલ | ૧૩૭ | ૧૧૪ | ૨૫૧ | ૧૦૦.૦૦ |

## સર્વેક્ષિત કુટુંબોનું આર્થિક જીવન (૧૯૮૯)

**ખેતી :**

ગામનો મુખ્ય ધંધો ખેતી અને ખેતમજૂરીનો છે. ગામની કુલ વસ્તીનો મુખ્ય આધાર ખેતી અને ખેતમજૂરી, હિરા ઉધોગ જેવા ધંધાઓ ઉપર આધાર રાખે છે. ૧૯૮૧ની વસ્તી ગણતરી પ્રમાણે કુલ કામ કરતી વસ્તીમાંથી ધંધાવાર કામ કરતી વસ્તીની ટકાવારી નીચે પ્રમાણે હતી.

કોઠો ૪.૧

૧૯૮૧ની વસ્તી પ્રમાણે ધંધા પ્રમાણે કામ કરતી વસ્તી ટકામાં

| ક્રમ | ધંધો | ભાતખાઇ | માંડવી તાલુકો | સુરત જિલ્લો | ગુજરાત રાજય |
|---|---|---|---|---|---|
| ૧. | ખેતી | ૯૩.૬૭ | ૪૮.૫૨ | ૨૩.૫૧ | ૩૭.૪૬ |
| ૨. | ખેતમજૂરી | ૫.૬૩ | ૨૯.૪૩ | ૨૮.૩૦ | ૨૨.૬૫ |
| ૩. | ગૃહોધોગ ઉત્પાદન પ્રોસેસ | ૦.૭૦ | ૨.૭૨ | ૨.૯૬ | ૨.૪૪ |
| ૪. | અન્ય કામ કરનારા | - | ૧૯.૩૩ | ૪૫.૨૩ | ૩૭.૪૫ |
| ૫. | કુલ કામ કરનારા | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

ઉપરના આંકડા પરથી જોઇશું તો જણાશે કે ખેતીમાં કામ કરતી વસ્તીની ટકાવારી ભાતખાઇ ગામમાં સૌથી વધારે છે. જિલ્લા, તાલુકા અને રાજયમાં તેની ટકાવારી ઓછી છે. એટલે ખેતીમાં કામ કરતી વસ્તી ભાતખાઇ ગામમાં તાલુકા, જિલ્લા અને રાજય કરતાં વધારે છે. જેનું કારણ ગામમાં મોટા ભાગનાં કુટુંબો જમીન ધરાવે છે. એટલે તો ભાતખાઇ ગામમાં ખેતમજૂરોની ટકાવારી તાલુકા, જિલ્લાઅને રાજય કરતાં ઓછી છે. એટલે કે ખેતમજૂરીની ટકાવારી ૫.૬૩% માત્ર જોવા મળે છે. ખેતીમાં રોકાયેલાની ટકાવારી ૯૩.૬૭% સૌથી વધુ જોવા મળે છે. એટલે કે ગામની મોટા ભાગની વસ્તી ખેતીના ધંધા વ્દારા પોતાની આજીવિકા મેળવે છે. એટલે જ ગામમાં આર્થિક વિકાસનો આધાર ખેતીના વિકાસને આધારિત છે. એટલે ગામની ખેતીનો વિકાસ જેમ વધુ થશે તેમ કુટુંબોની આવકો વધશે.

ખેતીના ધંધા પર આધાર રાખતી વસ્તીની ટકાવારી ગામમાં સૌથી વધુ છે. ગામના ૧૦માંથી ૯ માણસો ખેતીના ધંધા પર આધાર રાખે છે. જે તાલુકા, જિલ્લા અને રાજ્યમાં ૭ માણસો ખેતી આધારિત લગભગ જીવે છે. આ પ્રમાણે ખૂબ વધારે ગણી શકાય. આનું કારણ આ વિસ્તારમાં બીજા ધંધાઓનો વિકાસ થયો નથી. જો કે થોડા સમયથી હિરા ઉદ્યોગ થયો છે. જેનો લાભ ગામના કેટલાક માણસો લેતા થયા છે. ગામમાં ખેતમજૂરીના વ્યવસાયમાં કામ કરતી વસ્તી માત્ર ૫.૬૩%ની છે. ગૃહોદ્યોગમાં માત્ર ૦.૭૦% છે, જે તાલુકા, જિલ્લા અને રાજ્યની ખેતમજૂરીના ધંધામાં અનુક્રમે ૨૯.૪૩%, ૨૮.૩૦% અને ૨૨.૬૫% છે. આમ મુખ્યત્વે ખેતી આધારિત કુટુંબો વિશેષ પ્રમાણમાં હોવાથી બધા જ સભ્યો તેના આધારે રહે તેવું શકય નથી. એટલે ફાજલ પડતા સભ્યોને બીજા કોઇ ધંધા રોજગારમાં રોકવા પડે તો જ પોષાય.

ગામની કુલ વસ્તીના ૯૩.૬૭% લોકો એક યા બીજી રીતે ખેતીના ધંધામાંથી આજીવિકા મળવે છે. ખેતી માટે જમીન એ મહત્વની વસ્તુ છે. જેમ જમીન વધારે અને સારી ફળદ્રુપ હોય તેમ ખેતીમાંથી મળતી આવક વધારે હોય એટલે કુલ ખાતેદાર અને ખાતેદારદીઠ સરેરાશ કેટલી જમીન આવે છે તે જોઇશું.

કોઠો ૪.૨

ગામના કબજેદારોનું જમીન ધારણના કદ પ્રમાણે વર્ગીકરણ

| જીમન ધારણ | કુલ ખાતેદાર | ટકા | ધારણ જમીન | ટકા | સરેરાશ |
|---|---|---|---|---|---|
| ૫ એકર | ૩૬ | ૬૪.૨૯ | ૧૦૮.૦૦ | ૩૮.૫ | ૩.૦ |
| ૫ થી ૧૦ | ૧૪ | ૨૫.૦૦ | ૯૮.૦૦ | ૩૫.૦ | ૭.૦ |
| ૧૦થી ૧૫ | ૫ | ૮.૯૩ | ૫૫.૦ | ૧૯.૭ | ૧૧.૦ |
| ૧૫થી ૨૫ | ૧ | ૧.૭૮ | ૧૯.૦૦ | ૬.૮ | ૧૯.૦૦ |
| કુલ | ૫૬ | ૧૦૦.૦૦ | ૨૮૦.૦૦ | ૧૦૦.૦૦ | ૫.૦ |

કોઠા પરથી ખ્યાલ આવે છે કે ગામનાં કુલ કુટુંબો માંથી ૬૪.૨૯% કુટુંબો પાસે ૫ એકર સુધીની જમીન હતી. બાકીના ૩૩.૯૩% કુટુંબો ૫ એકરથી ૨૫ એકર સુધીની જમીન ધરાવતાં હતાં. ૧૯ એકર જમીન ધરાવતું માત્ર એક કુટુંબ હતું. આખા ગામમાં ૧૦થી ૧૫ એકર જમીન ધરાવતા માત્ર ૫ ખાતેદારો હતા. જે કુલ જમીનના ૧૯.૭% જમીન ધરાવતા હતા. ૫ એકર સુધીની જમીન ધરાવતા ખાતેદારો કુલ ખાતેદારો કરતાં લગભગ અર્ધા કરતાં વધારે સંખ્યા ધરાવતા હતા. જે કુલ જમીન વિસ્તારની અર્ધા કરતા વધારે જમીન ધરાવતા હતા. ગામમાં કુલ કબજેદારો પાસે કબજેદારદીઠ ૫.૦૦ એકર જમીન આવતી હતી.

કોઠો ૪.૩

નમૂનાનાં કુટુંબો ની જમીન ધારણના કદ અને વિસ્તાર પ્રમાણે વર્ગીકરણ

| ક્રમ | જમીનનું કદ | કુટુંબ સંખ્યા | જમીન એકર ગુંઠા | કુટુંબદીઠ જમીન | કુલ કુટુંબના ટકા | કુલ જમીનના ટકા |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૦.૦-૨.૫ | ૪ | ૬.૧૪ | ૧.૫૩ | ૧૧.૪૩ | ૩.૭૭ |
| ૨. | ૨.૫થી ૫.૦ | ૧૯ | ૬૪.૫૭ | ૩.૩૯ | ૫૪.૨૯ | ૩૯.૬૬ |
| ૩. | ૫.૦થી ૭.૫ | ૬ | ૪૦.૫૧ | ૬.૭૫ | ૧૭.૧૪ | ૨૪.૮૮ |
| ૪. | ૭.૫થી ૧૦.૦ | ૫ | ૩૯.૫૫ | ૦.૯૧ | ૧૪.૨૯ | ૨૪.૨૮ |
| ૫. | ૧૦.૦થી ૧૫.૦ | ૧ | ૧૨.૦૭ | ૧૨.૦૭ | ૨.૮૫ | ૭.૪૧ |
| ૬. | કુલ | ૩૫ | ૧૬૩.૩૪ | ૪.૬૭ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

નમૂનાનાં કુટુંબો પાસે કુલ ૧૬૩.૩૪ એકર જમીન હતી. જેમની કુટુંબદીઠ સરેરાશ ૪.૬૭ એકર જમીન ધતી હતી. જેમાં સૌથી વધુ જમીન ૧૯ કુટુંબો પાસે હતી.

ઉપરના કોઠા પરથી જોઇએ તો સ્પષ્ટ રીતે જોઇ શકાય છે કે બધાં કુટુંબો પાસે પ્રમાણમાં વધારે જમીન જોવા મળી ન હતી. એટલે કે જમીન વહેંચણી અસમાન છે. એટલે ગામમાં ઓછી અને વધારે જમીનવાળા કુટુંબો હતાં. આગળ જોયું તેમ કુટુંબદીઠ સરેરાશ ૫.૦૦ એકર જમીન આવતી હતી. પણ ખરેખર તો બધાં જ કુટુંબોને જોઇએ તો વાસ્તવમાં આના કરતાં ખૂબ ઓછી જમીન આવે છે. કારણ કે અહીં પણ ગામનાં આદિવાસી કુટુંબો સંયુક્ત રીતે રહેતાં જોવા મળ્યાં હતાં. કુટુંબમાં જે ચાર પુત્રો હોય છે, જેને નામે જમીન

વહેંચલી હોય પણ નામે કરેલી હોતી નથી. જમીન તેના બાપના નામે જ ચાલતી જોવા મળે છે. જે જમીન પુત્રો ખેડતા હોય છે. એટલે તેમની વાસ્તવિકતા જુદી જ હોય છે. એટલે તેમને ટૂંકી જમીન ઉપર પોતાનો નિર્વાહ કરવાનો હોય છે. તેમાંય જમીન એટલી બધી ફળદ્રુપ પણ નથી. એટલે તેઓ માંડ પેટ પૂરતું પકવી ચલાવે છે. અને તેમાંય માત્ર ખેતી ઉપર આધાર રાખવો પડે છે. અત્રે કેટલાક હિરા ઉદ્યોગમાં મજૂરી કરીને આર્થિક ઉપાર્જન કરતા થયા છે. કેટલાક કુટુંબોને વધારે સભ્ય સંખ્યા, જમીન ઓછી હોઈ ચાખર દેવામાં પડવું પડે છે.

આગળ જોયુ તેમ બધાં કુટુંબો પાસે પૂરતી જમીન નથી. આ જમીન મુખ્યત્વે બે પ્રકારની છે. કાળી અને ઓછી કાળી કાકરવાળી છે. જેમા કાળી ફળદ્રુપ ભેજ સંગ્રહવાળી જમીન ગણાય છે. જયારે ઓછી કાળી કાકરાવાળી જમીન હલકા પ્રકારની, ઓછા પાણીના સંગ્રહવાળી, ઢોળાવવાળી, ધોવાણ ધરાવતી છે. કેટલેક ઠેકાણે કોતરોવાળી જમીન છે.

જમીન વપરાશ :
------------

ગામનો કુલ ભૌગોલિક વિસ્તાર ૧૯૮૯ના વર્ષ મુજબ ૬૫૫.૦૯ એકર હતો. જેમાંથી ૩૪૭.૦૫ જંગલ વિસ્તાર, ૨૪૯.૪૦ જમીન પાક હેઠળ, ૧૦.૯ એકર જમીન પડતર, ૩૧.૫૦ એકર જમીન ખેડવાલાયક ન હોય તેવી અને ૧૭.૦૫ એકર જમીન ખેતી સિવાયના કામમાં લેવાયેલી હતી. ગામમાં ખેડવાલાયક પડતર જમીન નથી એટલે ખેડાણ કરવી મુશ્કેલ છે. ગામમાં સિંચાઇ હેઠળનો વિસ્તાર માત્ર ૨૫.૧૫ એકર જેટલો છે. કારણ કે જમીન ઊંચા નીચા ઢોળાવવાળી, કોતરો ઉપરની હોઇ સિંચાઇ શકય નથી. એટલે દુબારી પાકો લઇ શકાતા નથી.

ગામના મુખ્ય પાકોમાં જુવાર, ડાંગર, તુવેર, અડદ, વાલ, કપાસ, મગફળી વગેરે છે. કપાસનું વાવેતર ઘટવા પામ્યું છે. ૧૯૮૮-૮૯ના વર્ષ દરમિયાન કુલ પાક હેઠળનો વિસ્તાર ૨૪૯.૪૦ એકરનો હતો. જેમાંથી માત્ર ૯૨.૬૪ ટકા વિસ્તાર ખાદ્યપાક હેઠળ અને ૭.૩૬ વિસ્તાર બિનખાદ્ય પાક હેઠળ નોંધાયો હતો.

કોઠો ૪.૪

ભાનખાઇ ગામની તુલસારી ૧૯૮૯

| ક્રમ | | પાકનું નામ | વિસ્તાર | ૧૯૮૮-૮૯ ટકા |
|---|---|---|---|---|
| | ૧. | ડાંગર | ૩૯.૨૮ | ૧૫.૭૫ |
| | | જુવાર | ૧૬૪.૧૧ | ૬૫.૮૧ |
| | | | ૨૦૩.૩૯ | ૮૧.૫૬ |
| ૨. | ૨. | તુવેર | ૨૨.૨૮ | ૮.૯૩ |
| | | વાલ | ૫.૩૫ | ૨.૧૫ |
| | | | ૨૭.૩૧ | ૧૧.૦૮ |
| | ૩. | કપાસ | ૨.૩૧ | ૦.૯૩ |
| | | ઘાસ | ૧૬.૦૭ | ૬.૪૩ |
| | | | ૧૮.૩૮ | ૭.૩૬ |
| | | કુલ વાવેતર નીચેનો વિસ્તાર | ૨૪૯.૪૦ | ૧૦૦.૦૦ |
| | | પડતર | ૧૦.૯ | |
| | | | ૨૫૯.૪૯ | |
| | | જંગલ | ૩૪૭.૦૫ | |
| | | સાર્વજનિક કામની | ૧૭.૦૫ | |
| | | ન ખેડાય તેવી | ૩૧.૫૦ | |
| | | કુલ વિસ્તાર | ૬૫૫.૦૯ | |

ભાતખાઈ ગામની ૧૯૮૯ની સાલની તુલવારી જોઈએ તો ખ્યાલ આવે છે કે કુલ પાક હેઠળના વિસ્તારના ૯૨.૬૪% વિસ્તાર ખાદ્યપાક હેઠળ અને ૭.૩૬% વિસ્તાર બિનખાદ્યપાક હેઠળ હતો. કુલ પાક હેઠળના વિસ્તારના ૬૫.૮૧% જુવાર વિસ્તાર, ૧૫.૭૫% ડાંગર વિસ્તાર ૮.૯૩% તુવેર વિસ્તાર, ૬.૪૩% ઘાસ વિસ્તાર, ૨.૧૫% વિસ્તાર વાલ પાક હેઠળ અને ૦.૯૩% વિસ્તાર કપાસ પાક વિસ્તાર હેઠળ નોંધાયો હતો. આમ આંકડાકીય માહિતી બતાવે છે કે ત્રણ ભાગની જમીન રોકડિયા પાક હેઠળ નોંધાયેલી હતી. આગળની તપાસ વખતે જે કપાસના પાક હેઠળની જમીન ગામમાં વધારે હતી તે ઘટી જવા પામી છે. તેનું સ્થાન ખાદ્યપાક જુવાર લીધું હોય તેવુ આંકડા પરથી જણાય છે. જુવાર પછી ખાદ્યપાકોમાં ડાંગર, કઠોળનો પાક આવે છે.

ગામમાં છેલ્લાં વીસ વર્ષમાં પાક પદ્ધતિમાં ફેરફાર ઘણા જોવા મળે છે. કોદરા, બંટી કપાસ શરૂના પાક હતા. જેને સ્થાને જુવાર, ડાંગર અને કઠોળ, સીંગના પાકે સ્થાન લઈને ખેતીમાં ભારે ફેરફાર સાથે આર્થિક રીતે રોકડિયા પાકોને બદલે ખાદ્યપાકોએ ભારે પરિવર્તન કરાવ્યાં છે. કપાસનુ વાવેતર વધ્યુ હતું પણ તેનું સ્થાન જુવાર અને નવીન પાક સીંગે લીધું છે. કપાસના પાકમાં પડતી મહેનત અને રોગચાળાના કારણે આ પાકમાં ફેરબદલી આવી છે.

<u>ખેતી પદ્ધતિ :</u>

ગામના મુખ્ય પાકો જુવાર, ડાંગર, અને કઠોળ છે. તેમની ખેતી પદ્ધતિમાં આજે ઘણા સુધારા વધારા જોવા મળે છે. તેઓએ પરંપરાગત ખેતપદ્ધતિ છોડીને આજે બિનઆદિવાસી વિસ્તારની પેઠે ખેતી પદ્ધતિ અપનાવી છે. તેઓએ જે પાક અનુકૂળ આવતા ન હતા તે છોડયા છે. જેમ કે કોદરા, બંટીને બદલે જુવાર, ડાંગર, સીંગના પાકો વધાર્યાં છે. કપાસની ખેતી અપનાવીને આજે છોડી દીધી હોય તેમ જાણવા મળે છે. જુવારનુ વાવેતર, મગફળીનું વાવેતર અલગ કરે છે. જ્યારે તુવેર, વાલ, અડદ બે ત્રણ ચાસ છોડી મિશ્ર વાવેતર કરે છે. કેટલાક જુવાર ભેગું વાલ અડદ પણ કરે છે. ડાંગરનુ વાવેતર કયારો અલગ બનાવી કરે છે. કેટલાક શિયાળુ વાલ અને દિવેલા કરતા પણ જોવા મળે છે. પાણીના અભાવે શિયાળુ પાકો કરતા નથી. ઘરની આજુબાજુ ચોમાસે પાપડી, ભીંડા, મરચા જેવાં શાકભાજી ઉગાડે છે.

ચોમાસુ પ્રારંભ આવતા પહેલાં તેઓ મે મહિનામાં ખેતરમાં ખૂણે, ખાંચરે, છાણીયું ખાતર નાખીને સળગાવી દે છે. ખેતરને બે ત્રણવાર ખેડીને તૈયાર કરી દે છે. જ્યાં સળગાવે છે ત્યાં તેઓ વરસાદ પછી ડાંગરનું ધરૂ નાખે છે. ધરૂ તૈયાર થતાં જુલાઈ માસમાં રોપણીનું કામ કરે છે. અષાઢ સારો વરસાદ થયા પછી જુવાર અને ક્યારી સિવાયની ડાંગર ઓરે છે. જેના ચાસ કાઢે છે. કઠોળ અલગ તેમજ જુવારમાં ઓરે છે. સીંગ એ રીતે ચાસ કાઢીને ઓરે છે. વાવેતર થોડું મોટું થાય એટલે તેમાંથી નીંદામણ કાઢે છે. જેમાં ખાતર નાખે છે. તેને થોડું આછુ પાતળુ કરે છે. પાકની યોગ્ય સંભાળ લે છે.

આજે ચૌધરી જાતિની ખેતીમાં ઘણાં પરિવર્તન થયાં છે. તેઓ બળદ વડે તેમનાં હળ, કરબનો ઉપયોગ કરે છે. આજે પહેલાં જેવા હળ, કરબ કે વાવણીયા નથી. બિનઆદિવાસી ખેડૂતો વાપરે છે તેવા હળ, વાવણીયા તેમની પાસે છે. જો કે તેમની પાસે બળદ ઘણા નીચા અને હલકા પ્રકારના હોવાથી ખેતીના કામમાં હજુ પણ તેઓ મુશ્કેલી અનુભવે છે. તપાસ સમયે ૧૯૮૯માં કુલ ૬૬ બળદો હતા. ઘણાં કુટુંબો પાસે જો કે ખેતીનાં પૂરતાં સાધનો નહોતાં. તેમાં પણ બળદ ગાડાં ઓછાં કુટુંબો પાસે જોવા મળે છે. ઓઈલ એન્જીન માત્ર બે કુટુંબ પાસે હતાં.

<u>બિયારણ :</u>

ગામના મોટા ભાગના ખેડૂતો પાકનું બિયારણ વેચાતું લાવે છે. જો કે જુવાર, ડાંગરનું બિયારણ કેટલાક કુટુંબો સંઘરી રાખે છે. જે કુટુંબની આર્થિક સ્થિતિ સારી નથી તેવાં કુટુંબોને બિયારણ માટે દેવું કરવું પડે છે. તેઓ બિયારણ સંઘરી શકતા નથી. તેમની પાસે વર્ષ આખર તેનાં નાણાં પણ હોતાં નથી. કેટલાક આર્થિક રીતે સધ્ધર કુટુંબો પાસેથી બિયારણ વેચાતું કે ઉછીનું ઉધાર લઈ આવે છે. સુખી કુટુંબો મહદંશે બિયારણ સંઘરી રાખે છે. એટલે તો જે કુટુંબોએ આવા સુખી કુટુંબો પાસેથી બિયારણ લીધું હોય તેમને પાક પાકે ત્યારે બિયારણ ઉપરાંત વધારે આપવું પડે છે. કેટલાક અત્યારે સારું બિયારણ લાવીને ઊંચી જાતની ભાત વાવે છે. કે જેઓ સુખી અને ખાતર કે માવજત માટે પૈસા ખર્ચી શકે તેમ છે. આજે તો બિયારણ કેટલાક કુટુંબો માંડવી કે કાકરાપાડાથી પણ લાવે છે.

<u>ખાતર :</u>

ખેતી કરતાં કુટુંબો ખાસ કરીને છાણિયા ખાતરનો ઉપયોગ કરે છે. જો કે કેટલાક કુટુંબો હાલમાં નવા પાક સાથે રાસાયણિક સલ્ફેટ કે યુરિયાનો ઉપયોગ કરતા જોવા મળે છે. જેમની પાસે ક્યારીની જમીન છે તેવાં કુટુંબો ડાંગરના વધુ ઉત્પાદન માટે રાસાયણિક ખાતર વાપરે છે.

સિંચાઇ :

ભાતખાઇ ગામમાં સિંચાઇની સુવિધા ખૂબ ઓછી છે. છલ્લા આકડા પ્રમાણે ૨૫.૧૫ એકર જમીન સિંચાઇ હેઠળ હતી. જે કડમકૂવા ચેકડેમ નહેરનો લાભ મળે છે. ગામના કૂવાનો ઉપયોગ સિંચાઇ માટે થતો નથી. તે માત્ર રોજબરોજના પીવાના પાણીના વપરાશ માટે જ ઉપયોગી છે. શિયાળુ પાકો માટે હજુ સિંચાઇની સગવડ થઇ ન હોવાથી ગામને તે પાકો પકવવાની હજુ સગવડ થઇ નથી.

પશુધન :

ગામના ખેડૂતો ખેતી માટે બળદનો ઉપયોગ કરે છે. સાથે સાથે ગાય, ભેંસ, ~~X~~ બકરાં જેવાં પશુઓ દૂધ માટે પાળે છે. નમૂનાનાં કુટુંબો પાસેથી પશુધનની સંખ્યા જાણવા મળી હતી તે નીચે મુજબ છે.

કોઠો ૪.૫

કુટુંબદીઠ પશુધનની સંખ્યા

| | બળદ | ગાય-ભેંસ | વાછડા<br>વાછરડી | બકરા | પાડા<br>પાડી | મરઘાં | કુલ | પશુધનની કિંમત |
|---|---|---|---|---|---|---|---|---|
| કુલ સંખ્યા | ૬૬ | ૯૪ | ૨૯ | ૧૧ | ૧૩ | ૭૪ | ૨૮૭ | ૩૩૩૫૨૦ |
| કુટુંબદીઠ | ૧.૮૯ | ૨.૭ | ૦.૯૩ | ૦.૩૧ | ૦.૩૭ | ૨.૧૧ | ૮.૨ | ૯૫૨૯.૧૪ |

આમ નમૂનાનાં કુટુંબોનું કુટુંબદીઠ પશુધન ૯૫૨૯.૧૪ રૂનું હતું. જેમાં બળદ, ગાય ભેંસ, વાછડા-વાછરડી, બકરાં અને પાડાનો સમાવેશ થાય છે.

ખેતીનાં સાધનો :

ગામના ચૌધરી ખેડૂત કુટુંબો પાસે લાકડાનું હળ, કરબડી, વાવણીયો, ગાડું, કરબ જેવાં મોટાં ~~xxx~~ સાધનો જોવા મળે છે. કુહાડી, દાતરડું, કોદાળી, ખરપી જેવાં નાનાં ખેતી ઉપયોગી સાધનો પણ તેઓ ધરાવે છે. આજે મોટા ભાગનાં ખેતીનાં સુધરેલાં ઓજારોનો ઉપયોગ કરતા થયા છે.

કોઠા ૪.૬

નમૂનાના કુટુંબો પાસે ખેતીના સાધનો

| વિગત | હળ | કરબ | સમાર | વાવણીયો | નાના ઓજાર | કુવા | ઓઇલએન્જીન | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| સંખ્યા | ૩૫ | ૩૫ | ૧૬ | ૪૬ | ૧૮૭ | ૭ | ૨ | ૩૨૮ |

ધંધાની માહિતી :

ખેતી : ગામના દરેક કુટુંબની વ્યકિતઓને મોટે ભાગે ખેતી પર આધાર રાખવો પડે છે. જમીન ટેકરાવાળી, પથ્થરોથી ભરપૂર અને ભેજ સંગ્રહ કરવાની ઓછી શકિતવાળી સાથે સાથે વરસાદની અનિયમિતતા અને સિંચાઇની સગવડોનો અભાવ હોવાથી એકરદીઠ ઉત્પાદન પ્રમાણમાં ઓછું આવે છે. ઓછા વરસાદને કારણે કેટલીયવાર ઉત્પાદન ૫૦% જેટલું ઓછું થાય છે. આ કુટુંબો માટે ખેતી જ જીવનદોરી છે. પરંતુ ઓછી જમીન, ઓછું ઉત્પાદન અને જમીન પર વધુ માણસોનુ ભારણ હોવાથી જીવનનિર્વાહ સહેલાઇથી ગોઠવી શકાતો નથી. ઉપરાંત આવક કરતાં કેટલીકવાર વધુ ખર્ચ થવાને કારણે જીવનનિર્વાહ માટે દેવુ કરવું પડે છે. બચત ખુબ જ ઓછી થતી હોઇ ખેતી પાછળ ઓછું રોકાણ કરવું પડે છે. એટલે એકલી ખેતીમાંથી નિર્વાહ કરવો કઠિન થઇ પડે છે. આ કુટુંબો જે જમીન ધરાવે છે તેની પૂરતી માવજતની જરૂર છે. તેને સરખી કરવી, તેમાં જોયતા ખાતરો, પાણીની સુવિધા કરવી પડશે તો જ તેમાંથી ઉત્પાદન વધારી શકાશે. જે જમીન ધરાવતો ખેડૂત કરી શકવાનો નથી. એટલે તેને સરકારી મદદ મળે તો જ શકય બનશે, અને તો જ ખેત પેદાશો વધશે.

ખેતમજૂરી : ગામના કુટુંબો ખેતી ઉપર માત્ર જીવનનિર્વાહ કરી શકે તેમ નથી. એટલે કેટલાંય કુટુંબના સભ્યો ખેતમજૂરી કરે છે. આ ખેતમજૂરી સુખી કુટુંબોને ત્યાં જઇ કરવી પડે છે કારણ કે તેમને વધારે જમીન હોઇ માણસોની જરૂર પડે છે. તેમ છતાં ખેતીની સીઝન સિવાય તેમને મજૂરી મળતી નથી. એટલે ખેતમજૂરી પણ ખૂબ ઓછા પ્રમાણમાં મળે છે. આથી ઘણા ખેતમજૂરી માટે બીજાં નજીકનાં ગામોમાં જાય છે. કેટલાક કેરીની વાડીમાં મજૂરીએ જાય છે. અને માંડવી જઇને હિરા ઉદ્યોગમાંથી આવક કેટલાય યુવકો મેળવે છે.

છૂટક મજૂરી : આજે આ વિસ્તારમાં જંગલ ખૂબ નહીંવત રહ્યું હોવાથી જંગલ મજૂરી નામની જ મળે છે. તેઓ મંડળીમાં બાંધકામમાં છૂટક મજૂરી મળે છે. તેઓને આજ કાલ હિરા ઉદ્યોગમાંથી ખૂબ સારી આવક પ્રાપ્ત કરી હોય એમ તેમના કુટુંબમાંથી જાણવા મળે છે. આ સિવાય મત્સ્ય ઉદ્યોગની મજૂરી મળતી નથી. તેઓ માછલી પકડીને ખાવાના ઉપયોગમાં લેતા જોવા મળે છે.

પશુપાલન : પશુપાલન વ્યવસાયમાંથી પહેલાં તેઓ આવક પ્રાપ્ત કરતા નહોતા. પરંતુ ડેરી ઉદ્યોગને કારણે તેઓ છેલ્લા વર્ષોમાં દૂધની આવકો મળવાના થયા છે. એટલે જે ખેતી પર નિર્ભર કુટુંબો હતા અને આવક ઓછી હતી તેઓને માટે આ હિરા ઉદ્યોગ અને પશુપાલનનો વ્યવસાય ખૂબ જ ટેકારૂપ સાબિત થયો છે. જને કારણે છેલ્લા દાયકામાં તેમની આવકમાં અને જીવનધોરણમાં ખૂબ જ ફેરફાર થયો છે.

ચૌધરી લોકો તેમની કુલ આવકમાંથી ૩૫.૪૪% આવક ખેતીમાંથી, ૨૪.૨૦% પશુપાલનમાંથી અને ૩૨.૨૬% જેટલી આવક હિરા ઉદ્યોગમાંથી પ્રાપ્ત કરે છે. અને તેમાંથી પોતાનો જીવન નિર્વાહ કરે છે. આવક કરતાં વધુ ખર્ચ થતાં તેઓ દેવું કરે છે.

આમ ચૌધરી કુટુંબો આગળની તપાસ સમયે માત્ર ખેતીના મુખ્ય ધંધા પર આધાર રાખતાં હતાં પરંતુ છેલ્લા દાયકા દરમિયાન ખેતી સાથે પશુપાલન, ખેતમજૂરી, બાંધકામ મજૂરી અને હિરા ઉદ્યોગનો વ્યવસાયમાં પણ ઘણા બધા યુવકો કામ કરે છે.

કોઠો ૪.૭

કુટુંબના સભ્યોનું ધંધાકીય વર્ગીકરણ

| ખેતી | | | ખેતમજૂરી | | |
|---|---|---|---|---|---|
| પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ |
| ૪૫ | ૪૪ | ૮૯ | ૪૧ | ૪૦ | ૮૧ |

ઉપરના કોઠા પરથી જોઈ શકાય છે કે નમૂનાનાં કુટુંબોના સભ્યોમાંથી ખેતીમાં ૪૫ પુરુષ અને ૪૪ સ્ત્રીઓ રોકાયેલી હતી જ્યારે મજૂરીના જુદા જુદા કામમાં ૪૧ પુરુષો અને ૪૦ સ્ત્રીઓ રોકાયેલી હતી.

નમૂનાનાં કુટુંબોમાંથી કમાનાર અને નહીં કમાનાર સભ્ય સંખ્યાની માહિતી જાણવા મળી હતી. જેમાં કમાનારની સંખ્યા વિશેષ હોવા છતાં તેમના પર બીજા સભ્યોની જવાબદારી ઘણી હતી.

કોઠો ૪.૮

કમાનારઅને નહીં કમાનારની સંખ્યા દર્શાવતો કોઠો

| | કમાનાર | | | | નહીં કમાનાર | | | | બધાનું કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુરુષ | સ્ત્રી | બાળકો | કુલ | પુરુષ | સ્ત્રી | બાળકો | કુલ | |
| સંખ્યા | ૭૦ | ૭૬ | ૩૦ | ૧૭૬ | ૩ | ૧ | ૭૧ | ૭૫ | ૨૫૧ |
| ટકા | ૩૯.૭૮ | ૪૩.૧૮ | ૧૭.૦૪ | ૧૦૦.૦ | ૪.૦૦ | ૧.૩૩ | ૯૪.૬૭ | ૧૦૦.૦ | - |
| | ૨૭.૮૮ | ૩૦.૨૮ | ૧૧.૯૫ | - | ૧.૨૦ | ૦.૪૦ | ૨૮.૨૯ | - | ૧૦૦.૦૦ |

આવક :

તપાસમાં આવરી લીધેલ નમૂનાનાં કુટુંબોનું જમીનના કદ પ્રમાણે કુલ આવકનું પ્રમાણ કોઠા ૪.૯માં દર્શાવ્યું છે. નમૂનાનાં કુટુંબોની કુલ આવક ૪૧૧૨૩૦ રૂપિયાની હતી. જેમની કુટુંબદીઠ વાર્ષિક આવક રૂ. ~~[illegible]~~ ૧૧૭૪૯.૪૨ની હતી. જયારે માથાદીઠ વાર્ષિક આવક ૧૬૩૮.૩૭ હતી. કુટુંબદીઠ વાર્ષિક આવકમાંથી ખેતીની આવક ~~૨૮૨.૨૮~~ ૪૬૫૪.૨૮ની, [illegible] ૨૮૪૨.૯૫ નોકરીની આવક ૬૬૮.૫૭ અને હિરા ઉદ્યોગની મજૂરીની આવક ૩૭૯૧.૪૨ રૂપિયા થતી હતી.

જમીન ધારણના કદ પ્રમાણે અને આવક જૂથ મુજબ નમૂનાનાં કુટુંબોની વહેંચણી કોઠા નં. ૪.૧૦માં દર્શાવવામાં આવી છે. જેમાં ૩૫૦૦થી ૪૦૦૦ અને ૮૦૦૦થી ૯૦૦૦ના આવક ગ્રુપમાં ભાગ્યે જ કુટુંબો જોવા મળે છે. ૯૦૦૦થી ૧૦૦૦૦થી ઉપરની આવક ગ્રુપમાં સૌથી વધુ કુટુંબો પોતાની આવક ધરાવતા જોવા મળ્યાં હતાં જે કોઠો જોતાં સ્પષ્ટ ખ્યાલ આવશે.

કોઠો ૪.૯

જમીનના કદ પ્રમાણે કુલ આવકનું પ્રમાણ

| ક્રમ | જમીનનું કદ | કુટુંબ સંખ્યા | સભ્ય સંખ્યા | કુલ ખેતીની આવક | પશુપાલનની આવક | મજૂરીની આવક | નોકરીની આવક | અન્ય આવક | કુલ આવક |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૦થી ૨.૫ | ૪ | ૩૨ | ૮૨૦૦ | ૭૪૦૦ | ૮૦૦ | - | ૧૯૫૦૦ | ૩૫૯૦૦ |
| ૨. | ૨.૫થી ૫.૦ | ૧૯ | ૧૩૦ | ૭૨૦૦૦ | ૫૪૭૫૦ | ૭૩૮૦ | ૨૦૦૦ | ૮૫૬૦૦ | ૨૨૧૯૩૦ |
| ૩. | ૫.૦૦થી ૭.૫ | ૬ | ૪૨ | ૨૪૯૫૦ | ૧૭૭૦૦ | ૭૦૦ | ૧૮૪૦૦ | ૨૫૬૦૦ | ૮૭૩૫૦ |
| ૪. | ૭.૫થી ૧૦.૦ | ૫ | ૪૧ | ૩૪૦૦૦ | ૧૮૦૫૦ | ૧૦૦૦ | ૩૦૦૦ | ૨૦૦૦ | ૫૮૦૫૦ |
| ૫. | ૧૦.૦થી ૧૫.૦ | ૧ | ૬ | ૫૭૦૦ | ૧૬૦૦ | - | - | - | ૭૩૦૦ |
| | કુલ | ૩૫ | ૨૫૧ | ૧૪૫૭૫૦ | ૯૯૫૦૦ | ૯૮૮૦ | ૨૩૪૦૦ | ૧૩૨૭૦૦ | ૪૧૧૨૩૦ |

કોઠો ૪. ૧૦

જમીનના કદ પ્રમાણે કુટુંબદીઠ વાર્ષિક આવક

| ક્રમ | જમીનનું કદ | કુટુંબસંખ્યા | સભ્ય સંખ્યા | ખેતીનીઆવક | પશુપાલનની આવક | મજૂરીની આવક | નોકરીનીઆવક | અન્ય આવક હિરા ઉદ્યોગ | કુલ વાર્ષિક આવક | કુલ માથાદીઠ વાર્ષિક આવક |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૦થી ૨.૫ | ૪ | ૩૨ | ૨૦૫૦ | ૧૮૫૦ | ૨૦૦ | - | ૪૮૭૫ | ૮૯૭૫ | ૧૧૨૧.૮૭ |
| ૨. | ૨.૫થી ૫.૦ | ૧૯ | ૧૩૦ | ૩૮૦૦ | ૨૮૮૧.૫૭ | ૩૮૮.૪૨ | ૧૦૫.૨૬ | ૪૫૦૫.૨૬ | ૧૧૬૮૦.૫૨ | ૧૭૦૭.૧૫ |
| ૩. | ૫.૦થી ૭.૫ | ૬ | ૪૨ | ૪૧૫૮.૩૩ | ૨૯૫૦ | ૧૧૬.૬૬ | ૩૦૬૬.૬૬ | ૪૨૬૬.૬૬ | ૧૪૫૫૮.૩૩ | ૨૦૭૯.૭૬ |
| ૪. | ૭.૫થી ૧૦.૦ | ૫ | ૪૧ | ૬૯૪૦ | ૩૬૧૦ | ૨૦૦ | ૬૦૦ | ૪૦૦ | ૧૧૭૫૦ | ૧૪૩૨.૯૨ |
| ૫. | ૧૦.૦થી ૧૫.૦ | ૧ | ૬ | ૫૭૦૦ | ૧૬૦૦ | - | - | - | ૭૩૦૦ | ૧૨૧૬.૬૬ |
| | કુલ | ૩૫ | ૨૫૧ | ૪૧૬૪.૨૮ | ૨૮૪૨.૮૫ | ૨૮૨.૨૮ | ૬૬૮.૫૭ | ૩૭૯૧.૪૨ | ૧૧૭૪૯.૪૨ | ૧૬૩૮.૩૬ |

કોઠો ૪.૧૦-૨

જમીન ધારણના કદ અને આવક જૂથ પ્રમાણે કુટુંબોની વહેંચણી

| જમીનનું કદ | કુટુંબ | ૩૫૦૦ થી ૪૦૦૦ | ૪૫૦૧ થી ૫૦૦૦ | ૫૫૦૧ થી ૬૦૦૦ | ૬૦૦૧ થી ૭૦૦૦ | ૭૦૦૧ થી ૮૦૦૦ | ૮૦૦૧ થી ૯૦૦૦ | ૯૦૦૧ થી ૧૦૦૦૦ | ૧૦૦૦૧ થી ૧૧૦૦૦ | ૧૧૦૦૧ થી ૧૨૦૦૦ | ૧૨૦૦૧ થી ૧૩૦૦૦ | ૧૩૦૦૧ થી ૧૪૦૦૦ | ૧૪૦૦૧ થી ૧૫૦૦૦ | ૧૫૦૦૦ થી ઉપર | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦થી ૨.૫ | ૪ | - | ૧ | - | - | ૧ | - | - | - | ૨ | - | - | - | - | ૪ |
| ૨.૫થી ૫.૦ | ૧૯ | ૧ | - | ૧ | ૨ | - | - | ૧ | ૩ | ૨ | ૩ | ૧ | ૧ | ૪ | ૧૯ |
| ૫.૦થી ૭.૫ | ૬ | - | - | - | - | - | - | ૨ | - | ૨ | - | ૧ | - | ૧ | ૬ |
| ૭.૫થી ૧૦.૦ | ૫ | - | - | ૧ | - | - | - | ૧ | - | - | ૧ | ૧ | - | ૧ | ૫ |
| ૧૦.૦થી ૧૫.૦ | ૧ | - | - | - | - | - | ૧ | - | - | - | - | - | - | - | ૧ |
| કુલ | ૩૫ | ૧ | ૧ | ૨ | ૨ | ૧ | ૧ | ૪ | ૩ | ૬ | ૪ | ૩ | ૧ | ૬ | ૩૫ |

કોઠો ૪.૧૧

જમીનના કદ પ્રમાણે વપરાશી ખર્ચ

| જમીનનું કદ | કુટુંબ સંખ્યા | જ.ગુ. | ખોરાક | શાકભાજી | માંસ | દૂધ | ખાંડ-ગોળ | તેલ | ચા | ગરમમસાલા | દારૂ | તમાકુ | બળતણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦થી ૨.૫ | ૪ | ૬.૧૪ | ૨૪૦૦૦ | ૭૦૦ | ૧૪૫૦ | ૧૨૦૦ | ૧૧૫૦ | ૧૩૫૦ | ૩૨૦ | ૪૫૦ | ૯૨૫ | ૧૩૦૦ | ૩૭૫ |
| ૨.૫થી ૫.૦ | ૧૯ | ૬૪.૫૭ | ૬૯૭૫૦ | ૩૭૫૦ | ૯૩૦૦ | ૯૨૦૦ | ૭૦૪૫ | ૬૭૪૫ | ૧૭૯૦ | ૨૦૪૫ | ૫૫૦૦ | ૫૮૫૦ | ૩૨૨૦ |
| ૫.૦થી ૭.૫ | ૬ | ૪૦.૫૧ | ૨૧૫૦૦ | ૧૭૦૦ | ૨૮૨૫ | ૩૬૦૦ | ૨૩૨૫ | ૨૩૫૦ | ૮૦૦ | ૭૨૦ | ૧૫૫૦ | ૨૧૫૦ | ૮૩૦ |
| ૭.૫૫થી ૧૦.૦ | ૫ | ૩૯.૫૫ | ૧૭૫૦૦ | ૧૨૫૦ | ૩૧૫૦ | ૫૨૦૦ | ૧૭૫૦ | ૨૦૦૦ | ૯૦૦ | ૮૦૦ | ૧૭૨૫ | ૧૬૫૦ | ૧૪૦૦ |
| ૧૦.૦થી ૧૫.૦ | ૧ | ૧૨.૦૭ | ૩૦૦૦ | ૧૫૦ | ૭૫ | ૧૦૦ | ૨૭૫ | ૩૫૦ | ૫૦ | ૧૨૫ | ૨૫૦ | ૧૫૦ | ૫૦ |
| કુલ | ૩૫ | ૧૬૩.૩૪ | ૧૨૫૭૫૦ | ૭૫૫૦ | ૧૬૮૦૦ | ૧૯૩૦૦ | ૧૨૫૪૫ | ૧૨૭૯૫ | ૩૬૬૦ | ૪૧૪૦ | ૯૯૫૦ | ૧૧૧૦૦ | ૫૮૭૫ |

...ચાલુ..

...આગળનું ચાલુ.

| જમીનનું કદ | કુટુંબ સંખ્યા | અ.ગું. | દિવાસળી | ફળફળાદિ-અન્ય | મુસાફરી | કપડાં | પગરખાં | શિક્ષણ | દવાદારૂ | સામાજિક-ધાર્મિક | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦થી ૨.૫ | ૪ | ૬.૧૪ | ૧૨૫ | ૨૦૦ | ૮૦૦ | ૪૩૦૦ | ૭૦૦ | ૧૦૨૫ | ૩૬૦ | ૧૨૦૦ | ૩૧૯૩૦ |
| ૨.૫થી ૫.૦ | ૧૯ | ૬૪.૫૭ | ૮૧૦ | ૧૩૯૫ | ૫૦૩૦ | ૨૨૩૫૦ | ૩૩૯૦ | ૧૦૩૦ | ૨૨૨૫ | ૧૮૮૪૫ | ૧૭૯૨૭૦ |
| ૫.૦થી ૭.૫ | ૬ | ૪૦.૫૧ | ૨૮૦ | ૧૭૫ | ૨૩૫૦ | ૭૦૦૦ | ૧૦૨૫ | ૩૫૦ | ૭૦૦ | ૪૯૫૦ | ૫૭૧૮૦ |
| ૭.૫થી ૧૦.૦ | ૫ | ૩૯.૫૫ | ૨૦૦ | ૩૮૦ | ૧૨૭૫ | ૬૦૦૦ | ૭૫૦ | ૮૭૫ | ૫૦૦ | ૪૯૫૦ | ૫૨૦૫૫ |
| ૧૦.૦થી ૧૫.૦ | ૧ | ૧૨.૦૭ | ૨૫ | - | ૭૫ | ૪૦૦ | ૫૦ | - | ૭૫ | ૧૨૫ | ૫૩૨૫ |
| કુલ | ૩૫ | ૧૬૩.૩૪ | ૧૪૪૦ | ૨૧૫૦ | ૯૫૩૦ | ૪૦૦૫૦ | ૫૯૧૫ | ૩૨૮૦ | ૩૮૬૦ | ૩૦૦૭૦ | ૩૨૫૭૬૦ |

કોઠો ૪.૧૨

જમીનના કદ પ્રમાણે કુટુંબદીઠ વપરાશી ખર્ચ

| જમીનનું કદ | કુટુંબ સંખ્યા | જે.ગુ. | ખોરાક | શાકભાજી | માંસ-ઈંડા | દૂધ | ખાંડ-ગોળ | તેલ | ચા | ગરમ મસાલા | દારૂ | તમાકુ | બળતણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦થી ૨.૫ | ૪ | ૬.૧૪ | ૩૫૦૦ | ૧૭૫ | ૩૬૨.૫ | ૩૦૦ | ૨૮૭.૫ | ૩૩૭.૫ | ૮૦ | ૧૧૨.૫ | ૨૩૧.૨૫ | ૩૨૫ | ૯૩.૭૫ |
| ૨.૫થી ૫.૦ | ૧૯ | ૬૪.૫૭ | ૩૬૭૧ | ૧૯૭.૩૬ | ૪૮૯.૪૭ | ૪૮૨.૨૧ | ૩૭૦.૭૮ | ૩૫૫ | ૯૪.૨૧ | ૧૦૭.૬૩ | ૨૮૯.૪૭ | ૩૦૭.૮૯ | ૧૬૪.૨૧ |
| ૫.૦થી ૭.૫ | ૬ | ૪૦.૫૧ | ૩૫૮૩.૩૩ | ૨૮૩.૩૩ | ૪૭૦.૮૩ | ૬૦૦ | ૩૮૭.૫ | ૩૯૧.૬૬ | ૧૩૩.૩૩ | ૧૨૦ | ૨૫૮.૩૩ | ૩૫૮.૩૩ | ૧૩૮.૩૩ |
| ૭.૫થી ૧૦.૦ | ૫ | ૩૯.૫૫ | ૩૫૦૦ | ૨૫૦. | ૬૩૦ | ૧૦૪૦ | ૩૫૦ | ૪૦૦ | ૧૪૦ | ૧૬૦ | ૩૪૫ | ૩૩૦ | ૨૮૦ |
| ૧૦.૦થી ૧૫.૦ | ૧ | ૧૨.૦૭ | ૩૦૦૦ | ૧૫૦ | ૭૫ | ૧૦૦ | ૨૭૫ | ૩૫૦ | ૫૦ | ૧૨૫ | ૨૫૦ | ૧૫૦ | ૫૦ |
| કુલ | ૩૫ | ૧૬૩.૩૪ | ૩૫૯૨.૮૫ | ૨૧૫.૭૧ | ૪૮૦ | ૫૫૧.૪૨ | ૩૫૮.૪૨ | ૩૬૫.૫૭ | ૧૦૪.૫૭ | ૧૧૮.૨૮ | ૨૮૨.૨૮ | ૩૧૭.૧૪ | ૧૬૭.૮૫ |

કોઠો ૪.૧૨...ચાલુ

| ક્રમ જમીનનું કદ | કુટુંબ સંખ્યા | જે.ગુ. | દિવાસળી | ફળફળાદિ | મુસાફરી | કપડાં | પગરખાં | શિક્ષણ | દવાદારૂ | સામાજિક-ધાર્મિક | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦૦.થી ૨.૫ | ૪ | ૬.૧૪ | ૩૧.૨૫ | ૫૦ | ૨૦૦ | ૧૦૭૫ | ૧૭૫ | ૨૫૬.૨૫ | ૯૦ | ૩૦૦ | ૭૯૮૨.૫ |
| ૨.૫થી ૫.૦ | ૧૯ | ૬૪.૫૭ | ૪૨.૬૩ | ૭૩.૪૨ | ૨૬૪.૭૩ | ૧૧૭૬.૩૧ | ૧૭૮.૪૨ | ૫૪.૨૧ | ૧૧૭.૧૦ | ૯૯૧૮૪ | ૯૪૩૫.૨૬ |
| ૫.૦થી ૭.૫ | ૬ | ૪૦.૫૧ | ૪૬.૬૬ | ૨૯.૧૬ | ૩૯૧.૬૬ | ૧૧૬૬.૬૬ | ૧૭૦.૮૩ | ૫૮.૩૩ | ૧૧૬.૬૬ | ૮૨૫ | ૯૫૩૦ |
| ૭.૫થી ૧૦.૦ | ૫ | ૩૯.૫૫ | ૪૦ | ૭૬ | ૨૫૫ | ૧૨૦૦ | ૧૫૦ | ૧૭૫ | ૧૦૦ | ૯૯૦ | ૧૦૪૧૧ |
| ૧૦.૦થી ૧૫.૦ | ૧ | ૧૨.૦૭ | ૨૫ | - | ૭૫ | ૪૦૦ | ૫૦ | - | ૭૫ | ૧૨૫ | ૫૩૨૫ |
| કુલ | ૩૫ | ૧૬૩.૩૪ | ૪૧.૧૪ | ૬૧.૪૨ | ૨૭૨.૨૮ | ૧૧૪૪.૨૮ | ૧૬૯ | ૯૩.૭૧ | ૧૧૦.૨૮ | ૮૫૯.૧૪ | ૯૩૦૭.૪૨ |

કોઠો ૪.૧૩

જમીનના કદ પ્રમાણે અસ્કયામતનું પ્રમાણ દર્શાવતો કોઠો

| જમીનનું કદ | કુટુંબ સંખ્યા | એ. ગુંઠા | જમીનની કિંમત | ઝાડની કિંમત | પશુધનની કિંમત | ખેતીનાં સાધનોની કિંમત | ઘરવખરીની કિંમત | ઘરેણાંની કિંમત | ઘરની કિંમત | કુલ અસ્કયામત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦થી ૨.૫ | ૪ | ૬.૧૪ | ૨૦૦૦૦ | ૪૫૫૦ | ૨૮૮૦૦ | ૧૮૦૭૫ | ૫૯૧૦ | ૨૬૦૦ | ૧૦૦૦૦ | ૮૯૯૩૫ |
| ૨.૫થી ૫.૦ | ૧૯ | ૬૪.૫૭ | ૧૭૪૫૦૦ | ૭૭૫૦ | ૧૬૧૩૨૦ | ૫૪૬૯૫ | ૨૩૮૯૦ | ૧૬૫૦૦ | ૫૫૩૦૦ | ૪૯૩૯૫૫ |
| ૫.૦થી ૭.૫ | ૬ | ૪૦.૫૧ | ૧૨૪૫૦૦ | ૨૫૫૦ | ૬૮૮૪૦ | ૨૮૧૧૦ | ૮૬૦૫ | ૬૫૦૦ | ૨૧૦૦૦ | ૨૬૦૧૦૫ |
| ૭.૫થી ૧૦ | ૫ | ૩૯.૫૫ | ૧૩૨૦૦૦ | ૬૮૫૦ | ૬૪૩૬૦ | ૪૧૭૪૦ | ૧૩૭૧૦ | ૯૦૦૦ | ૨૭૦૦૦ | ૨૯૪૬૬૦ |
| ૧૦.૦થી ૧૫ | ૧ | ૧૨.૦૭ | ૩૭૫૦૦ | ૮૦૦ | ૧૦૨૦૦ | ૧૦૩૩૦ | ૭૩૫ | ૫૦૦ | ૩૦૦૦ | ૬૩૦૬૫ |
| કુલ | ૩૫ | ૧૬૩.૩૪ | ૫૦૮૫૦૦ | ૨૨૫૦૦ | ૩૩૩૫૨૦ | ૧૫૨૯૫૦ | ૫૨૮૫૦ | ૩૫૧૦૦ | ૧૧૬૮૦૦ | ૧૨૨૫૨૨૦ |

કોઠો ૪.૧૪

જમીનના કદ પ્રમાણે કુટુંબદીઠ અસ્કયામતનું પ્રમાણ

| ક્રમ જમીનનું કદ | કુટુંબ સંખ્યા | જ. ગુંઠા | જમીન | ઝાડ | પશુધન | ખેતીનાં સાધનો | ઘરવખરી | ઘરેણાં | ઘર | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦થી ૨.૫ | ૪ | ૬.૧૪ | ૫૦૦૦ | ૧૧૩૭.૫ | ૭૨૦૦ | ૪૫૧૯.૭૫ | ૧૪૭૭.૫ | ૬૫૦ | ૨૫૦૦ | ૨૨૪૮૩.૭૫ |
| ૨.૫થી ૫.૦ | ૧૯ | ૬૪.૫૭ | ૯૧૮૪.૨૧ | ૪૦૭.૮૯ | ૮૪૯૦.૫૨ | ૨૮૭૮.૬૮ | ૧૨૫૭.૩૬ | ૮૬૮.૪૨ | ૨૯૧૦.૫૨ | ૨૫૯૯૭.૬૩ |
| ૫.૦થી ૭.૫ | ૬ | ૪૦.૫૧ | ૨૦૭૫૦ | ૪૨૫ | ૧૧૪૭૩.૩૩ | ૪૬૮૫ | ૧૪૩૪.૧૬ | ૧૦૮૩.૩૩ | ૩૫૦૦ | ૪૩૩૫૦.૮૩ |
| ૭.૫થી ૧૦.૦ | ૫ | ૩૯.૫૫ | ૨૬૪૦૦ | ૧૩૭૦ | ૧૨૮૭૨ | ૮૩૪૮ | ૨૭૪૨ | ૧૮૦૦ | ૫૪૦૦ | ૫૯૯૩૨ |
| ૧૦.૦થી ૧૫.૦ | ૧ | ૧૨.૦૭ | ૩૭૫૦૦ | ૮૦૦ | ૧૦૨૦૦ | ૧૦૩૩૦ | ૭૩૫ | ૫૦૦ | ૩૦૦૦ | ૬૩૦૬૫ |
| કુલ | ૩૫ | ૧૬૩.૩૪ | ૧૪૫૨૮.૫૭ | ~~૪૪૪~~ ૬૪૨.૮૫ | ૯૫૨૯.૧૪ | ૪૩૭૦ | ૧૫૧૦ | ૧૦૦૨.૮૫ | ૩૪૨૨.૮૫ | ૩૫૦૦૬.૨૮ |

કોઠો ૪.૧૫

જમીનના કદ પ્રમાણે કુટુંબ પ્રમાણે સાધનવાર દેવું

| ૦થી ૨.૫ | કુટુંબ સંખ્યા | જ. ગું. | દેવાદાર કુટુંબો | જમીન જ. ગું. | કુલ દેવું | શાહુકાર-વેપારી | સહકારી મંડળી | બેંક | હિરા કારખાનું |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦થી ૨.૫ | ૪ | ૬.૧૪ | ૧ | ૨.૦૧ | ૨૦૦૦ | ૫૦૦ | ૧૫૦૦ | - | - |
| ૨.૫થી ૫.૦ | ૧૯ | ૬૪૫૭ | ૧૩ | ૪૪.૭૨ | ૨૨૮૦૦ | ૫૫૦૦ | ૧૧૩૦૦ | ૫૫૦૦ | ૫૦૦ |
| ૫.૦થી ૭.૫ | ૬ | ૪૦.૫૧ | ૩ | ૧૮.૦૮ | ૨૦૦૦ | ૧૦૦૦ | - | ૧૦૦૦ | - |
| ૭.૫થી ૧૦.૦ | ૫ | ૩૯.૫૫ | ૩ | ૨૪.૦૪ | ૭૫૦૦ | ૪૫૦૦ | - | ૩૦૦૦ | - |
| ૧૦.૦થી ૧૫.૦ | ૧ | ૧૨.૦૭ | ૪૦ | ૧૨.૦૭ | ૪૦૦૦ | ૧૦૦૦ | - | ૩૦૦૦ | - |
| કુલ | ૩૫ | ૧૬૩.૩૪ | ૨૧ | ૧૦૨.૧૨ | ૩૮૩૦૦ | ૧૨૫૦૦ | ૧૨૮૦૦ | ૧૨૫૦૦ | ૫૦૦ |

વપરાશી ખર્ચ :

જમીનના કદ પ્રમાણે નમૂનાના કુટુંબોનું વાર્ષિક વપરાશી ખર્ચની વિગતો કોઠા ૪.૧૧મા આપવામાં આવી છે. જેમાં સૌથી વધુ ખર્ચ ખોરાક પાછળ થતો હતો. જેમની આવકનો મોટો ભાગ ખાદ્ય ખોરાકી, કપડાં, સામાજિક, ધાર્મિક ખર્ચાઓ અને વ્યસનો પાછળ થતો હતો. તેમનો અન્ય વપરાશી ચીજવસ્તુઓ પાછળનો ખર્ચ નહીંવત હતો.

નમૂનાનાં કુટુંબોનું કુટુંબદીઠ વાર્ષિક વપરાશી ખર્ચ કોઠા ૪.૧૨માં છે. તેને જોઇએ તો કુલ આવકમાંથી ૩૫૯૨.૮૫ ખોરાક પાછળ, ૧૧૪૪.૨૮ કપડાં પાછળ ખર્ચાતા હતા. જ્યારે માંસ, ઈંડાં, દૂધ ઘી, મસાલા, બીડી, તમાકુ જેવાં વ્યસનો પાછળનું ખર્ચ લગભગ સરખું રહેતું હતું. ચૌધરી કુટુંબોનું આવક ખર્ચનું પ્રમાણ લગભગ સરખું જોવા મળે છે. કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ ૯૩૦૭.૪૨નું હતું

અસ્કયામત :

ભાતખાઇનાં તપાસનાં કુટુંબો પાસે જમીન, ઝાડ, પશુધન, ખેતીનાં સાધનો, ઘરવખરી, ઘરેણાં, ઘર વગેરે અસ્કયામત હતી. નમૂનાનાં કુટુંબો પાસે કુલ ૧૨૨૫૨૨૦ રૂની અસ્કયામત હતી. તેમની કુટુંબદીઠ અસ્કયામત ૩૫૦૦૬.૨૮ રૂપિયાની હતી. જેમાં જમીન ૧૪૫૨૮.૫૭, ઝાડ ૬૪૨.૮૫, પશુધન ૯૫૨૯.૧૪, ખેતીનાં સાધનો ૪૩૭૦, ઘરવખરી ૧૫૧૦, ઘરેણાં ૧૦૦૨.૮૫ અને ૩૪૨૨ રૂપિયા ઘરના સ્વરૂપે હતી. નમૂનાનાં કુટુંબોની આ અસ્કયામત કુલ અને કુટુંબદીઠ જમીનના કદ પ્રમાણે કોઠા ૪.૧૩માં અને કોઠા ૪.૧૪માં દર્શાવ્યા પ્રમાણે હતી.

દેવું :

નમૂનાનાં કુટુંબો પાસેથી જમીનના કદ પ્રમાણે સાધનવાર દેવાની વિગતો જણાવા મળી હતી. જેમાં ૧૯૮૭-૮૮ અને ૧૯૮૯ના વર્ષનું દેવું કરેલું હતું એવી માહિતી પ્રાપ્ત થઇ હતી. નમૂનાનાં કુટુંબો પાસેથી સાધનવાર દેવામાં શાહુકાર-વેપારી, સહકારી મંડળી અને બેંકનું દેવું હતું. જે વિગતે કોઠા ૪.૧૫માં દર્શાવ્યા પ્રમાણે જાણવા મળ્યું હતું. જમીનના કદ પ્રમાણે ૨.૫થી ૫.૦ એકર સુધીના ખાતેદારોને દેવું કરવાની ફરજ વધારેમાં વધારે પડી હોય તેમ જાણવા મળ્યું હતું. આ નમૂનાનાં કુટુંબોમાંથી દેવું શાને માટે કર્યું એમ પૂછતાં તેઓએ તેનાં હેતુ જુદા જુદા દર્શાવ્યા હતા. જેમાં ઘરખર્ચ, ખેતી માટે, ઢોરખરીદી માટે દેવું કરેલું જણાવ્યું હતું. એક કુટુંબે ગાડા ખરીદી માટે અને એક કુટુંબે એન્જીન માટે દેવું કરેલું દર્શાવ્યું હતું.

ગામનાં આ દેવાદાર કુટુંબોમાંથી ઘણાં કુટુંબો તેમની જરૂરિયાતો પૂરી કરવા શાહુકાર વેપારીઓ પાસેથી પણ દેવું કરે છે. જે વેપારી સીઝન આવતાં વસુલ કરી લે છે. ગામનાં કુટુંબોની રહેણીકરણીમાં ખોરાકમાં ફેરફાર થવાથી અને બહારના સંપર્કને કારણે બીજી ઘરવખરીની વસ્તુઓ વાપરતા થયા છે. એકંદર આવક વધતાં પહેલાં કરતાં આર્થિક સ્થિતિમાં સુધારો થયો છે.

...

## પ્રકરણ - ૫

## ચૌધરીઓના સામાજિક રીતરિવાજો, તેઓનું જાતિપંચ અને ધાર્મિક જીવન

**જન્મ :**

આ જાતિમાં સિમંત વિધિ કરાતી નથી. સ્ત્રીની પ્રસૂતિ સમયે 'હવાવડ' થઇ એમ કહે છે. પ્રથમ પ્રસૂતિ પિયરમાં કરાવે છે. અને તે પણ દાયણ વ્દારા કરાવાય છે. આજે સાસરીમાં પણ પ્રસૂતિ કરાવે છે. તેઓ ઘર જ સુવાવડ કરાવે છે. જરૂર પડે જ દવાખાને જાય છે. કેટલાક શિક્ષણ પામેલા પ્રસૂતિ દવાખાને કરાવે છે. તેમનામાં એવી માન્યતા છે, કે છોકરાનો જન્મ ૯ માસ ૨૫ દિવસે અને છોકરીનો જન્મ ૯ માસ ૧૦ દિવસે થાય છે. બાળક જન્મે પહેલાં ગોળ વગેરે વહેંચાતો હતો. આજે સારી સ્થિતિવાળા મીઠાઇ વહેંચે છે. છઠ્ઠીની વિધિ કરાય છે. જેમાં બાળકનું નામકરણ કરાય છે. જેને તેઓ 'થાયોશ' કહે છે. પહેલાં ફોઇ જ નામ પાડતી આજે મા બાપ નામ પાડી દેતા જોવા મળે છે. તેમનામાં કોઇ સ્ત્રીને ગર્ભ રહેતો ન હોય તો -'બાધા' રાખવાનો રિવાજ છે. કોઇ સગર્ભા મૃત્યુ પામે તો તે 'વંતરી' થાય છે એવી તેઓમાં માન્યતા છે. શિક્ષિતોમાં આજે આવું ઓછું મનાય છે. બાળક જન્મને તેઓ સારો સમય ગણે છે.

**લગ્ન પ્રથા :**

ચૌધરીઓ પોતાની જાતિમાં જ લગ્ન કરે છે. તેમનામાં લગ્ન સંબંધ (મરજી) માગી વ્દારા ઉભા કરાય છે. માગી લગ્નસંબંધમાં મુખ્ય સુત્રધાર મનાય છે. છતાં તેમનામાં કુટુંબના વડીલો વર કન્યાની પસંદગી કરે છે. આમ છતાં છોકરા છોકરીને પસંદગીની તક આપે છે. જયારે શિક્ષણ પામેલાં છે તે સ્વપસંદગીના લગ્નો ગોઠવે છે. લગ્નની ઉંમર છોકરાની ૨૦ થી ૨૨ અને છોકરીની ૧૮ થી ૨૦ વર્ષની હોય છે. વરપક્ષ તરફથી હા પડાય પછી જ લગ્ન સંબંધ જોડાય છે.

**સગાઇ :**

લગ્ન સંબંધ 'માગી' વ્દારા ગોઠવાય છે. પહેલાં વરપક્ષના કન્યાને જોવા જાય પછી વર તેના મિત્રો સાથે કન્યા જોવા જાય છે. વર કન્યાની પસંદગી થઇ જાય પછી સગાઇ દિવસ નક્કી થાય છે. સગાઇના દિવસે દહેજ ઘરેણાં અને વાજિંત્ર વગેરે નક્કી કરી લે છે. પછી સગાઇની વિધિ કરવામાં આવે છે. વર કન્યા એક બીજાને ચાંલ્લો કરે છે. પછી વરનો બાપ ૨૦થી ૨૫ રૂપિયા મૂકે છે. તેમનામાં પલ્લુ-દહેજનો રિવાજ હજુ જોવા મળે છે. શિક્ષણ પામેલામાં દહેજ પલ્લુનો રિવાજ ઓછો થતો જોવા મળે છે.

ઘરજાણી :

ચૌધરીઓમાં સગાઇ પછી કન્યા પક્ષના વડીલો વરનું ઘર, જમીન, કુટુંબીઓનો સ્વભાવ વગેરે જોવા જાય તેને તેઓ -ઘરજાણી' કહે છે. જો કે આજે આ બાબત ભાગ્યે જ જોવા મળે છે. આજે દહેજ-પલ્લાનો જ રિવાજ જોવા મળે છે.

મંડપ :

સામાન્ય રીતે લગ્ન માટે મંડપ તૈયાર કરાય છે. તેમ સવારે વડીલો દ્વારા થાંભલીઓ દ્વારા મંડપ ઊભો કરાય છે. સ્થિતિ મુજબ તેને સજાવે છે. કંકુ, હળદરના છાંટા નાંખી વિધિ કરીને મંડપ ઊભો કરાય છે.

પીઠી :

ચૌધરીઓમાં લગ્નના આગલે દિવસે જ વર અને કન્યાને પોતપોતાને ત્યાં પીઠી ચઢાવે છે. વરને ભાભી કે બહેન દ્વારા પીઠી ચોળાય છે.

તેમનામાં હળદર ચોખા મૂકીને આમંત્રણ અપાય છે. હવે ઘણા કંકોત્રી લખીને આમંત્રણ આપે છે. તેમનામાં ઢોલરુ વગાડે છે. કેટલાક ભજનમંડળી બેસાડે છે. સ્થિતિવાળા માઇક રેડિયો વગાડે છે. નવીન વિચારોવાળા શિક્ષિતો ઢોલરુ વગાડવામાં આજે માનતા નથી.

જાન :

ચૌધરીઓમાં વરપક્ષથી કન્યાને ત્યાં જાન જાય છે. જાન બળદ ગાડા દ્વારા લઇ જવામાં આવે છે. કેટલાક ટ્રક કે ગાડીમાં જાન લઇ જાય છે. જાન સાંજે કન્યાને ત્યાં પહોંચે તે રીતે સમય પસંદ કરીને નીકળે છે.

લગ્નવિધિ :

વર્ષો પહેલાં તેઓમાં લગ્નવિધિ જાતે જ કરી લેતા હતા. ચૂલા કે ચોરીની આસપાસ સાત ફેરા કરાવતા એ તેમની લગ્નવિધિ ગણાતી. હવે તેઓ બ્રાહ્મણ દ્વારા લગ્નની બધી વિધિઓ કરાવે છે. આર્થિક સ્થિતિ સારી હોય તો કન્યાદાન અપાય છે. ચાલ્લા પણ કરે છે. બાદમાં રાત્રે ઉતારા પર જઇ વર વધૂના છેડા છોડવામાં આવે છે. બાદમાં સગાઓ ભેગા થઇને વળાવે છે. જયાં સૌ શકિત અનુસાર પૈસા કે વસ્તુઓ કન્યાદાનમાં આપે છે. બીજે દિવસે હિમારયા દેવ પાસે જઇ પગે લાગી હાર કલગી મૂકે છે.

આણું :

તેમનામાં ચાર પાંચ દિવસ બાદ આણું કરાય છે. જેમાં પહેલાં ઘણા બધા વરપક્ષના માણસો કન્યાને તેડવા જતા હવે બે પાંચથી પણ ચલાવાય છે. પહેલાં બે ત્રણ આણાં કરતા હવે પહેલાંની જેમ વારે વારે આણાં કરાતાં નથી.

છૂટાછેડા :

આ જાતિમાં છૂટાછેડા ખૂબ સહેલાઇથી આપી શકાય અને લઇ પણ શકાય છે. તેમાં કોઇ બંધન નડતું નથી. ગામના વડીલો, માગી વગેરે બેસીને છૂટાછેડા આપે છે. સાથે સાથે તેઓ પુનઃલગ્ન પણ કરી શકે છે. જેમાં પુરુષ કે સ્ત્રી ઇચ્છે ત્યાં ફરીથી લગ્ન કરી શકે છે. તેમનામાં વિધવા કે વિધુર પુરુષ પણ ફરી લગ્ન કરી શકે છે. છૂટાછેડા માગનાર કે જેની ભૂલ હોય તેની પાસેથી જાતિપંચ દંડ વસુલ કરે છે.

ઘરજમાઇ (ખંધાડિયા) :

બીજી અન્ય જાતિઓની જેમ ઘરજમાઇની પ્રથા છે તેમ ચૌધરીઓમાં પણ આ પ્રથા જોવા મળે છે. કોઇ કુટુંબમાં એક જ છોકરી હોય અથવા આર્થિક સ્થિતિ સારી હોય છોકરા નાના હોય, છોકરી મોટી હોય ત્યારે ખેતીમાં કામ કરનાર ન હોય તેવા સંજોગોમાં ઘરજમાઇ તરીકે લાવે છે. તેને પુત્રની જેમ જ મિલકતમાં ભાગ આપવામાં આવે છે. પહેલા છોકરી વરને લેવા જતી અત્યારે વરપક્ષ વિના છોકરાને મૂકી જાય છે. થોડા વર્ષો પછી જ તેમના લગ્ન વિધિસર કરાય છે. હવે કેટલાકમાં છોકરો પરણ્યા પછી જ છોકરીને ત્યાં ઘરજમાઇ આવે છે.

મૃત્યુ :

આ જાતિમાં વ્યકિતનું મૃત્યુ થતાં તેના શબને ખાંડણિયા પાસે મૂકવામાં આવે છે. મૃત વ્યકિત સમાજની પ્રતિષ્ઠિત હોય તો નગારું વગાડી તેના મૃત્યુની ખબર આપવામાં આવે છે. તેમનામાં રડવાનો રિવાજ છે. એટલે વ્યકિતની ટેવો, વિશેષતાઓને યાદ કરી કરીને રડે છે.

ચૌધરીઓમાં મૃતદેહને સ્મશાનમાં લઇ જતાં પહેલા સ્નાન કરાવી, નવાં કપડાં, ચંદન ચાંલ્લો કરી શણગારી વાંસની નનામીમાં સુવાડે છે. મૃત વ્યકિત જોડે તેની પ્રિય વસ્તુઓ થાળી, વાટકો, લોટ દાતરડું વગેરે મૂકે છે.

સ્મશાન યાત્રામાં નજીકની વ્યકિત સળગતું હાંલ્લું લઇ આગળ ચાલે છે. સ્ત્રીઓ પાદર સુધી જઇ દર્શન કરીને પાછી આવે છે. આ લોકોમાં મૃત વ્યકિતને બાળવાનો રિવાજ છે. નાનું બાળક કે ચેપી રોગવાળી વ્યકિતને દાટવામાં આવે છે. હાંલ્લું લઇને આગળ ચાલ્યો હોય તે અગ્નિદાહ-ની વિધિ કરે છે. પહેલાં હાંલ્લી ફોડે છે. તેની સાથે સગાઇ તૂટે છે. તેમ માને છે. કેટલાક પુરુષો બળી રહે ત્યાં સુધી રોકાય છે. બાકીના સ્નાન માટે જાય છે. પછી ઝાડ નીચે બેસી નાસ્તો કરે છે. સ્ત્રીઓ પણ સ્નાન કરી મરનાર વ્યકિતની સ્ત્રીની શણગારની ચીજો ઉતારે છે. ઘરમાં શબની જગ્યા લીંપી નાખવામાં આવે છે.

દહાડિયો :

બારમાની વિધિની જેમ આ સમાજમાં દહાડાની વિધિ કરાય છે. ત્રીજા દિવસે ઘર આખુ લીંપી નાખીને ફળિયાના, ગામના અને સગાંઓને ભેગા કરાય છે. આ વખતે ભગત દ્વારા ખાટલિયા પાસે લોટની ઢગલી અને ચોખાની ઢગલી કરી, દીવો કરી સાથે પાણીનો લોટો મૂકે છે. અને ઢગલીઓ ઉપર ટોપલો ઢાંકી દે છે. આ વિધિ મરનાર કયો અવતાર લે છે તે જાણવા માટે કરાય છે. પછી બધાં ચા પીને છૂટા પડે છે.

દહાડો પાણી :

મૃત્યુના ત્રીજા દિવસે આ વિધિ થાય છે. મૃત્યુના સમયે ન આવી શકનાર પણ ભાગ લે એટલે આ વિધિ કરાય છે. આ વખતે ભગત દ્વારા ખાટલિયા પાસે લોટની ઢગલી અને ચોખાની ઢગલી કરી દીવો કરી સાથે પાણીનો લોટો મૂકે છે. અને ઢગલીઓ ઉપર ટોપલો ઢાંકી દે છે. દરેક આવનાર કંઇને કંઇ ખાવાનું અનાજ લઇ આવે છે. જેમાંથી વિધિ પૂરતું રાખી બાકીનું વેચીને ઉપજેલા પૈસામાંથી ચીજવસ્તુઓ લાવી દહાડાની વિધિ કરે છે. આ દિવસે રસોઇ સ્ત્રીઓ બનાવે છે. અંગત વ્યક્તિઓ પણ માથાના વાળ ઉતારે છે. જે શોકની નિશાની છે. નવ બાજોમાં વાળ ઉતરાવે છે. જે શોકની નિશાની છે. નવા બાજોમાં બનાવેલી વાનગીઓ પીરસે છે અને તેને ખાટલિયે મૂકાય છે. ત્યાર પછી આ ટોપલો કાકડાના ઝાડની ડાળીએ રાખી સ્મશાને લઇ જઇ મંડપ બનાવી ત્યાં જ મૂકાય છે. વિધિ પૂરી કરીને સૌ સ્નાન કરી ભેગા મળી ચા પાણી કરીને ઘર નજીક ઉપરની બનાવેલી વાનગીઓ ખાય છે. બધાં સગાંઓ ત્યાં ખતરાના દિવસની વિધિનો દિવસ નક્કી કરે છે.

ખતરુ :

આ દિવસ સ્વર્ગસ્થનું તરપણ કરાય છે. માટીનું મંદિર ઘુમ્મટ બનાવી પાસેના તેમના દેવસ્થાને (સ્થાપન) કરીને મૂકે છે. વર્ષો પહેલાં તેઓ પાળિયા મૂકતા હતા. કુટુંબીઓ ગાડા જોડીને ભગત સાથે ત્યાં જઇને પૂજાવિધિ કરે છે. પછી બધા સાથે ભોજન કરે છે. આમ ચોક્કસ નક્કી કરેલી જગ્યાએ પછી વર્ષમાં એકવાર મુખ્ય તહેવારે વડીલો આ રીતે સ્વર્ગસ્થનું તરપણ કરવા આ જગ્યાએ ઘુમ્મટ મૂકે છે.

બારમું :

મૃત્યુ બાદ બારમા દિવસે બ્રાહ્મણ પાસે માત્ર પુરુષો દ્વારા આ વિધિ કરાવાય છે. મૃત વ્યક્તિને બાળ્યા પછી જે જગ્યાએથી હાડકાનો ટૂકડો અગર રાખ લઇ બારમાના દિવસે ખાટલિયે મૂકી, ઘીનો દીવો કરી પૂજાવિધિ કરે છે. બ્રાહ્મણ નદીએ બધાને લઇ જઇને એક જગ્યા પસંદ કરીને ત્યાં ધૂપ, લોપન, તુલસી ચંદનનું પાણી છાંટી પવિત્ર કરીને રાખેલા હાડકાનો

ટૂકડો કે રણ જમીનમાં દાટે છે. પછી તેના ઉપર બ્રાહ્મણ હોમ હવન કરે છે. અનાજ ઘી નાખી આહુતિ અપાય છે. આ વખતે કુટુંબીઓને ત્રણ ચાર વખત સ્નાન કરાવે છે.

ઘર આવી કુટુંબમાં બનાવેલું ખાવાની ચીજોના ત્રણ ભાગ કરી પાણી છાંટી, કૂતરા, ગાય અને ઘર ઉપર મૂકે છે. પછી બધા સાથે બેસી ખાય છે. પરંતુ આ વિધિ ખર્ચાળ હોવાથી સારી સ્થિતિવાળા જ બારમું કરે છે. આ બારમાની અને ખતરાની વિધિઓ મૃતાત્માની શાંતિ માટે તેઓ કરે છે.

ટૂંકમાં ચૌધરી આદિવાસી જાતિમાં સામાજિક-સાંસ્કૃતિક ક્ષેત્રે જોવા મળતું પરિવર્તન :

૧. જન્મ સમયે ખૂબ ખર્ચ કરતા હતા. અત્યારે ઓછો કરતા થયા છે. પહેલાં પ્રસૂતા ખૂબ શ્રમ કરતી અત્યારે ઓછો શ્રમ કરાવે છે. આ કાળજી રાખે છે. શિક્ષિતો પ્રસૂતિગૃહ, ડૉક્ટરની સલાહ વગેરેનો ઉપયોગ કરતા થયા છે.

૨. છઠ્ઠીની વિધિમાં પહેલાં પશુઓનો ભોગ આપતા હતા જે ઓછું થયું છે. શિક્ષિતો તેમાં માનતા નથી. નામ ફોઇ પાડતી હતી ને મા બાપ દ્વારા પણ અત્યારે પાડી દેવાય છે.

૩. લગ્ન પહેલાં નાની ઉંમરે થતા હતા. અત્યારે ઉંમરલાયક થતાં જ લગ્નસંબંધ બાંધે છે.

૪. સગાઇમાં પહેલાં ઘણા બધા જઇને સગાઇ નક્કી કરતા હતા. હવે બ્રાહ્મણ દ્વારા થોડી વ્યક્તિઓની હાજરીમાં સગાઇની વિધિ કરે છે. સગાઇનો ચાંલ્લો પહેલાંની જેમ ઊભા રહીને ન કરતા બેસીને કરતા થયા છે.

૫. ઘરજીવી એટલે ઘર જોવાની પાછળ ખૂબ ખર્ચ કરતા હતા. હવે ખર્ચ ઓછું કરતા થયા છે. ઘણા આ વિધિમાં જતા પણ નથી.

૬. લગ્ન દિવસ પહેલાં વડીલો, પંચના માણસો નક્કી કરતા હવે બ્રાહ્મણ પાસે જોવડાવી નક્કી કરે છે. હવે લગ્નમાં આખા ગામને જમાડતા નથી. શક્તિ મુજબ ખર્ચ ઘણા કરતા થયા છે. પીઠી એક જ દિવસ ત્રણ ચારવાર ચોળે છે. પહેલાં ત્રણ દિવસ ચોળાતી હતી. લગ્ન ખર્ચ ઓછું કરે છે. પહેલાં આમંત્રણ હળદર ચોખા મૂકીને આપતા અત્યારે ઘણા કંકોત્રીથી આપતા થયા છે. લગ્નની જાનમાં પહેલાંની જેમ વધારે માણસો જતા નથી. જાન સ્થિતિ હોય તો ગાડાને બદલે એસ.ટી. કે ટ્રક દ્વારા લઇ જાય છે.

વળામણામાં હવે ખૂબ ઓછા માણસો જાય છે. આણામાં પણ ખૂબ ઓછા માણસો આવે છે. અને ખર્ચ પણ ઘણું ઓછું કરતા થયા છે.

ઘરજમાઇ પહેલાં લવાતો પછી લગ્ન થતાં હવે છોકરો પરણીને જ ઘરજમાઇ તરીકે સસરાને ઘેર આવે છે. તેમનામાં શિક્ષણ વધતાં છૂટાછેડાનું પ્રમાણ ઓછું થયું હોય એમ દેખાય છે.

સંસ્કૃતિક ક્ષેત્રે :

૧. પોશાકમાં પહેલાં ધોતી, ખમીસ, ફાળિયું, હવે હવે ઘણા ધોતીયું, ટોપી પેન્ટ શર્ટ અને સ્ત્રીઓ કમડાને બદલે (કછોટો) સાડી, કબજો પહેરતી ઘણી જોવા મળે છે.

૨. ઘરેણાં પહેલાં સોના ચાંદીનાં પહેરતા હતા હવે ઘરેણાં ખૂબ ઓછાં પહેરાય છે.

૩. આહાર કઢી હતો. હવે દાળ, ભાત, શાક, રોટલી, અથાણું ઘણા ખાતા થયા છે. માંસ, મચ્છી ધર્મ અને શિક્ષણના કારણે ઓછા ખાય છે. ઘણાતો ખાતા જ નથી.

૪. પહેલાં ચૌધરી બોલીનો ખૂબ ઉપયોગ થતો હવે શિક્ષણ અને બાહ્ય સંપર્કને કારણે ગુજરાતી ભાષા બોલીમા વ્યવહાર વધવા પામ્યો છે.

૫. નૃત્યોના ભારે શોખીન પરંતુ નૃત્યો ઓછા થયા છે. કારવેક જ નૃત્યો કરે છે.

૬. વાજિંત્રમાં ઢોલરું ખૂબ જ ઉપયોગમાં લેવાતું તેને બદલે રેડિયો, પડઘમ, માઇક વગેરનો ઉપયોગ દિવસે-દિવસે તેમનામાં આનંદપ્રમોદ અને ઉત્સવોએ ક પ્રસંગોએ વધતો ચાલ્યો છે.

૭. ઉત્સવ તહેવાર પ્રસંગે માંસ મચ્છીને બદલે અત્યારે ઘણા લોકો દૂધ પાક પૂરી ખાય છે. અને તેમાં ખર્ચ ઓછો કરતા થયા છે.

ચૌધરીઓનું જાતિપંચ :

૧. ઉદેશ : સામાજિક નૈતિક ગુલામી નાબૂદી માટે, અન્ય જ્ઞાતિની હરોળમાં આવવા તેમજ શિક્ષિતો સાથે સંગઠિત થઇ સમાજનું નિયમન કરવું. આમ ઉદેશ પરંપરાગત અને મર્યાદિત હતા પરંતુ વિકાસ થતાં પંચ પરંપરાગત રહેવા પામ્યું નથી. કાર્યક્ષેત્ર વધ્યું છે. પંચની કામગીરી તાલુકા મથકથી ચાલે છે.

જાતિપંચો નિયમો બનાવી સમાજને સંગઠિત રાખે છે. કયાં કાર્યો કરવા, કયાં ન કરવા એ સમાજના આગેવાનોનું બનેલું પંચ નક્કી કરે છે. પંચ ન્યાય આપે એ આખરી મનાય છે. તેની અવગણના કરે તેને બહાર મૂકાય છે. પંચ ગુનેગારને ગુન્હો જોઇ તપાસી આર્થિક સ્થિતિ મુજબ દંડ કરે છે.

સુરત જિલ્લાના માંડવી, માંગરોળ, સોનગઢ વિસ્તારના વધુ ચૌધરી વસ્તી ધરાવતા વિસ્તારોમાં ગામડાઓમાં વ્યવસ્થા જાળવવા માટે આજુબાજુના નજીક નજીકના ગામો ભેગાં કરી જૂથો રચવામાં આવ્યાં છે.

સભ્યપદ : આ જાતિમાં પંચના સભ્ય થવા માટે ચૌધરી હોવું પૂરતું નથી. તેમાં સ્ત્રીની ઉંમર ૧૬ વર્ષ અને પુરુષની ઉંમર ૧૮ વર્ષ હોવી જોઇએ. સભ્ય ફી ભરી દરેક સભ્યપદ મેળવી શકે છે.

ગ્રામકમીટી : ગામલોકો ચૂંટીને ગ્રામ કમીટીના સભ્યો મૂકે છે.

જૂથ કમીટી : દર પાંચ ગામે જૂથ કમીટી રચવામાં આવે છે. જેમાં ગ્રામ કમીટીના ચૂંટાયેલ સભ્યોમાંથી ચૂંટાઇને જૂથ કમીટી બનાવાય છે.

તાલુકા મુખ્ય કમીટી : જૂથ કમીટીના સભ્યોમાંથી તાલુકા કમીટીનાસભ્યો ચૂંટાય છે. અને તાલુકા કમીટી બને છે.

હોદ્દેદારો : તાલુકાની મુખ્ય કમીટીમાંથી હોદ્દેદારો ચૂંટીને બનાવવામાં આવે છે. જેમાં (૧) પ્રમુખ (૨) ઉપપ્રમુખ (૩) મંત્રી (૪) સહમંત્રી (૫) બાકીના પાંચ વધારાના સભ્યો ચૂંટાય છે.

જનરલ કમીટી : ચૌધરી જ્ઞાતિ મંડળમાં જનરલ એ કમીટીની રચના કરાય છે. જેમા તાલુકાની મુખ્ય કમીટીમાંથી જનરલ કમીટી ચૂંટાય છે. જેમા ૧૫ સભ્યો હોય છે.

જનરલ કમીટીની સત્તાઓ : સામાજિક રીતરિવાજોનું પાલન કરવા માટે ગ્રામ કમીટી ઉપર દેખરેખ રાખવાનું. તેમાં જરૂર જણાય તો જૂથ કમીટીની સલાહ લે છે. આ બધામાં તાલુકા મુખ્ય કમીટી ગ્રામ કમીટી અને જૂથ કમીટી ઉપર દેખરેખ રાખશે. એટલે જ જનરલ કમીટીની જવાબદારી વધુ હોય છે. આમ સુરત જિલ્લાના ચૌધરીઓમાં ગ્રામજાતિપંચથી તાલુકા મુખ્ય કમીટી સુધી જુદા જુદા પંચોની કમીટીઓ દ્વારા જાતિ નિયમન અને સંગઠન માટે કામો કરવા જૂથો નિમવામાં આવે છે. જે પોતાના સમાજના જુદા જુદા ક્ષેત્રના પ્રશ્નોનું નિરાકરણ કરીને યોગ્ય ઘટતાં પગલાં લે છે.

જેમ કે ગામમાં કોઇ વ્યક્તિની ફરિયાદ હોય તો ગ્રામપંચ આગળ કોઇ સભ્યને આગળ કે ફળિયામાં કે પછી કોઇ ઝાડ નીચે બેસી બંનેની ફરિયાદ સાંભળી ન્યાય કરે છે. સ્ત્રી પુરુષના ભેદભાવ રાખ્યા વિના બંનેને સાંભળે છે.

આ સિવાય કોઇ બે ગામના પ્રશ્નો હોય તો બંને ગામનાં જાતિપંચો મળીને પ્રશ્નનું નિરાકરણ લાવે છે. નિરાકરણ ન થાય તો જૂથ કમીટી પાસે પ્રશ્ન લઇ જાય છે. ચૌધરીઓમાં અંદરોઅંદરના ઝઘડાઓ, રીતરિવાજોને લગતા પ્રશ્નો ઊભા થાય ત્યારે આ જાતિપંચ ખૂબ જ અગત્યની ભૂમિકા ભજવી તેનું નિરાકરણ લાવે છે. ચૌધરીઓમાં સગાઇ અને લગ્ન વખતે જાતિપંચના સભ્યોની સલાહ લેવી જરૂરી મનાય છે.

આમ ચૌધરીઓમાં સુવ્યવસ્થા ટકાવી રાખવા, તેમનામાં પરંપરાગત સામાજિક માળખાને અનુરુપ રૂઢિગત રીતરિવાજોનું પાલન કરાવવાનું કામ જાતિપંચ કરે છે. આમ પંચ સામાજિક સંગઠન ટકાવી રાખવા માટે જરૂરી જણાય ત્યાં યોગ્ય પગલાં લઇ સંવાદિતા લાવવાનું કામ કરે છે. જે પોતાના સમાજની દરેક વ્યક્તિને માન્ય હોય છે. તેઓ પંચ ત્યાં પરમેશ્વરમાં માને છે. તેમ છતાં તેમનામાં શિક્ષણ અને બીજા બાહ્ય પરિબળોને કારણે પરિવર્તન આવ્યું છે. જેને કારણે કેસ કોર્ટે ઘણા લઇ જતા જોવા મળે છે.

ધાર્મિક જીવન :

બીજા આદિવાસીઓ અને અન્ય સમાજોમાં જેમ લોક-પરલોક, મૃત્યુલોક અને સ્વર્ગની કલ્પનાઓ છે તેમ ચૌધરીઓમાં પણ છે. સ્વર્ગને તેઓ 'જુગ' કહે છે. તેમનામાં લોક પરલોકની જડતાની માન્યતા દૃઢ છે. તેઓ માને છે કે સજીવ માત્રમાં ચેતના છે. અને તેઓ જીવ તરીકે ઓળખે છે. મનુષ્યના ખોળિયામાં જીવ પ્રવેશે ત્યારે આત્મા બને છે. ચૌધરીઓમાં પોતે જીવ પેટમાં રહે છે એમ માને છે.

મૃત્યુ પામેલા માણસના પ્રેતને 'બાગળો' કહે છે. સ્ત્રીના પ્રેતને 'ડાકણ' અને સુવાવડી સ્ત્રીના પ્રેતને 'વંતરી' કહે છે. જીવંત સ્ત્રી મેલી વિદ્યા શીખેલી હોય તેને અને અધૂરી વિદ્યાવાળીને બદેખી' અથવા કોહી' કહે છે.

ચૌધરીઓ મંત્ર તંત્રની મેલી વિદ્યામાં માને છે. જે અસહ્યવૃત્તિનું પ્રતીક છે. તેઓ ચોખ્ખા દેવને ફળફૂલ, નાળિયેરથી પૂજે છે. જે કોરી પૂજા છે. અને સદ્‌વૃત્તિનું તેઓ પ્રતીક ગણે છે. તેમનામાં મેલી વિદ્યાના પ્રયોગો મૂઠ મારવી, નગર કરવાની પ્રક્રિયા વગેરે છે. મંત્રતંત્રની આરાધના કાળી ચૌદશના દિવસે થાય છે. ચોસઠ જોગણી એમની આરાધ્ય દેવ ગણાય છે. તેઓ માને છે કે મેલી વિદ્યાની અસર ચોખ્ખા દેવની આરાધના આગળ ટકી શકતી નથી.

ચૌધરીઓમાં ભગત એ ભગવાન અને વ્યક્તિઓ વચ્ચેનું માધ્યમ છે. તેઓ પ્રકૃતિના તત્વોને વધુ મહત્વ આપી પૂજે છે. તેમનામાં દેવોના મંદિરો ખાસ જોવા મળતા નથી. તેમના દેવો વેરાન જંગલની ઊંડી ઝાડીઓમાં, પર્વતની ટોચે, ગુફામાં, નદી કિનારે હોય છે. તેમનામાં ધર્મ ક્રિયાકાંડ વગેરેનો નથી. તેમના દેવો ભૂત પ્રેતથી જુદા છે.

ચૌધરીઓમાં જીવનનાં બધા જ ક્ષેત્રોમાં ધર્મ જોડાયેલો જોવા મળે છે. તેઓ જન્મથી મૃત્યુ સુધીના બધા રીતરિવાજોમાં પણ તેને સાંકળતા જોવા મળે છે. જેમ કે જન્મ સમયે દેવલીમાડીની બાધા રખાય છે. ગર્ભ ન રહેતો હોય ત્યારે બાધા રાખી દેવલીમાડીએ હરખી લઇ પૂજે છે. સુવાવડ પહેલાં કબરી દેવીની બાધા રાખે છે. જેની પૂજા દાયણ કરે છે. તેમનામાં અદેખીની બાળકને નજર ન લાગે એટલે સારા નામ પાડતા નથી.

એજ રીતે લગ્ન વખતે સગાઇમાં ધુમ્હોઇ માતાની બાધા પૂજા કરાય છે. ભવાની માતાની પૂજા લગ્નની સફળતા માટે કરે છે. લગ્નની વિધિઓમાં પણ શરૂથી પૂર્ણ થતાંમાં લગ્ન પૂજાવિધિ કે પગે લગાડવાનું વગેરે તેઓ અચૂક કરે છે.

એ જ રીતે કેટલાક રોગોમાં પણ દેવદેવીઓની બાધા અને પૂજા વિધિ તેઓ કરે છે. તેઓ ગોવાળદેવ પશુઓના રોગ માટે, દેવલીમાડી, ઉનાઇ માતા, હવાડિયો દેવ, કાકો બળિયો, કેબરી દેવી વગેરેની પોતાના અને પશુઓના રોગો માટે બાધા માનતા અને પૂજાવિધિઓ તેઓ કરે છે.

ચૌધરીઓમાં મૃત્યુ પછી ખતરા મૂકવામાં પણ પૂજા વિધિ કરે છે. આ ખતરાની પૂજાવિધિ અખાત્રીજ, દિવાસો અને દિવાળી એમ ત્રણવાર ત્રણ તહેવારોએ કરે છે. મૃત્યુ પછીના આ ખતરાની ઘુમ્મટની રક્ષા એ તેઓ ધર્મની રક્ષા ગણે છે.

આમ ચૌધરીઓમાં ધર્મ જીવનના દરેક પાસાઓમાં વણાયેલો જોવા મળે છે. છતાં આજે બાહ્ય સંપર્કને કારણે, શિક્ષણના બહોળા ફેલાવાને લીધે તેમના ધર્મના દરેક દરેક ક્ષેત્રમાં આજે પરિવર્તન જોવા મળે છે. જેમ કે લોક-પરલોક, મૃત્યુ-સ્વર્ગની કલ્પનાઓમાં કેટલાક માનતા નથી. ભૂત, પ્રેત, ડાકણ વગેરેનું પ્રમાણ ઓછું થયું છે. કેટલાક મંત્ર તંત્રની મેલી વિદ્યાઓને બદલે ડૉકટર કે દવાને માનતા થયા છે. તેઓ કોરી પૂજા કરે છે. ભોગ બલિમાં પણ માનતા નથી. ભગત ભૂવાનું પહેલાં જેટલું મહત્વ કે વર્ચસ્વ શિક્ષણને લઇ રહેવા પામ્યું નથી. કેટલાક ભૂવા ભગતને બદલે બ્રાહ્મણ દ્વારા પૂજા વિધિઓ કરાવે છે. હવે કેટલીક જગ્યાએ દેવ દેવીઓનાં મંદિર બનાવી ત્યાં પૂજા કરે છે.

જન્મ, લગ્ન, મૃત્યુ સમયની વિધિઓમાં પણ તેમનામાં આજે બાધા માનતા, પૂજા વિધિ વગેરે બ્રાહ્મણ દ્વારા કરાવે છે. ખેતીમાં કે રોગોમાં બાધાને બદલે દવા કરીને કે મહેનત કરીને જીવન જીવતા કેટલાક શિક્ષણની અસરો તેમના પર થવા પામી છે.

ચૌધરીઓ પોતાના પરંપરાગત દેવ દેવીઓ ઉપરાંત હિંદુઓના કેટલાક દેવ દેવીઓની પૂજા વિધિઓ તેઓ કરતા થયા છે. એ જ રીતે ભાઈ બીજ, રામનવમી, બળેવ, મહાશિવરાત્રી દેવઉઠી-પોઢી વગેરે જેવા તહેવારોને માનતા થયા છે. જેમાં તેઓ એકટાણું અને ફળાહાર કરે છે. પહેલાની જેમ બાધા માનતા માની બકરું, મરઘું વધેરતા નથી, કે ખાતા પણ નથી. કેટલાક ખાય છે પણ જેમને ધર્મ બહારનો અપનાવ્યો કે હિંદુઓના ડોરા પૂજાવાળા દેવ દેવીઓને માન્યા છે તેઓ ખાતા નથી. એ જ રીતે દારૂ પણ તેઓ પીતા ઓછા થયા છે. કેટલાક બિલકુલ પીતા નથી.

...

## પ્રકરણ - ૬

## ૧૯૮૯માં ભાતખાઇ ગામના આદિવાસીઓમાં દેખાતા પરિવર્તનો

આગળના પ્રકરણોમા ૧૯૮૯માં તપાસમાં લીધેલ કુટુંબોની આર્થિક, સામાજિક, શૈક્ષણિક અને અન્ય પરિસ્થિતિ શું છે તે જોયુ. આ પ્રકરણમાં ૧૯૬૯, ૧૯૭૯ અને ૧૯૮૯ની તપાસની તુલનાત્મક સ્થિતિના વર્ણન પરથી ભાતખાઇ ગામમા અને તેમાં વસતા ચૌધરી આદિવાસી કુટુંબોમાં આવેલ પરિવર્તનોનો ખ્યાલ આપ્યો છે. પ્રકરણ ૧ માં જણાવ્યું છે તેમ ૧૯૬૯માં ૫૪ આદિવાસી કુટુંબોનો અભ્યાસ થયો હતો. ૧૯૭૯માં સર્વેક્ષિત ૫૪ કુટુંબોમાંથી પાંચ કુટુંબના વડા ગુજરી ગયા હતા અને બે કુટુંબ ગામ છોડી બહાર આંબાપારડી ગામે વસવાટ કર્યો હતો, એટલે ૪૭ કુટુંબોની તપાસ થઇ શકી હતી. જયારે ૧૯૮૯માં ૪૭ કુટુંબોમાંથી ૧૨ કુટુંબના વડા મૃત્યુ પામવાથી ૩૫ કુટુંબોનો અભ્યાસ થઇ શકયો છે.

આદિવાસી કુટુંબોમાં આવેલ પરિવર્તન જોતાં પહેલાં ભાતખાઇ ગામ જે ૧૯૬૯ અને ૧૯૭૯મા હતું તેમાં શું ફેરફાર થયા છે તે જોઇએ.

ગામમાં આવેલ પરિવર્તનો :

(૧) ગામ પાસેથી માંડવી ઉકાઇ માર્ગે ડામર રોડ છે આને લઇને ગામને આવતી જતી ૧૦થી ૧૨ જેટલી બસ સેવાનો લાભ મળે છે. આ ઉપરાંત ખાનગી વાહનો ઘણા મળી રહે છે. જો કે ભાતખાઇ ગામની અંદર બસ કે વાહનો જતા નથી પરંતુ સામલી ફળિયા કે ભાતખાઇના પાટીયા પર ઉતરીને ગામ પર જવા માટે એકાદ કી.મી. ચાલવું પડે છે.

(૨) ગામમા પહેલાની તપાસ સમયે વીજળીની સુવિધા ન હતી. હાલ ગામમાં જુદા જુદા મહોલ્લામાં વીજળી માટેના જાહેર થાંભલા નંખાઇ ગયા છે. આ રીતે ગામને વીજળીનો લાભ મળયો છે.

(૩) પહેલાં ગામના કુટુંબોને પોતાની જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ લેવા માટે આજુબાજુનાં ગામોમા જવુ પડતુ હતું. છેલ્લા થોડા વર્ષોથી ગામના એક આદિવાસી ભાઇએ દુકાન કરી છે. જયાંથી પાન બીડી, ચા, ખાંડ અને અન્ય વસ્તુઓ મળી રહે છે. આ દુકાન તેમણે સરકારશ્રીની યોજના દ્વારા મદદ મેળવી બનાવી છે.

(૪) ગામના જે જુદા જુદા મહોલ્લા છે તેની વચ્ચેથી નાની સરખી ખાડી છે. આને લઇને ચોમાસામા એક બીજા મહોલ્લામાં જવાની તકલીફ રહેતી હતી. હવે એક નાળુ બનાવ્યુ છે. આને લઇને જવા આવવાનો રસ્તો કાયમી બની ગયો છે. સરકારશ્રી તરફથી આ કામગીરી થવાથી લોકોમાં અતી આનંદની લાગણી થઇ હતી.

(૫) ગામની ખેતી માટે સિંચાઇ યોજના ન હતી. છેલ્લા થોડા વર્ષોથી લખીગામ યોજના થઇ છે. જેમાંથી ભાતખાઇ ગામની અડધા ઉપરની ખેતીની જમીનમા સિંચાઇ થઇ શકે છે. આ સિંચાઇ યોજનાને લઇને ખેડૂતો એક કરતાં વધુ પાકો લઇ શકતા થયા છે.

(૬) ગામમાં પહેલાંની તપાસ સમયે વાહનોનો અભાવ હતો અત્યારે એક બે કુટુંબ પાસે મોટર સાયકલ છે.

(૭) ગામમા પશુધનનો વધારો થવાથી અને દૂધ વધુ મળવાથી ગામમાં દૂધ સહકારી મંડળીની સ્થાપના થઇ છે. અને તેનો લાભ મોટા ભાગના કુટુંબોને મળે છે.

(૮) શાળા માટેનું મકાન પહેલાં હતુ નહીં, નિશાળ ભાડાના મકાનમાં ચાલતી હતી. હાલ શાળા માટેનુ મકાન બન્યુ છે. અને મકાનમા વધારો પણ થતો જાય છે.

ઉપરોક્ત ચિત્રથી જે જોઇ શકાશે કે ૧૯૭૯મા ગામમા જે પ્રાથમિક સુવિધાઓ હતી તેના કરતાં હાલમા સરકારશ્રીના પ્રયાસો અને આદિવાસીઓ માટેની જુદી જુદી યોજનાઓને કારણે પ્રાથમિક સુવિધાઓ વધી છે. તેમા પણ વાહન વ્યવહારની સુવિધાઓ વધવાથી ગામને ઘણા ફાયદા થયા છે. જેમ કે (૧) ગામના યુવકો હીરા ઘસવા કે અન્ય કામ માટે બહાર ગામ આવ જા કરી શકે છે. (૨) ગામમાં એકઠું થતું દૂધ બને સમયે નિયમિત પહોંચાડી શકાય છે વગેરે.

<u>આદિવાસી કુટુંબોમા આવેલ પરિવર્તનો :</u>

૧૯૬૯માં ભાતખાઇ ગામમાંથી ૫૪ કુટુંબોની તપાસ કરવામાં આવી હતી. આજ કુટુંબોની સ્થિતિ ૧૯૭૯ અને ૧૯૮૯માં નીચે પ્રમાણે રહી હતી.

૧૯૬૯મા પસંદ થયેલ કુટુંબોનુ ધંધા પ્રમાણે વર્ગીકરણ અને તે જ કુટુંબોની ૧૯૭૯ અને ૧૯૮૯માં શું સ્થિતિ છે તે દર્શાવતો કોઠો

| ક્રમ | વર્ષ | વ્યવસાય ખેતી | બહાર ગામ મજૂરી માટે | મૃત્યુ પામ્યા | કુલ કુટુંબો |
|---|---|---|---|---|---|
| ૧. | ૧૯૬૯ | ૫૪ | - | - | ૫૪ |
| ૨. | ૧૯૭૯ | ૪૭ | ૨ | ૫ | ૫૪ |
| ૩. | ૧૯૮૯ | ૩૫ | ૨ | ૧૭ | ૫૪ |

ઉપરોક્ત કોઠા પરથી જોઈ શકાશે કે છેલ્લા વીસ વર્ષના ગાળામાં પ્રથમ પસંદ થયેલ ૫૪ કુટુંબોમાંથી ૧૭ (૩૧.૪૮%) કુટુંબોના વડા મૃત્યુ પામ્યા છે.

છેલ્લા ત્રણ દાયકામાં કુટુંબના સભ્યો સંબંધી નીચે મુજબ ચિત્ર જોવા મળ્યું.

| ક્રમ | વિગત | ૧૯૬૯ | ૧૯૭૯ | ૧૯૮૯ |
|---|---|---|---|---|
| ૧. | કુટુંબ સંખ્યા | ૫૪ | ૪૭ | ૩૫ |
| ૨. | સભ્ય સંખ્યા | ૩૦૭ | ૩૬૫ | ૨૫૧ |
| ૩. | સરાસરી કુટુંબ દીઠ સભ્યો | ૬.૫૩ | ૭.૭૭ | ૭.૧૭ |

ઉપરના કોઠા પરથી જોઈ શકાશે કે ૧૯૬૯માં કુટુંબદીઠ સભ્યસંખ્યા ~~૬.૫૩~~ 6.83 હતી, ૧૯૭૯માં આ સંખ્યા ૭.૭૭ હતી એટલે કે કુટુંબદીઠ સભ્યસંખ્યામાં વધારો થયો છે. જયારે ૧૯૮૯માં કુટુંબદીઠ સભ્યસંખ્યા ૭.૧૭ જોવા મળે છે. આમ ૧૯૭૯ કરતાં કુટુંબદીઠ સભ્યસંખ્યા ઓછી છે છતાં એક કુટુંબમાં સરેરાશ ૭ સભ્યો રહે છે. અને એ રીતે સંયુક્ત કુટુંબમાં રહેનારની સંખ્યા વધુ છે તેમ કહી શકાય. જેને નીચેના કોઠાથી વધુ પુષ્ટિ મળે છે.

| કુટુંબનો પ્રકાર | ૧૯૭૯ | ૧૯૮૯ |
|---|---|---|
| સંયુકત | ૩૮ (૮૦.૯) | ૩૧ (૮૮.૫૭) |
| વિભકત | ૯(૧૯.૧) | ૪(૧૧.૪૩) |
| કુલ | ૪૭(૧૦૦.૦૦) | ૩૫(૧૦૦.૦૦) |

આ ઉપરાંત સભ્યસંખ્યાની રીતે જોતાં પણ એવું જોવા મળ્યું હતું કે ૭થી ૧૦ સભ્યોવાળા કુટુંબની સંખ્યા વધુ છે.

કુટુંબનું કદ દર્શાવતો કોઠો

| કુટુંબનું કદ | ૧૯૭૯ | ટકા | ૧૯૮૯ | ટકા |
|---|---|---|---|---|
| ૧થી ૩ સભ્યો | ૧ | ૨.૧ | ૧ | ૨.૮૬ |
| ૪થી ૬ સભ્યો | ૨૭ | ૫૭.૪ | ૧૩ | ૩૭.૧૪ |
| ૭થી ૧૦ સભ્યો | ૧૧ | ૨૩.૪ | ૧૬ | ૫૪.૭૧ |
| ૧૦થી ઉપર | ૮ | ૧૭.૦ | ૫ | ૧૪.૨૯ |
| કુલ | ૪૭ | ૧૦૦.૦૦ | ૩૫ | ૧૦૦.૦૦ |

૧૯૭૯માં ૪થી ૬ સભ્ય સંખ્યાવાળા કુટુંબોની સંખ્યા વધુ હતી જયારે ૧૯૮૯ માં આ જૂથમાં ૭થી ૧૦ સભ્યસંખ્યા ધરાવતા કુટુંબોની સંખ્યા વધુ (૫૪.૭૧ %) જોવા મળી હતી. જયારે ૧૯૭૯ની સરખામણીએ ૧થી ૩ સભ્યો, ૪થી ૬ સભ્યો અને ૧૦થી ઉપરની સભ્યસંખ્યાવાળા કુટુંબોની સંખ્યા ૧૯૮૯માં ઓછી થઇ છે.

ઘરની સ્થિતિ દર્શાવતો કોઠો

| વિગત | ૧૯૬૯ | ૧૯૭૯ | ૯૮૯ |
|---|---|---|---|
| કાચુ | ૪૭ | ૪૬ | ૩૫ |
| પાકું | - | ૧ | - |
| કુલ | ૪૭ | ૪૭ | ૩૫ |

માત્ર ૧૯૭૯ની તપાસ વેળા એવી વિગત મળી હતી કે એક ઘર પાકું છે. પણ ૧૯૮૯ની તપાસ વેળા કોઇ પણ કુટુંબ પાસે પાકું ઘર જોવા મળ્યું ન હતું. શકય છે કે ચાલુ તપાસ સમયે જે બાર કુટુંબના વડાના મૃત્યુ થયા હોય તેમાંના કોઇ પાસે પાકું ઘર હોય.

<u>ઘરવખરીનાં સાધનોનુ પ્રમાણ દર્શાવતો કોઠો</u>

| ક્રમ | વિગત | સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | ૧૯૬૯ | ૧૯૭૯ | ૧૯૮૯ |
| ૧. | એલ્યુમિનિયમ | ૪૭ | ૧૭૮ | ૩૧૮ |
| ૨. | પિત્તળ | ૪૦ | ૧૩૩ | ૧૭૯ |
| ૩. | તાંબુ | ૫ | ૫ | ૪૮ |
| ૪. | માટી | ૪૫ | ૧૧૫ | ૧૪૪ |
| ૫. | કાંસુ | ૨૦ | ૧૦ | - |
| ૬. | અન્ય કાચ-સ્ટીલ | ૪૧ | ૧૦ | ૧૧૬ |
| | કુલ | ૧૯૮ | ૪૫૧ | ૭૯૯ |
| | કુટુંબદીઠ સરાસરી | ૪.૨ | ૯.૬ | ૨૨.૮ |

અભ્યાસના ત્રણ દાયકાનું ચિત્ર જોતાં ખ્યાલ આવે છે કે વાસણોની સંખ્યા અભ્યાસના દરેક વર્ષમાં વધી છે. ૧૯૬૯ના અને ૧૯૭૯ના વર્ષમાં વાસણોની કુટુંબદીઠ સંખ્યા અનુક્રમે ૪.૨ અને ૯.૬ હતી તેની સામે ૧૯૮૯ના વર્ષમાં આ સંખ્યા ૨૨.૮ જોવા મળી હતી. આ રીતે વાસણો માટેની ખરીદશક્તિ વધી છે તેમ કહી શકાય.

ફર્નિચર :

| ક્રમ | વિગત | ૧૯૬૯ | ૧૯૭૯ | ૧૯૮૯ |
|---|---|---|---|---|
| ૧. | ખાટલા(કાથી-પાટીના) | ૫૧ | ૧૦૧ | ૯૩ |
| ૨. | લાકડાનું ફર્નિચર (ખુરશી-ટીપોઇ) | ૩ | ૧૨ | ૨૫ |
| ૩. | ઘડિયાળ | ૨ | ૧૦ | ૨૧ |
| ૪. | સાયકલ | - | ૧૨ | ૨૨ |
| ૫. | રેડિયો | - | ૪ | ૯ |
| ૬. | સીવવાના સંચા | - | ૨ | - |
| ૭. | જાળ | ૪૦ | ૨૯ | ૨ |
| ૮. | ફાનસ, ચીમની | ૬૬ | ૫૮ | ૪૪ |
| ૯. | પ્રાયમસ | - | ૪ | - |
| ૧૦. | પેટી | ૧૫ | ૨૦ | ૩૧ |
| ૧૧. | જેટરી | ૨૧ | ૧૨ | - |
| ૧૨. | ટોપલા-ટોપલી | ૪૬ | ૧૪૮ | ૧૫૨ |
| ૧૩. | ઘંટી | ૪૩ | ૪૫ | ૮ |
| ૧૪. | છત્રી | ૪૧ | ૧૯ | - |
| ૧૫. | મોટર સાયકલ | - | - | ૧ |
| ૧૬. | અન્ય | ૪ | - | - |
| | કુલ | ૩૩૩ | ૪૭૬ | ૪૦૮ |
| | કુટુંબદીઠ સરેરાશ | ૭.૧ | ૧૦.૧ | ૧૧.૭ |

ઘરવખરીની અન્ય વસ્તુઓમાં વધારો દેખાય છે. જો કે અમુક વસ્તુઓ દા.ત. સીવવાનો સંચો, જેટરી, ફાનસ, પ્રાયમસ, ઘંટી, છત્રી વગેરે તપાસના ૧૯૬૯ અને ૧૯૭૯મા જોવા મળ્યા હતા. તે સંખ્યામાં ૧૯૮૯માં ઘટાડો થયો છે, કે વસ્તુઓ હાલમાં નથી તેવું જોવા મળે છે. જ્યારે ઘડિયાળ, સાયકલ, રેડિયો, મોટર સાયકલ વગેરેની સંખ્યામાં અગાઉની તપાસ કરતાં ચાલુ તપાસમાં સંખ્યા વધુ જોવા મળી હતી.

**ખેતીની જમીન :**

ભાતખાઈ ગામમાં વસતાં બધાજ કુટુંબોનો મુખ્ય વ્યવસાય ખેતી છે. ખેતીને સીધો સંબંધ ખેતી માટેની જમીન સાથે છે. છેલ્લા બે દાયકામાં અને ચાલુ સર્વેક્ષણ દરમિયાન જમીનના કદની સ્થિતિનું ચિત્ર આ પ્રમાણે જાણવા મળ્યું.

**જમીનના કદ પ્રમાણે કુટુંબોનું વર્ગીકરણ :**

| ક્રમ | જમીનનું કદ | ૧૯૬૯ કુલ કુટુંબ | ૧૯૬૯ જમીન એ. ગું. | ૧૯૭૯ કુલ કુટુંબ | ૧૯૭૯ જમીન એ. ગું. | ૧૯૮૯ કુલ કુટુંબ | ૧૯૮૯ જમીન એ. ગું. |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૦થી ૨.૫ | ૫ | ૭.૩૭ | ૧૩ | ૨૭.૨૦ | ૪ | ૬.૧૪ |
| ૨. | ૨.૫થી ૫.૦ | ૧૯ | ૭૧.૩૯ | ૧૪ | ૫૩.૧૨ | ૧૯ | ૬૪.૫૭ |
| ૩. | ૫.૦થી ૭.૫ | ૧૨ | ૭૩.૦૫ | ૧૧ | ૬૬.૧૦ | ૬ | ૪૦.૫૧ |
| ૪. | ૭.૫થી ૧૦.૦ | ૭ | ૫૮.૨૭ | ૫ | ૪૬.૨૭ | ૫ | ૩૯.૫૫ |
| ૫. | ૧૦.૦થી ૧૫.૦ | ૩ | ૩૫.૨૬ | ૩ | ૩૮.૦૫ | ૧ | ૧૨.૦૭ |
| ૬. | જમીનવિહોણા | ૧ | - | ૧ | - | - | - |
| | કુલ | ૪૭ | ૨૪૭.૧૪ | ૪૭ | ૨૩૧.૩૪ | ૩૫ | ૧૬૩.૩૪ |
| | સરેરાશ જમીન | - | ૫.૩ | - | ૪.૯ | - | ૪.૭ |

ઉપરોક્ત વિગતોથી ખ્યાલ આવ્યો કે ૧૯૬૯ અને ૧૯૭૯ના દસ વર્ષના સમયગાળામાં જમીનના કદમાં મોટા ફેરફારો થયેલા જોવા મળે છે. ઉપરાંત જમીનનું પ્રમાણ પણ ઘટતું જતું માલુમ પડે છે. જ્યારે ૧૯૭૯ અને ૧૯૮૯ના દસ વર્ષના સમયગાળામાં જમીન કદમાં બહુ ફેરફાર જોવા નથી મળતા. એકંદર ૧૯૭૯ અને ૧૯૮૯માં જમીન ધરાવનાર કુટુંબો અને તેમની પાસેની જમીન કેટલી છે તે વિગતોમાં સામ્ય જોવા મળે છે. જે ફેરફારો દેખાય છે તેમાં (૧) ૧૯૬૯ અને ૧૯૭૯માં જમીન વિહોણું એક કુટુંબ હતું. ૧૯૮૯માં સર્વેક્ષિત બધા કુટુંબો પાસે જમીન છે. (૨) ૫.૦ એકરથી વધુ જમીન ધરાવનારની સંખ્યામાં ઘટાડો થતો જાય છે. (૩) એકંદર કુટુંબદીઠ જમીન ધરાવનારમાં ૧૯૬૯ (૫.૩) ૧૯૭૯ (૪.૯) અને ૧૯૮૯માં(૪.૭) જમીનનું કદ કુટુંબદીઠ ઓછું થતું જાય છે.

ખેતીનાં સાધનો :

ચૌધરી કુટુંબો પાસે ખેતી માટેના ઓજારો પ્રાથમિક કક્ષાનાં છે. દસ વર્ષ પહેલાંનાં અને હાલમાં સર્વેક્ષણ કર્યું ત્યારે સાધનોમાં કે તેની સંખ્યામાં બહુ ફેરફારો જોવા મળ્યા નથી.

ખેતીનાં સાધનોની માહિતી

| વિગત | સંખ્યા ૧૯૭૯ | સંખ્યા ૧૯૮૯ |
|---|---|---|
| હળ | ૩૯ | ૩૫ |
| કરબ | ૩૯ | ૩૫ |
| સમાર | ૨૭ | - |
| વાવણિયો | ૨૯ | ૪૫ |
| ગાડું | - | ૧૬ |
| કૂવા | - | ૭ |
| નાના ઓજાર અક્ષીસ | ૩૧૦ | ૧૮૭ |
| મશીન | - | ૧ |
| કુલ | ૪૪૪ | ૩૨૭ |
| સરેરાશ | ૯.૪ | ૯.૩ |

ખાસ કરીને ૧૯૮૯ની તપાસ વેળા ગાડું, મશીન, કૂવા વગેરે ધરાવનાર કુટુંબો જોવા મળ્યા. પૃચ્છા કરતા જાણવા મળ્યુ કે આ બધા સાધનો સરકારી યોજના મારફતે મળ્યા હતા.

પશુધન :

ભાતખાઇ ગામનાં આદિવાસી કુટુંબો અને અન્યો સાથે ચર્ચા કરતા એવું જાણવા મળ્યું કે ભાતખાઇ ગામમા આદિવાસી કુટુંબોની આર્થિક સ્થિતિમા જે કોઇ સુધારો દેખાય છે તેમાં પશુ વ્યવસાયે મહત્વનું પ્રદાન આપ્યું છે. અમારા નિરીક્ષણ વ્દારા અને સર્વેક્ષણ વ્દારા જે વિગતો મળી તેનાથી ઉપરોક્ત હકીકતોને પુષ્ટિ મળે છે. ખાસ કરીને દૂધાળા ઢોરની સંખ્યા વધી છે અને ખેતી ઉપયોગી પશુધન ઓછુ થયું છે. આની વધુ માહિતી નીચે આપી છે.

પશુધનની માહિતી

| વિગત | ૧૯૬૯ સંખ્યા | ૧૯૭૯ સંખ્યા | ૧૯૮૯ સંખ્યા |
|---|---|---|---|
| ગાય/ભેંસ | ૬૬ | ૮૫ | ૯૪ |
| બકરાં/ઘેટાં | ૮ | ૩૬ | ૧૧ |
| બળદ | ૭૩ | ૬૮ | ૬૬ |
| વાછરડા/વાછરડી | ૫૮ | ૪૮ | ૨૯ |
| પાડા/પાડી | - | ૧૬ | ૧૩ |
| મરઘાં | ૧૪૧ | ૮૬ | ૭૪ |
| કુલ | ૩૪૬ | ૩૩૯ | ૨૮૭ |
| કુટુંબદીઠ પશુધન | ૭. ૪ | ૭. ૨ | ૮. ૨ |

ઉપરોકત ચિત્રથી ત્રણ-ચાર વિગતો તરી આવે છે.

(૧) દૂધાળાં ઢોરની સંખ્યા દરેક અભ્યાસના વર્ષમાં વધતી જોવા મળી છે.

(૨) બકરા ઘેટાંની સંખ્યામાં જે ૧૯૬૯ કરતાં ૧૯૭૯માં વધારો દેખાયો હતો તેમાં ૧૯૮૯માં ઘટાડો દેખાય છે.

(૩) બળદોની સંખ્યા ઘટતી જાય છે. જે ઘટતી સંખ્યા નજીવી છે.

(૪) સરાસરી કુટુંબદીઠ પશુધાનમાં ૧૯૬૯ કરતાં ૧૯૭૯માં ૦. ૨નો ઘટાડો થયો હતો જયારે ૧૯૭૯ કરતાં ૧૯૮૯માં કુટુંબદીઠ એક પશુધનનો વધારો થયો છે.

આવક :

આગળ ~~જોયું~~ જણાવ્યું છે તેમ પ્રથમ બે તપાસ કરતાં ૧૯૮૯માં તપાસ વળા ભાતખાઇ ગામના કુટુંબોની આવકમાં વધારો થયો છે. ખાસ કરીને ગામમાં ખેતી માટેની સિંચાઇ વધી, પશુ વ્યવસાય (દૂધાળાં ઢોરો) દ્વારા અને ગામના છોકરાઓ અન્ય સ્થળોએ (આજુબાજુમાં) હિરા ઘસવાના કામે જવા લાગ્યા. આ બધી સ્થિતિને લઇને આવકમાં ઘણો જ ~~વધારો~~ સારો કહી શકાય તેવો વધારો જોવા મળ્યો. જેની વિગત નીચે મુજબ છે.

કુલ આવકનું પ્રમાણ

| ક્રમ | વિગત | આવક (રૂપિયામાં) 1966 | 1979 | 1989 |
|---|---|---|---|---|
| ૧. | ખેતી અને પશુપાલન | ૪૨૫૧૬ | ૫૫૬૪૦ | ૨૪૦૩૫૦ |
| ૨. | મજૂરી | ૧૨૪૨૬ | ૧૯૨૫૦ | ૯૪૦૦ |
| ૩. | નોકરી | - | ૭૨૦૦ | ૨૩૪૦૦ |
| ૪. | વન્ય પદાર્થ | ૯૯૫ | - | - |
| ૫. | અન્ય આવક | ૧૦૦૨ | - | ૧૩૨૭૦૦ (ફેરાફેરવાળા) |
| | કુલ | ૫૬૯૩૯ | ૮૨૦૯૦ | ૪૦૪૩૩૦ |
| | કુટુંબદીઠ વાર્ષિક આવક | ૧૨૧૧.૫ | ૧૭૪૬.૬ | ૧૧૫૫૨.૩ |
| | માથાદીઠ વાર્ષિક આવક | ૧૮૫.૫ | ૨૨૪.૯ | ૧૬૧૦.૯ |

ઉપરોક્ત આંકડાકીય ચિત્રથી જોઇ શકાશે કે

(૧) ૧૯૬૬ અને ૧૯૭૯ની તપાસ વેળા આવકમાં અને આવક પ્રાપ્તિના સ્ત્રોતોમાં બહુ ફેરફાર જોવા મળ્યા નથી. જે કાંઇ ફેરફાર છે તેમાં (અ) ૧૯૬૬માં નોકરી કરનારની આવક બિલકુલ હતી નહીં તે ૧૯૭૯માં જોવા મળે છે. અને (બ) વન્ય પદાર્થની આવક ૧૯૬૯માં હતી પરંતુ ૧૯૭૯માં વન્ય પદાર્થ દ્વારા કોઇ કુટુંબને આવક થતી નહોતી.

(૨) ૧૯૭૯ની તપાસ કરતાં ૧૯૮૯ની તપાસ સમયે આવકમાં તો ઘણો વધારો થયો. જે વધારો લગભગ પાંચ ગણો વધારો થયો છે તેમ કહી શકાય. સાથે આવકના સ્ત્રોતો વધ્યા છે.

(૩) કુટુંબદીઠ આવકમાં સરેરાશ ૧૯૭૯ કરતાં ૧૯૮૯માં છ ગણો વધારો થયો છે. અને માથાદીઠ આવકમાં આજ સમય ગાળામાં સાત ગણો વધારો નોંધાયો છે.

વપરાશી ખર્ચ :

આવકની સાથે જ વપરાશી ખર્ચની વિગતો પણ તપાસી છે. વપરાશી ખર્ચની વિગતો જોતાં ખર્ચ ઘણું બધું વધ્યું છે. આ માટે મોંઘવારી તો ખરી જ પણ સાથે જ તેમનું જીવનધોરણ નીચું નથી ગયું પણ સુધર્યું તો છે જ તેમ કહી શકાય.

## કુલ વપરાશી ખર્ચ (રૂપિયામાં)

| વિગત | ૧૯૬૬ | ટકા | ૧૯૭૯ | ટકા | ૧૯૮૯ | ટકા |
|---|---|---|---|---|---|---|
| ખોરાક | ૨૮૯૨૫ | ૫૬.૪ | ૫૩૮૯૫ | ૪૪.૫ | ૧૨૫૭૫૦ | ૩૮.૬ |
| શાકભાજી/ફળફળાદિ | ૧૨૨૦ | ૨.૪ | ૨૦૯૯ | ૧.૭ | ૯૭૦૦ | ૩.૧ |
| માંસ,મચ્છી, ઈંડા | ૧૪૮૮ | ૨.૯ | ૫૧૨૮ | ૪.૨ | ૧૬૮૦૦ | ૫.૧ |
| દૂધ, ઘી | ૧૬૮૦ | ૩.૩ | ૨૪૦ | ૦.૨ | ૧૯૩૦૦ | ૫.૯ |
| ખાંડ, ગોળ | ૭૮૨ | ૧.૫ | ૨૪૯૧ | ૨.૧ | ૧૨૫૪૫ | ૩.૯ |
| તેલ | ૮૫૩ | ૧.૭ | ૮૧૦૬ | ૬.૭ | ૧૨૭૯૫ | ૩.૯ |
| ચા, કોફી | ૪૫૨ | ૦.૮ | ૧૩૫ | ૦.૧ | ૩૬૬૦ | ૧.૧ |
| મસાલા | ૧૩૫૨ | ૨.૬ | ૧૫૦૫ | ૧.૨ | ૪૧૪૦ | ૧.૩ |
| દારૂ, બીડી, તમાકુ | ૧૮૭૯ | ૩.૬ | ૪૨૧૫ | ૩.૫ | ૨૧૦૫૦ | ૬.૫ |
| બળતણ | ૨૬૬ | ૦.૫ | ૨૫૧૫ | ૨.૧ | ૭૩૧૫ | ૨.૨ |
| શિક્ષણ | ૧૧૧૦ | ૨.૨ | ૧૭૮૦ | ૧.૫ | ૩૨૮૦ | ૧.૦ |
| કપડા, જોડા | ૭૫૭૬ | ૧૪.૮ | ૨૨૧૯૫ | ૧૮.૪ | ૪૫૯૬૫ | ૧૪.૦ |
| સામાજિક, ધાર્મિક | ૨૮૫૫ | ૫.૬ | ૫૮૫૦ | ૪.૮ | ૩૦૦૭૦ | ૯.૨ |
| મુસાફરી | ૯૦૫ | ૧.૭ | ૮૨૦૦ | ૬.૮ | ૯૫૩૦ | ૩.૦ |
| દવા | - | - | - | - | ૩૮૬૦ | ૧.૨ |
| અન્ય | - | - | ૨૬૫૫ | ૨.૨ | - | - |
| કુલ | ૫૧૩૦૬ | ૧૦૦.૦૦ | ૧૨૧૦૦૯ | ૧૦૦.૦૦ | ૩૨૫૭૬૦ | ૧૦૦.૦૦ |
| કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ | ૧૦૯૧.૬ | - | ૨૫૭૪૭ | - | ૯૦૦૭.૪ | - |
| માથાદીઠ વાર્ષિક | ૧૬૭.૦ | - | ૩૩૧.૫ | - | ૧૨૯૭.૮ | - |
| માથાદીઠ માસિક | ૧૩.૯ | - | ૨૭.૬ | - | ૧૦૮.૧૫ | |

ઉપરોકત કોઠા પરથી જોઇ શકાશે કે

(૧) ખાદ્યખોરાકી પાછળ થતા ખર્ચમાં દરેક અભ્યાસ વખતે ખર્ચ ઓછો થતો દેખાય છે.

(૨) ખાદ્યખોરાકી સાથે આનુષંગિક જેવા શાકભાજી ફળફળાદિ, માંસાહાર, દૂધ ઘી, ખાંડ, ગોળ વગેરેમાં ખર્ચ વધતો દેખાય છે.

## અસ્કયામતો :

આગળ આવક અને ખર્ચની વિગતો વગેરેને જોતાં કહી શકાય કે ભાતખાઇ ગામમાં વસતા ચૌધરીઓની સ્થિતિમાં અને જીવનધોરણમાં ફેરફારો થયા છે. ચૌધરી કુટુંબો પોતાના વ્યવસાય સંબંધમાં કે અન્ય રીતે કઇ કઇ વસ્તુઓ ખરીદતા થયા છે અને પોતાની પાસે જે હતું તેમાંથી શું ઓછું થયું છે તેની વિગત ૧૯૬૯, ૧૯૭૯ અને ૧૯૮૯માં આ પ્રમાણે જાણવા મળી હતી.

### કુલ અસ્કયામતનું પ્રમાણ

| વિગત | ૧૯૬૯ | ટકા | ૧૯૭૯ | ટકા | ૧૯૮૯ | ટકા |
|---|---|---|---|---|---|---|
| જમીનની કિંમત | ૧૯૨૬૫૦ | ૪૮.૯ | ૫૦૫૫૦૦ | ૫૧.૭ | ૫૦૮૫૦૦ | ૪૧.૫ |
| ઘરની કિંમત | ૮૩૪૦૦ | ૨૧.૨ | ૧૬૦૭૦૦ | ૧૬.૫ | ૧૧૯૮૦૦ | ૯.૮ |
| ઝાડની કિંમત | ૧૬૪૪૫ | ૪.૨ | ૧૨૩૨૦ | ૧.૩ | ૨૨૫૦૦ | ૧.૮ |
| પશુધનની કિંમત | ૫૯૬૪૧ | ૧૫.૧ | ૧૩૪૪૯૫ | ૧૩.૮ | ૩૩૩૫૨૦ | ૨૭.૨ |
| ખેતીનાં સાધનો | ૧૯૮૭૯ | ૫.૦ | ૪૯૮૫૦ | ૫.૧ | ૧૫૨૯૫૦ | ૧૨.૫ |
| ઘરવખરી | ૧૦૭૩૦ | ૨.૭ | ૪૧૧૦૮ | ૪.૨ | ૫૨૮૫૦ | ૪.૩ |
| ઘરેણાંની કિંમત | ૧૦૭૪૦ | ૨.૭ | ૬૨૬૫૦ | ૬.૪ | ૩૫૧૦૦ | ૨.૯ |
| અન્ય | ૪૫૫ | ૦.૨ | - | - | - | - |
| કુલ અસ્કયામત | ૩૯૩૯૪૦ | ૧૦૦.૦ | ૯૭૬૮૨૧ | ૧૦૦.૦ | ૧૨૨૫૨૨૦ | ૧૦૦.૦ |
| કુટુંબદીઠ અસ્કયામત | ૮૩૮૧.૭ | - | ૨૦૭૮૩.૪ | - | ૩૫૦૦૬.૨ | - |

ઉપરોક્ત કોઠો જોતાં ખ્યાલ આવે છે કે ભાતખાઇ ગામમાં વસતાં કુટુંબો પાસે ખેતી માટેની જમીન, ઝાડ, પશુધન, ખેતીનાં સાધનો અને ઘરવખરીમાં સંખ્યામાં અને કિંમતમાં વધારો થયો છે. તેમાં પણ પશુધન અને ખેતી માટેનાં સાધનો તેમની પાસે પહેલાં (૧૯૭૯) કરતાં બમણાં થયાં છે. જો કે એ હકીકત ધ્યાન ખેંચે છે કે તેમનાં ઘરેણાં ઓછાં થયાં છે. કાંતો વેપારીને ત્યાં જતાં રહ્યાં છે. એકંદર કુટુંબદીઠ અસ્કયામતમાં ૧૯૬૯ કરતાં ૧૯૮૯માં ચારગણો વધારો થયો છે. જ્યારે ૧૯૭૯ કરતાં દોઢ ગણો વધારો થયો છે.

શિક્ષણ :

માંડવી તાલુકામાં ૩૩.૭૦% શિક્ષણ છે. એ રીતે આદિવાસી વસ્તી ધરાવતા તાલુકામાં આ શિક્ષણની ટકાવારી ઠીક છે, તેમ કહી શકાય. જયારે ભાતખાઇ ગામમાં ૧૯૮૧ ની વસ્તી ગણતરી મુજબ ૧૦.૪૫% સાક્ષરતાનું પ્રમાણ હતું. આમાં પણ સ્ત્રીઓની સાક્ષરતાની ટકાવારી માત્ર ૪.૬૬% હતી. આ તો સાક્ષરતાની વાત છે. આમાંથી કેટલા પ્રાથમિક શિક્ષણ પૂરું કરે છે અને આગળ અભ્યાસ કરે છે તેવાની સંખ્યા તો નહીંવત છે.

શિક્ષણ ન હોવા પાછળનાં કારણોમાં મજૂરીકામ, નાનાં બાળકોની સંભાળ, વાલીઓની ઉદાસીનતા વગેરે છે.

શિક્ષણ માટે જે ખર્ચ કરવામાં આવે છે તેને જોતાં છેલ્લાં દસ વર્ષમાં (૧૯૭૯થી) ભાતખાઇ ગામમાં શિક્ષણમાં બહુ પ્રગતિ થઇ છે તેમ કહી શકાય નહીં. જેની વધુ વિગતો નીચેના ચિત્રથી જોઇ શકાશે.

નમૂનાનાં કુટુંબોની શૈક્ષણિક માહિતી ( ૧૯૭૯ અને ૧૯૮૯)

| વિગત | સભ્ય સંખ્યા ૧૯૭૯ | ટકા | સભ્ય સંખ્યા ૧૯૮૯ | ટકા |
|---|---|---|---|---|
| ભણેલા | ૫૭ | ૧૫.૬ | ૭૫ | ૨૯.૯ |
| અભણ | ૨૬૮ | ૭૩.૪ | ૧૩૪ | ૫૩.૪ |
| પાંચ વર્ષથી નીચેના | ૪૦ | ૧૧.૦ | ૪૨ | ૧૬.૭ |
| કુલ | ૩૬૫ | ૧૦૦.૦૦ | ૨૫૧ | ૧૦૦.૦૦ |

તુલનાત્મક સ્થિતિ :

આગળ ૧૯૮૯નો અભ્યાસ કરી અને ૧૯૬૯ અને ૧૯૭૯ કરતાં ૧૯૮૯માં કેવા ફેરફારો થયા છે તેની વિગતે ચર્ચા કરી છે. અહીં ખૂબ જ ટૂંકમાં ત્રણે અભ્યાસોના આંકડા મૂકયા છે. જેથી કયાં કેવા ફેરફારો થયા છે તે જાણી શકાય.

## તુલનાત્મક સ્થિતિ :

| ક્રમ | વિગત | ૧૯૬૯ | ૧૯૭૯ | ૧૯૮૯ |
|---|---|---|---|---|
| ૧. | કુલ કુટુંબ સંખ્યા | ૪૭ | ૪૭ | ૩૫ |
| ૨. | કુલ સભ્ય સંખ્યા | ૩૦૭ | ૩૬૫ | ૨૫૧ |
| ૩. | કુટુંબનું સરેરાશ કદ | ૬.૫ | ૭.૮ | ૭.૦ |
| ૪. | મકાન (અ) કાચું | ૪૭ | ૪૬ | ૩૫ |
| | (બ) પાકું | - | ૧ | - |
| ૫. | મુખ્ય ધંધો | ખેતી | ખેતી | ખેતી |
| ૬. | ઘરવખરી (વાસણો, ફરનીચર સહિત સંખ્યા) | ૫૩૧ | ૯૨૭ | ૧૭૦૫ |
| ૭. | કુટુંબદીઠ ઘરવખરી | ૧૧.૩ | ૧૯.૭ | ૪૮.૭ |
| ૮. | પશુધન | ૩૪૬ | ૩૩૯ | ૨૮૭ |
| ૯. | ખેતીનાં સાધનો | | | |
| | (કૂવા) | ૧૩ | ૧૦ | ૭ |
| | (ગાડા) | ૧૪ | ૧૯ | ૧૬ |
| | (ઓઈલ એન્જીન | - | ૧ | ૧ |
| ૧૦. | કુલ જમીન (એકરમાં) | ૨૪૭.૧૪ | ૨૩૧.૩૪ | ૧૬૩.૩૪ |
| ૧૧. | કુટુંબદીઠ જમીન | ૫.૩ | ૪.૯ | ૪.૭ |
| ૧૨. | કુટુંબદીઠ કુલ આવક | ૧૨૧૧.૫ | ૧૭૪૬.૬ | ૧૧૫૫૨.૩ |
| ૧૩. | માથાદીઠ વાર્ષિક આવક | ૧૮૫.૫ | ૨૨૪.૯ | ૧૬૧૦.૯ |
| ૧૪. | કુટુંબદીઠ કુલ વપરાશી ખર્ચ | ૧૦૯૧.૬ | ૨૫૭૪.૭ | ૯૩૦૭.૪ |
| ૧૫. | માથાદીઠ વાર્ષિક ખર્ચ | ૧૬૭.૧ | ૩૩૧.૫ | ૧૨૯૭.૮ |
| ૧૬. | માથાદીઠ માસિક ખર્ચ | ૧૩.૯ | ૨૭.૬ | ૧૦૮.૧૫ |
| ૧૭. | કુટુંબદીઠ અસ્કયામત | ૮૩૮૧.૭ | ૨૦૭૮૩.૪ | ૩૫૦૦૬.૨ |
| ૧૮. | કુટુંબદીઠ દેવું | ૬૯.૯ | ૫૯૨.૦ | ૧૦૯૪.૩ |
| ૧૯. | શિક્ષણ - ભણેલા | - | ૫૭(૧૫.૬) | ૭૫(૨૯.૯) |
| | અભણ | - | ૨૬૮(૭૩.૪) | ૧૩૪(૫૩.૪) |
| | પાંચ વર્ષથી નીચેનાં | - | ૪૦(૧૧.૦) | ૪૨(૧૬.૭) |

...

## અભ્યાસ આધારિત પ્રશ્નો, તારણો અને સૂચનો

૧૯૮૯માં ભાતખાઈ ગામની પુનઃતપાસ કરી (પહેલી તપાસ ૧૯૬૯ અને બીજી તપાસ ૧૯૭૯માં કરી હતી.) તપાસ દરમિયાન પ્રશાસનમાં કામ કરતા અધિકારીઓ, ગામના રાજકીય અને સામાજિક સેવાના કામમાં પડેલા આગેવાનો, કુળગોરો, [illegible] કુટુંબના વડાઓ અને અભ્યાસ દરમિયાન અવલોકન દ્વારા જે કંઈ પ્રશ્નો જોવા અને જાણવા મળ્યા તેને અહીં બે ભાગમાં વહેંચ્યા છે. ગામના પ્રશ્નો અને તપાસમાં આવરી લીધેલા કુટુંબના પ્રશ્નો.

### અ. ગામના પ્રશ્નો :

આ પ્રશ્નોમાં પાણીની સુવિધા અને બીજા કેટલાક પ્રશ્નો છે.

૧. પીવાનું પાણી : પીવાના પાણી માટે ત્રણ ચાર કૂવા છે. તેમાંથી લોકો પીવા માટેનું પાણી ભરે છે. પાણી માટે બહુ વિકટ સ્થિતિ નથી. પરંતુ ઉનાળામાં કયારેક આવદા પડે છે.

પાણી સફાઈની વાત કરીએ તો પીવાના પાણી માટેના જે કૂવા છે તે ખુલ્લા છે. આથી અંદર કચરો વગેરે બહુ પડે છે. ચોખ્ખાઈ જળવાતી નથી. આને લઈને લોકોને ચોખ્ખું પાણી મળવું જોઈએ તે મળી શકતું નથી.

વળી આદિવાસી વસવાટના ફળિયાનું અંતર એક બીજાથી દૂર છે. આથી અમુક ફળિયાના લોકોને લાંબા અંતર સુધી પાણી લેવા જવું પડે છે.

૨. શાળાનું મકાન (નિશાળ): શાળાનું મકાન ગામમાં નિશાળ ફળિયા તરીકે ઓળખાતા વિસ્તારમાં છે. આ ફળિયા બીજા કેટલાક ફળિયાથી દૂર છે. આથી ધોરણ ૧માં ભણતા બાળકે આશરે ૧ કિ.મી.થી વધુ ચાલીને આવવું-જવું પડે છે. તેમાં પણ ગામની રચના જોતાં ખાડા ટેકરાને લઈને ચોમાસામાં પાણી ભરાય છે. આને લઈને બાળકોની નિયમિત હાજરી રહેતી નથી. ચોમાસા સિવાય પણ વધુ અંતરને લઈને બાળકને શાળાએ જતાં આળસ વગેરે થાય છે.

વળી ગામમાં માત્ર ૧થી ૪ ધોરણની શાળા જ છે. તેથી વધુ અભ્યાસ માટે બીજા ગામે જવું પડે છે. આ સિવાય આંગણવાડી, બાલવાડી, પ્રૌઢશિક્ષણ કે અન્ય કોઇ શૈક્ષણિક વર્ગો ચાલતા નથી.

૩. રસ્તો : ગામથી એકાદ કિ.મી.નાં અંતરે માંડવી ઉકાઇ પાકો રસ્તો છે. પરંતુ પાકા રસ્તા પરથી ગામમાં આવવા માટે જે રસ્તો છે તે એટલો બધો બિસ્માર છે કે ત્યાંથી ચાલી જ ન શકાય. અને તેમાં પણ ચોમાસામાં તો કોઇના ખેતરો ખુંદીને ગામમાં જવાય છે. જેનો અનુભવ અમને પ્રત્યક્ષ રીતે સર્વેક્ષણ દરમિયાન થયો. જયારે માણસોને જ ચાલવું મુશ્કેલ બને છે ત્યારે વાહનોની તો વાત કયાં કરવી. આને લઇને કોઇ ને બિમારી હોય કે, અન્ય સારા માઠા પ્રસંગે ઘણી જ આપદા પડે છે. એટલે ગામ માટે રસ્તાનો પ્રશ્ન ઘણો જ વિકટ અને ઉકેલ માગે તેવો છે.

૪. સસ્તા અનાજની દુકાન : ગામની ૭૦૦ ઉપરની વસ્તી (૧૯૮૧ પ્રમાણે) હોવા છતાં ગામને સસ્તા અનાજની દુકાનનો લાભ નથી મળ્યો. અને આ માટે તેઓને રોજીંદો વ્યવહાર જે આજુબાજુનાં ગામો કે માંડવી છે ત્યાં નહીં ત્યું કાકરાપાર છે. જે ગામ લોકો માટે તદ્દન ઉંધી દિશા છે. તો આના સ્થાને માંડવી કે અન્ય તેઓને અનુકૂળ હોય ત્યાં આ દુકાનો હોય તો કુટુંબો લાભ મેળવી શકે. ગામ લોકોની સામુહિક ફરિયાદ હતી કે દુકાન ખોલવા કે બંધ કરવા માટે અઠવાડિયામાં કયા દિવસે ખુલે અને કયા દિવસે બંધ તેની કોઇ નિશ્ચિતતા જ નથી. અને આને લઇને કટલીકવાર ચાર પાંચ ધક્કા ખાય ત્યારે અનાજ, ખાંડ અને તેલ મળી શકે છે. આમ અત્યારે તો તેઓ માટે આ દુકાનનો લાભ મેળવવો મુશ્કેલ છે.

(બ) આદિવાસી કુટુંબોના પ્રશ્નો :

અભ્યાસ આધારે તેઓના જે કંઇ પ્રશ્નો જાણવા મળ્યા તેમાં :-

(૧) ખેતીની જમીન : ગામમાં વસતાં લગભગ બધાં જ ચૌધરી કુટુંબો પાસે વત્તા ઓછા પ્રમાણમાં જમીન છે. એમાંથી કેટલાકને જમીન ઢોળાવ અને ટેકરાવાળી છે, જેથી જમીનનું ધોવાણ વધુ થાય છે. આથી જમીન સુધારણાના કાર્યક્રમ અન્વયે જમીન સમતળ કરવી, પાળા બાંધવા વગેરે કરવું જોઇએ.

(૨) સિંચાઇ : ખેતી અંગે સંકળાયેલી અગત્યની બાબત સિંચાઇ છે. ગામમાં ખેતી માટેની જે જમીન છે તેમાંથી અર્ધા ઉપરાંતની જમીનને સુખીગામ સિંચાઇ યોજના નીચે લાભ મળે છે. જ્યારે બાકીની જમીનને સિંચાઇ અંગેનો લાભ મળતો નથી. જે સિંચિત વિસ્તાર છે તેમાંથી ઝડપી વધુ પાકો લઇ શકાય છે અને તેનાં સારાં પરિણામો પણ આવ્યા છે. જે આગળ દર્શાવ્યું છે તો બાકીનો જે વિસ્તાર તેને માટે સિંચાઇની સુવિધા થાય તેમ થવું જોઇએ.

(૩) વીજળી : ભાતખાઇ ગામને વીજળીનો લાભ મળ્યો છે. એવું દેખાયું કે ગામમાં જે જાહેર થાંભલા નાખવામાં આવ્યા છે તે ગામના વિસ્તારને જોતાં ઓછા હોય તેવું દેખાય છે. ગામનાં મોટા ભાગનાં કુટુંબોએ પોતાને ત્યાં વીજળી જોડાણ લીધું છે તે માટે જરૂરી વિધિ પૂરી કરી છે પરંતુ સર્વેક્ષિત કુટુંબો અને તે સિવાયના બીજાં/કુટુંબોની આર્થિક સ્થિતિ સારી નહીં હોવાથી પોતના ખર્ચે વીજળીનું જોડાણ લઇ શકે તેમ નથી. તો આવાં કુટુંબોને સરકારી યોજના દ્વારા આ લાભ અપાવવો જોઇએ.

(૪) શિક્ષણ : પ્રકરણ ૧ માં રાજ્યમાં, જિલ્લામાં, તાલુકામાં અને ભાતખાઇ ગામમાં સાક્ષરતાની માત્રા કેટલી છે તેના આંકડા (ટકા) મૂક્યા છે તે જોવાથી ખ્યાલ આવે છે કે ગામમાં શિક્ષણ કેટલું ઓછું છે. સર્વેક્ષણ દરમિયાન નિશાળમાંથી આંકડા મેળવ્યા તો ખ્યાલ આવ્યો કે જે બાળકોની ઉંમર શિક્ષણ લેવાની છે તેમાંથી કેટલાંય બાળકો શાળાએ જતાં નથી. જે જાય છે તેમાંથી કેટલા આગળ જશે તે પણ વિચારવાનું રહ્યું. શિક્ષણ જાગૃતિ માટે સઘન પ્રયાસો થાય તે જરૂરી છે.

તારણો :

(૧) ભાતખાઇ ગામમાં બધાં જ કુટુંબો ચૌધરી આદિવાસીઓનાં છે.

(૨) ગામમાં રહેતાં કુટુંબોને ઉનાળામાં પીવાના પાણીની તકલીફ રહે છે. હાલમાં પણ ચોખ્ખું પાણી મળે તેવું નથી.

(૩) ૧૯૬૯ અને ૧૯૭૯ કરતાં આદિવાસી કુટુંબોની અસ્કયામતો, આવક, ખર્ચ વગેરે વધ્યાં છે. મતલબ કે તેમનું જીવનધોરણ ઊંચે આવ્યું છે.

(૪) ગામ પાસેથી પાકો રસ્તો થવાથી લોકો બહાર ગામ નોકરી કે મજૂરીના કામે સરળતાથી આવી જઇ શકે છે.

(૫) ગામમાં સિંચાઇનો લાભ મળવાથી ખેડૂતો ખેતીમાંથી વધુ ઉત્પાદન મેળવી વધુ પાકો અને વધુ આવક મેળવતા થયા છે.

(૬) પશુધન (દૂધાળાં ઢોર)ને લઇને ગામના કુટુંબોનું આવકનું સ્તર ઊંચું ગયું છે.

(૭) આ બધાને લઇને તેઓની ઘરવખરી, સાયકલ, ઘડિયાળ, રેડિયો, મોટર સાયકલ (એક કુટુંબને) વગેરેનું પ્રમાણ વધ્યું છે.

(૮) ગામનો વસવાટ અને વિસ્તાર પ્રમાણે વીજળીના થાંભલા પૂરતા નથી.

(૯) શિક્ષણ લેવાનું પ્રમાણ જોતાં સ્થિતિ સારી નથી (કન્યા) આ માટે વાલીઓની જાગૃતિ ઓછી જણાય છે.

(૧૦) ખેતી માટેનાં સાધનો અપૂરતાં અને પ્રાથમિક કક્ષાનાં છે.

(૧૧) ખેતી કરતાં કુટુંબોને સમયસર અને નિયમીત કિટસ વગેરેનો લાભ મળતો નથી.

સૂચનો :

ભાતબાઈ ગામનો પ્રથમ અભ્યાસ ૧૯૬૯માં હાથ ધરવામાં આવ્યો હતો. ત્યારબાદ ૧૯૭૯માં અને ૧૯૮૯માં તેની પુનઃતપાસ કરી હતી. ત્રણે તપાસ વખતે જે કોઇ આંકડાકીય માહિતી મળી તેની તુલનાત્મક સ્થિતિની વિગતો આગળ પ્રકરણ ૬ માં આપી છે તે જોતાં તેઓમાં આર્થિક રીતે તો ઘણું જ પરિવર્તન આવ્યું છે તેમ કહી શકાય. આ પરિવર્તનો માટે મુખ્યત્વે ત્રણ પરિબળો જાણવા મળ્યાં છે. (૧) ગામ પાસેથી પાકો રસ્તો થવાથી છોકરા હિરા ઘસવા આવ જા કરી શકે છે (૨) ગામની ખેતીને સિંચાઇનો લાભ મળવાથી ખેતીમાંથી વધુ ઉત્પાદન મેળવી શકતા થયા છે. અને (૩) પશુધનને લઇને તેઓની પૂરક આવક પણ વધી ગઇ છે. આમ તેઓમાં આંકડાકીય રીતે અને નિરીક્ષણ દ્વારા પણ જણાયું કે પરિવર્તન આવ્યું છે અને તે ઘણું જ છે. આને લઇને પાયાની સુવિધામાં ખોરાક, પોશાક, રહેઠાણ, જીવનધોરણ વગેરેમાં ફેરફારો થયા છે.

આમ છતાં આગળ જણાવ્યા મુજબ તેઓના કેટલાક પ્રશ્નો છે એના ઉકેલ માટે અહીં કેટલાક સૂચનો મૂકયાં છે.

૧. ગામનાં કુટુંબોનો મુખ્ય વ્યવસાય ખેતી છે. અને ખેતી માટે જરૂરી છે સિંચાઈની સગવડ ગામના અડધા ઉપરાંત કુટુંબોને આ લાભ મળ્યો છે જેને નથી મળ્યો તેને માટે કંઈક કરવું જોઈએ. કેમકે તેઓ સાથે વાતચીત કરતાં જણાયું કે જેને લાભ મળ્યો છે તેને સારસારીથી મળ્યો છે (જો કે એવું કંઈ નથી) અને અમોને જાણીજોઈને રાખ્યા. પરંતુ ગામનાં જે કુટુંબોને સિંચાઈનો લાભ મળ્યો છે તેઓ ખેતીમાંથી સારું ઉત્પાદન મેળવે છે તો તેને નજરમાં રાખી બાકીના ખેડૂતોને આ લાભ મળે તેવું કંઈ કરવું જોઈએ.

૨. ખેતી માટે સરકારશ્રી તરફથી બિયારણ અને દવા વગર અપાય છે. પરંતુ તે કયારેક મોડાં પહોંચે છે. જેથી ખેડૂતો લાભ લઈ શકતા નથી. અથી ચોમાસા પહેલાં જ ખેડૂતોને બિયારણ મળી જાય તેવી વ્યવસ્થા થવી જોઈએ.

૩. અભ્યાસ પરથી દેખાયું છે કે બાતળાઈ ગામનાં દૂધાળાં ઢોરથી આદિવાસી કુટુંબોને ઘણો જ ફાયદો થયો છે. આને ધ્યાનમાં લઈ જે જે કુટુંબોને વધુ દૂધાળાં ઢોરની જરૂરિયાત હોય તેને અપાવવાં જોઈએ.

૪. શિક્ષણાભિમુખ કરવા માટે જુદાં જુદાં પગલાં લેવાં જોઈએ. જેમાં (૧) તેઓને શિક્ષણનું મહત્ત્વ સમજાવવું જોઈએ. (૨) શિક્ષણ જાગૃતિ માટે અભિયાન ચલાવવું જોઈએ. (૩) ઓછામાં ઓછું પ્રાથમિક શિક્ષણ (ધો. ૧થી ૭) ગામમાં જ મળી રહે તેવી વ્યવસ્થા થવી જોઈએ. (૪) બાળકો શિક્ષણ લેવા તરફ આકર્ષાય તે માટે પ્રથમ બાલવાડી જરૂરી છે. (૫) પ્રાથમિક શિક્ષણથી આગળ જવા માટે જરૂરી છાત્રાલયો જોઈએ. (૬) પ્રાથમિક શાળાના સ્થાને અમુક ગામોનું સંકુલ બનાવી ત્યાં આશ્રમશાળા કરવી જોઈએ.

...